FULL NOTES ON HISTORY of INDIA

Third Edition

L. R. Shukul
&
M. N. Nanavatty
BROACH



Price Rs. 0-4-6

हिंदुस्तानना इतिहासनी पूर्ण नोट

ઘણાજ વધારા સુધારા સાથે

અંગ્રેજી નિશાળોના પેહેલા, બીજા તથા ત્રીજા ધોરણ;

ગુજરાતી શાળાના ચોથા, પાંચમાં ને છઠ્ઠા;

ટ્રેનીંગ કાલેજો તથા સર્વે પરિક્ષા માટે.

ઘણાજ અંગ્રેજીને ગુજરાતી ઇતિહાસોને આધારે

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

ઉમિયાશંકર રતનેશ્વર શુકલ.

તથા

માણેકલાલ નરોતમદાસ નાણાવટી.

"શિવાજી" ઇત્યાદિના કર્તા.

લોક હિતેચ્છુ સભાની અંગ્રેજી સ્કુલના માસ્તરો

ભરૂચ.

ભરૂચ "પ્રીન્સ ઓફ વેલ્સ" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

ઇ. સ. ૧૮૯૬ મે   સંવત ૧૯૫૨ પ્રથમ ૭૦૮

કીંમત સાડાચાર આના

ADVERTISEMENTS.

બાળ મિત્રના મીનીંગ—અંગ્રેજી ત્રીજા ધોરણના તથા ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓ માટે નવા ગુજરાતી બાળમિત્રના પાના પ્રમાણે તમામ મીનીંગો, અર્થો, વ્યુત્પત્તિ, વ્યાકરણ સંધી સાથે લીધેલા છે કે છોકરાને લેસન કરતા ઘણું સુગમ પડે છે. કીંમત **અઢી આના.**

અભિમન્યુ આખ્યાન તથા મીનીંગ ગુજરાતી કાવ્યદોહનમાંની અભિમન્યુની પ્રથમ કવીતા, અને પછી મીનીંગ ઘણાજ સાદા અને સરલ ઉપર મુજબના છે. કીંમત **એક આનો.**

ડાયરી—અંગ્લો વર્નેકયુલર અને ગુજરાતી સ્કુલો માટે જુદી જુદી-દરેક ધોરણમાં ચાલતા વિષયો લઇ નંબર પુરવાના ૨૫ ખાનાવાલી, રૂલ કરેલી મહીનાના રજીષ્ટર જેવી છે. એમાં દરરોજના નંબર અથવા માર્ક, કલાસમાંનું ને છોકરાનું નામ, હાજરી, અભ્યાસ, વર્તણુક, માસ્તરનો દરેક વિષયનો માસીક રીપોર્ટ, અને છોકરાના ઘેરના અભ્યાસનું તેના બાપ અગર વાલીનું ખાત્રી પત્રક વાળું આખા વરસ સુધી ચાલે એવું રજીષ્ટર, એ જોવાથી ખાત્રી થશે. કીંમત દરેકના **બે આના.**

આ સર્વ ચોપડીઓપર ઘણું સારૂં કમીશન આપવામાં આવશે. નમુના નકલ અર્ધી કીંમતે. કમીશનનો બંદોબસ્ત નીચલે સરનામે. આ ઉપરાંત શાળોપયોગી અંગ્રેજી ગુજરાતી સર્વ ચોપડીઓ અમારી પાસેથી મલશે.

ભરૂચ—લક્ષ્મીશંકર રતનેશ્વર શુકલ-લલુભાઇનું ચકલું.

માણેકલાલ એન. નાણાવટી.

"શિવાજી" ના કર્તા—**ભરૂચ.**

૬૩૭૫

हिंदुस्तानना इतिहासनी पूर्ण नोट

પ્રકરણ ૧ લું.

હિંદુસ્તાનનું વર્ણન તથા વિસ્તાર—હિંદુસ્તાનની ઉત્તરે હિમાલય પર્વત છે; પુર્વે બંગાળી ઉપસાગર તથા બ્રિટીશ બ્રહ્મદેશ છે; દક્ષિણે હિંદી મહાસાગર તથા પશ્ચિમે હિંદી મહાસાગર, અરબી સમુદ્ર અને બલુચિસ્તાન તથા અફગાનિસ્તાન છે. હિંદુસ્તાનનો વિસ્તાર આઠથી છત્રીશ અક્ષાંસ લગી છે, અને રાજધાની કલકત્તા ૮૮ પુર્વ રેખાંશ પર છે. હિંદની ઉત્તર દક્ષિણ લંબાઇ ૧૮૦૦ મૈલ કરતાં વધારે અને પુર્વ પશ્ચિમ પહોલાઇ ૧૫૦૦ મૈલ છે. ક્ષેત્રફળ લગભગ ૧૫ લાખ ચોરસ મૈલ છે, અને વસ્તી આશરે ૨૮॥ કરોડ માણસની છે. એના ત્રણ પ્રદેશછે. ૧ હિમાલયનો પ્રદેશ—૨—નદીઓનો પ્રદેશ—૩—દક્ષિણ હિંદનો ઊંચો પ્રદેશ. હિંદમાં બે પ્રકારના મુલકો છે, બ્રિટીશ રાજના પ્રાંતો ને દેશી રાજ્યો. હિંદનો ભાગ $\frac{૨}{૩}$ બ્રિટીશ રાજ્યમાં છે, ને તેની વસ્તી ૨૨ કરોડ ૫લાખછે; $\frac{૧}{૨}$ ભાગમાં દેશી રાજા નેબીજારાજ કરેછે, ને તેની વસ્તી ૬ કરોડ ૫૫ લાખ છે. હિમાલયના પ્રદેશમાંથી સિંધુ, સતલજ, ગંગા, બ્રહ્મપુત્રા વગેરે નદી નીકળે છે, અને જવ, બાજરી, કોયલા, ઇમારતી લાકડાં થાય છે. નદીનો પ્રદેશ—બંગાળા અખાતથી અરબી સમુદ્ર સુધી છે, તેમાં ડાંગર, બાજરી, ચોખા, રૂ, તંબાકુ, ચા, અફીણ, ગળી, નાળીએરી થાય છે. દક્ષિણનો પ્રદેશ—એમાંથી ઘઉં, રૂ, સોનું, ત્રાંબુ, લોઢું, બાજરી, ચોખા થાય છે.

પ્રકરણ ૨ જું.

અનાર્ય લોક—હિંદમાં બે જાતના લોક વસતા હતા—૧—અનાર્ય એટલે મુલ વતની કે ભુમિયા ને—૨—આર્ય કે સંસ્કૃત ભાષા બોલનારા. અનાર્ય લોકને અક્ષર ગ્નાન ન હોવાથી તેમણે લેખ કે હકીકત કોતરી કે લખી રાખી નથી. તેઓ મડદાંને દાટતા, સોના તથા ત્રાંબાના ઘરેણાં પહેરતાં ને પથ્થરના હથીઆરોથી વઢતાં. આર્ય લોક તેમને દૈત્ય કહેતા.

આન્ડામાન બેટના અનાર્ય—એ લોક જંગલી સ્થિતિમાં હતા; ઇ. સ. ૧૮૫૫ સુધી તેઓ નાગાં ફરતાં, માણસના માંસનો ભક્ષ કરતા, જન્મતા પહેલાં છોકરાંનાં નામ પાડતાં.

મદ્રાસના ડુંગરી લોક—એમાં પુલીઆર નામે લાંબા વાળવાળા જંગલી દેખાવના લોક ઉંદર અને બીજા જનાવરોનો આહાર કરેછે, ને દૈત્યોને પુજેછે. સુંદર નામે જાત કોતરમાં રહે છે. કદર નામે જાત જાડા હોઠ અને નાના શરીરવાળી છે. નેર નામે જાતની સ્ત્રીને ઘણા ધણી હોય છે અને વારસો બેનના છોકરાને મળે છે.

મધ્ય પ્રાંતના અનાર્ય—એમાં ગાંડ જાત સુધરેલી છે ને શિકારથી ગુજરાન ચલાવે છે, અને ભારી જાત શરમાલ ને અજાણ્યાને દેખી નાશી જાય છે ને ઘાસના ઝુંપડામાં રહે છે.

ઓઢીઆમાં પાંદડાં પહેરનાર અનાર્ય—આ જાત ૨૫ વરસ પહેલાં નાગી ફરતી ને કેડે મણકાની માલા બાંધી આગળ પાછળ પાંદડાંનો ઝુમખો રાખતી.

હિમાયલના અનાર્ય-લુટફાટ કરી પોતાનું ગુજરાન ચલાવતા.

સંતાળ લોકો—બંગાળામાં ગંગાના પ્રદેશને સીમાડે ડુંગરાઆમાં વસે છે. એમનામાં દરેક ગામનો વહીવટ મુખી કરે છે ને તેના

હાથ નીચે એક મદદગાર હોયછે ને તેની સાથે એક પગી કે ચોકીદાર હોય છે. તેઓ પ્રદેશો લુંટી પોતાનું ગુજરાન કરેછે. એમનામાં ગુનો કરનારને જાત બહારકાઢે છે, અને ભારે ગુનો કરનારને ગામમાં આગ પાણીની બંધી કરી જંગલમાં એકલો કાઢી મુકે છે. તેઓ પોતાના મડદાંની ક્રિયા કરીને બાલીને માથાની ખોપરીના ત્રણ કડકા કરી દામોદર નદીમાં નાંખે છે. હાલ તેઓ બ્રિટીશ અધિકારીની દેખરેખ નીચે આબાદીમાં છે.

કંધ લોકો—કંધ એટલે પર્વતવાસી. આ જાત ઓરિસ્સાને કાંઠ પહાડમાં વસે છે. રાજ વહીવટ સત્તા પોતાના વડીલોના હાથમાં રાખે છે. કંધ લોકોમાં ખુનીને ખુનથી વેર વાળવાનો ધારો છે. ઉજાણી કે નાતવરામાં બળાત્કારે કન્યા લઇ જવી એ તેમનું લગ્ન છે. એમનો મુખ્ય દેવ ભુદેવ કે પૃથ્વી દેવ છે. વાવણી કરતી વખતે એક માણસનું બલીદાન એ ભુદેવને આપતા. એ લોક ઇ. સ. ૧૮૩૫ પછી બ્રિટીશ રાજના એ લોકમાં અમલ પછી એ બધું મુકી દીધું છે. હાલ તેઓ આબાદ છે.

પ્રકરણ ૩ જું.

આર્ય લોક—પ્રતાપી આર્ય કે ઇન્ડો જર્મનીક કુળ જેમાં બ્રાહ્મણ, રજપુત, અંગ્રેજ એ બધા છે, તેમનો મુલ વાસ મધ્ય એશીઆમાં હતો. એની કેટલીક શાખા પશ્ચિમ દિશામાં ગઇ, તેમાંની એકે પારસી રાજ્ય સ્થાપ્યું; બીજીએ આથેન્સ અને સ્પાર્ટા વસાવ્યા ને ગ્રીક પ્રજા બની; કેટલીક સ્પેન તથા ઇંગ્લાંડ તરફ ગઇ; ને કેટલીક હિમાલય પર્વતમાં પેસી પંજાબમાં પેઠી, અને હિંદમાં પ્રસરી. યુરોપની, હિંદની, ઇરાન વગેરેની ભાષા પ્રથમ એકજ બોલીમાંથી નીકળેલી જણાય છે. ઉદાહરણ—સંસ્કૃત માતૃ, ગુજરાતી મા, અંગ્રેજી મધર

કે મેટર, ને ફારસી માદર; તે પ્રમાણે ભાઈ, બેન, બાપ, દીકરી વીગેરે માટે છે. આર્યલોક પ્રથમ પંજાબમાં વસ્યા, તેમનું મોટું પુસ્તક ઋગવેદ છે એમાં ૧૦૧૭ સુકતો છે, અને તેમાં ૧૦૫૮૦ મંત્રો છે. પછીથી બીજા ત્રણ વેદ શામવેદ, યજુર્વેદ અને અથર્વવેદછે. ધીમે ધીમે બ્રાહ્મણ જાતી થઇ, તેમના મુખ્ય દેવ (૧) બ્રહ્મા—સરજાવનાર (૨) વિષ્ણુ—પાળનાર (૩) શિવ—સંહારનારછે. ધીમે ધીમે તેમના ચાર વર્ગો પડયા. (૧) બ્રાહ્મણ. જે લોક વેદ પાઠ કરતા ને ક્રિયા કામ કરતા (૨) ક્ષત્રી અનાર્યને જીતી આર્યનું રક્ષણ કરતા (૩) વૈસ્ય ખેતી કરતા (૪) શુદ્ર તે-જીતાયલા અનાર્ય લોક હતા, જે ગુલામનું કામ કરતા. એમના ચાર આશ્રમછે (૧) બ્રહ્મચર્ય આશ્રમ એટલે ધર્મગુરૂ પાસે રહી અભ્યાસ કરવો ને ગુરૂની સેવા કરવી (૨) ગૃહસ્થાશ્રમ. પરણી છોકરાં ઉછેરી સંસારી કામ કરવા (૩) વાનપ્રસ્થાશ્રમ એટલે વનમાં જઇ ઇશ્વર ભકિત કરવી (૪) સન્યસ્ત એટલે સંસારનો ત્યાગ કરી જે મળે તે ખાવું. બ્રાહ્મણોના ત્રણ કાયદા પુસ્તકછે (૧) ગૃહસુત્ર (૨) મનુસ્મૃતિ ને (૩) યાજ્ઞવલ્કય સ્મૃતિ. આર્ય શુરવીરોના ચરિત્રો વીરરસ કાવ્યોમાં બનાવ્યા છે.

પ્રકરણ ૪ થું.

માહાભારત—એનો આરંભ ઇ. સ. પુ. ૧૨૦૦ પેહેલાં છે. એમાં ૨૨૦૦૦૦ લીટીઓછે. ચંદ્રવંશી રાજા **પાંડુ** અને **ધૃતરાષ્ટ્ર** બે ભાઇ હતા. ધૃતરાષ્ટ્ર આંધળો હતો તેને ૧૦૦ દીકરા હતા તેમાં મોટો દુર્યોધન હતો. **પાંડુ**ને **યુધિષ્ઠિર**, **અર્જુન**, **ભીમ**, **નીકુલ**, ને **સહદેવ** નામે પાંચ દીકરા હતા. **પાંડુ** રાજાના મરણ પછી **ધૃતરાષ્ટ્રે** તેના પાંચે છોકરાને ઉછેરી ભણાવી મોટા છોકરાને રાજ્ય સોંપ્યું તેથી કૌરવ નાખુશ થયા ને ઇ. સ. પુ. ૧૦૦૦ માં **પાણીપત**ના મેદાનમાં લડાઇ

યઇ જેમાં પાંડવોનો જય થયો, આ લડાઇમાં ઘણાક મિત્રોને મદદગારો માર્યા ગયા તેથી ખેદ પામી અર્જુનના પૌત્ર પરિક્ષતને રાજ સોંપી હિમાલય જઇ પરલોક પામ્યા. આ વીરરસ કાવ્ય રચનાર **વ્યાસ** મુનિ હતા.

રામાયણ—જનક રાજાને **સીતા** નામે એક સુંદર ગુણવાન કુંવરી હતી. તેને લાયક ભરથાર ન મળવાથી રાજાએ એક ભારે ધનુષ્ય જે ફરસુરામ લાવ્યા હતા તેની સાથે **સીતા**ને ખેલતાં જોઈ પણ લીધું કેજે કોઈ આ ધનુષ્ય ઉઠાવી લઇ ભાંગશે તેને **સીતા** પરણશે. એ માટે સ્વયંવર રચી દેશેદેશના રાજા બોલાવ્યા; બધા ઉઠાવવા ગયા પણ હાલ્યું નહિ; આખરે સુર્યવંશી **અયોદ્ધાના** રાજા **દશરથના** કુંવર **રામચંદ્રે** તે ઉઠાવી તેના કકડા કર્યા, તેથી **સીતા** પરણી. **દશરથ** રાજા ઘરડો થવા આવ્યાથી વડા કુંવર **રામને** રાજ્ય સોંપતાં ત્રીજી રાણી કૈકેને અદેખાઈ આવી ને તેના પુત્ર **ભરતને** રાજગાદી અપાવી **રામને** વનવાસ લેવાડયો. **રામ, લક્ષ્મણ** ને **સીતા** નીકલ્યા. રસ્તામાં **સીતા**ને લંકાનો રાજા **રાવણ** હરીગયો, તેનો હનુંમાન, વાલી વીગેરે વાંદરોની સૈન્યની સહાયતાથી નાશકરી વિભિષણને ગાદી આપી. પછી અયોધ્યા આવી ઘણા વરસ રાજ્ય કર્યું. આ કાવ્ય **વાલ્મિક** રૂષીએ બનાવ્યુંછે.

શકુંતલા—એટલે 'ખોવાયલી વીંટી'. ચંદ્રવંશનો દુષ્યંત નામે રાજા હતો, તે શિકારગાહે કણ્વ ઋષીના આશ્રમમાં શકુંતલા નામે કન્યા સાથે પરણ્યો, ને નિશાની દાખલ વીંટી આપી. શકુંતલાથી બ્રાહ્મણના શ્રાપને લીધે વીંટી ખોવાઈ ગઈ, તે વીંટી દરીઆનો મચ્છ ગળી ગયો, તે મચ્છ કેટલાક માછીઓ લાવ્યા, ને તેને ચીરતા તેમાંથી વીંટી નીકળી. એ દરમ્યાન શકુંતલાને ભરત નામે દીકરો થયો તેને લઇ રાજાની દરબારમાં ગઇ, ત્યાં રાજા તેને ઓલખતોનથી, તેથી દુઃખ

પામી. આખરે વીંટી જડી ત્યારે રાજાએ કબુલ કરી. આ શૃંગારરસ નાટક બનાવનાર કાલીદાશ હતો.

આ કાવ્યો ઉપરાંત માઘકાવ્ય, કુમાર સંભવ, રઘુવંશ, નૈશધ કાદંબરી, ઋતુસંહાર, મેઘ દુત વીગેરેછે.

પ્રકરણ ૫ મું.

બુધ્ધ ધર્મ ઇ. સ. પુર્વે ૫૪૩ થી ઈ. સ. ૧૦૦૦ સુધી.

આ ધર્મનો સ્થાપનાર ગૌતમ બુદ્ધ નામે હતો. એક હજાર વરસ કરતાં એ વધુ રહ્યો. હાલ તેને માનનારા પચાસ ક્રોડ માણસછે. ગૌતમ એ કપિલવસ્તુના રાજા સુધ્ધોદનનો પુત્ર હતો. એ સોબતીઓ થી દુર રહી એકાંતમાં વખત ગુજરતો તેને એક પુત્ર જન્મ્યો, તે સઘળાને છોડી તેણે વનવાસ લીધો. પછી તેણે જાહેર ઉપદેશ કરવા માંડયો કે આત્માની શાંતિ દેહ દમનથી માત્ર થાય છે. પહેલાં થોડા શિષ્ય થયા, ધીમે ધીમે ઘણા શિષ્યો વધી પડયા. એ ઈ૦ સ૦ પહેલાં ૫૪૩માં ૮૦ વરસની ઊંમરે મરી ગયો. એનો બોધ એવો હતો કે મોક્ષમાર્ગ સઘળા માણસ માટે સરખો ખુલ્લો છે, અને કોઇ કલ્પિત દેવોને સંતોષ્યાથી ઉદ્ધાર થતો નથી. એણે પોતાના શિષ્યો ને ઠામેઠામ બોધ કરવા મોકલ્યા. પહેલી સભા પટનાની ગુફામાં મલી પછી બોધ્ધ મત હિંદમાં બધે ફેલાયો.

અશોક—ઈ૦ સ૦ પુર્વે ૨૬૦–૨૨૩–૩૭ ઈ૦ સ૦ પુ. ૨૫૭માં મગધનો રાજા અશોક એ પંથમાં ભેલાયો. એણે બૌધ ધર્મ ફેલાવવા એક મોટી ત્રીજી સભા પટનામાં બોલાવી. એણે ૬૪૦૦૦ ગોરજીને આશ્રય આપ્યો. એ ચંદ્રગુપ્તનો પૌત્ર હતો. એણે ધર્મનો પ્રસાર કરવાને યત્નકર્યો એટલુંજ નહિ, પણ તેના મતોને શુદ્ધ રાખવાને ઉપાય કર્યા. એણે રસ્તાપર કુવા ખોદાવ્યા, ઝાડ રોપા

વ્યા, ધર્મશાળા ને પાંજરાપોળ બંધાવ્યા.

કનિશ્ક—બૌધ મતની ચોથી સભા સિથિઅન રાજા કનિશ્ક ના આશ્રય નીચે મળી એ રાજા વાયવ્ય હિંદમાં ઈ૦ સ૦ ૪૦માં રાજ કરતો હતો. અશાકનો પુત્ર ઇ૦ સ૦ પુ ૨૪૪માં પોતાના પિતાનું પુસ્તક ચીનમાં લઈ ગયો, ને ત્યાંથી બ્રહ્મદેશ ને આર્કિપેલેગોના ટાપુમાં ફેલાવ્યું. એના ધર્મનો ફેલાવો થયો અને કેટલાક અસલી લેખ હજુ મોજુદ છે.

શિલાદિત્ય—એણે ઇ૦ સ૦ ૬૩૪માં ઉત્તર હિંદમાં ચોથી સભા બોલાવી. પહેલે દિવસે બુદ્ધની મુર્તીની સ્થાપના થઈ, બીજે દિવસે બ્રાહ્મણની સુર્ય દેવની મુર્તીનીસ્થાપના થઈ. પહેલાં બૌધ અને બ્રાહ્મણ ધર્મને સંવાદ થયો. શિલાદિત્ય હર પાંચ વરસે પોતાના રાજ્ય ખજાનાનું દાનકરી દેતો હતો. નલન્દનો અપાસરો એ મોટું વિદ્યાનું સ્થાનછે. બૌધ ધર્મની પછી બ્રાહ્મણ ધર્મની ચડતી થઇ. હજુપણ દુનીઆમાં ૫૦ કરોડ માણસ એટલે સેંકડે ૪૦ ટકા બૌધ મતને માનેછે.

જૈનમાર્ગ—એ મત બૌધ મતોમાં થોડા મતથી ઉત્પન્ન થયેલોછે. એ મત યજ્ઞનો અનાદર કરેછે, માણસની કે પશુની હત્યા કરવાને ના પાડેછે. તેઓ ચોવીસ જીનો—સિધ્ધ થયેલા ધાર્મીક માણસો—ને પુજેછે. તેઓ જાત્રાના સ્થળમાટે વૃક્ષવાળા પર્વતો પસંદ કરે છે, ને ત્યા આરસના, નકસીદાર દેવલ બનાવેછે.

પ્રકરણ ૬ ઠું.

અસલના પ્રખ્યાત રાજા ને ધર્મબોધ કરનારનું ટુંક બ્યાન.

વિક્રમાદિત્ય—ઈ૦ સ૦ પુર્વે ૫૭ એની રાજધાની માલવામાં ઉજ્જૈન હતી. એણે પ્રજાને શક લોકના જુલમથી મુકાવી તેથી

એને નામે **સંવત** ગણવા લાગ્યા. એ પરદુઃખભંજન કહેવાયછે. એની રાજસભામાં જે મુખ્ય પંડીતો હતા તે નવરત્ન કહેવાયછે, જેમાં કાલીદાશ કવિ મુખ્ય હતો.

શાલિવાહન—ઇ૦ સ૦ ૭૮ આ રાજા પણ શક લોકની સામે થયો. તેના માનાર્થે **શક**નામે બીજોસન સ્થાપવામાં આવ્યોછે. એ દક્ષિણમાં પૈઠણ નગરમાં રાજા થઇ ગયો. એ કુંભારનો પુત્ર હતો. એણે બ્રાહ્મણોને શકના જુલમથી છોડવ્યા તેથી તેનું માન વધારવા એના શાકે ટીપણા વગેરે સંસ્કૃત ગ્રંથોમાં ચલાવ્યો. **સંવત** અને **શક** બંનેસન મોજુદ છે.

શંકરાચાર્ય—એ કુમારિલ ભટ્ટના શિષ્ય હતા. એ ઇ૦ સ૦ નવમાં સૈકામાં થઈ ગયા. એમનો જન્મ મલબારમાં થયો હતો. એ ણે કાસ્મીર સુધી પ્રવાસ કરી બોધ કર્યો ને વેદ ધર્મને શિવ માર્ગનું સ્થાપન કર્યું. એમનો કાલ ૩૨ વર્ષની ઉમરે હિમાલયમાં કેદારનાથ માં થયો. પછી શીવપંથ નીકળ્યો. પછી વિષ્ણુ પુંજા થવા લાગી એટલે વિષ્ણુપંથ નીકલ્યો. પછી રામાનંદ અને કબીર થયા.

રામાનુજ—ઇ૦ સ૦ ૧૧૫૦ માં થઇ ગયા. એણે વૈશ્નુવ ધર્મ પ્રથમ મૈસુરમાં ફેલાવ્યો.

રામાનંદ—ઇ૦ સ૦ ૧૩૦૦ માં વૈશ્નુવ મત ઉત્તર હિંદમાં ફેલાવ્યો.

કબીર—ઇ૦ સ૦ ૧૩૮૦–૧૪૨૦–૪૦ એ રામાનંદના શિષ્ય હતા. એણે હિંદુ મુસલમાનને એક પંથમાં લાવવાની કોશેશ કરી. એણે બોધ કર્યો કે હિંદુનો રામ તથા મુસલમાનનો અલ્લી એકજ છે; જેમ હિંદુ અગીઆરસે અપવાસ કરેછે તેમ મુસલમાન રમઝા નમાં કરેછે. હિંદુના ઇશ્વરની નગરી કાશીછે, તેમ મુસલમાનના અલ્લાનું શહેર મક્કા છે. દુનીઆનો જે માલીકછે તેજ અલ્લી ને

પુંજનારનો તથા રામને પુંજનારાનો પિતાછે.

ચૈતન્ય—ઈ૦ સ૦ ૧૪૮૫-૧૫૨૭-૪૨ એ બંગાલામાં નદીઆ ગામમાં બ્રાહ્મણનો પુત્ર હતો. ૨૪ વરસે ગૃહસ્થાશ્રમ તજી **ઓરિસ્સા** જઇ બોધ કરવા લાગ્યો. એનો મત એવો હતો કે બધી નાતના માણસો ભક્તિથી સરખા શુધ્ધ થાયછે. મોક્ષ માર્ગ પુંજા ક્રિયામાં નથી, પણ ધ્યાનમાંછે. એના પંથમાં બ્રહ્મચારી, ગૃહસ્થ, ભીખ માગનાર કે વેરાગી હરકોઈ પેસી શકેછે.

વલ્લભસ્વામી—ઈ૦સ૦૧૫૨૦ એણે ઉત્તર હિંદમાં એવો બોધ કરવા માંડયો કે જીવાત્માને ઉદ્ધાર કરવા માટે તપ કે કાયા કષ્ટની ગરજ નથી. હરી મલવાને માટે નાગા કે ભુખ્યા રહેવાની કે અરણ્યમાં વસવાની જરૂર નથી.

પ્રકરણ ૭ મું.

મુસલમાની રાજ્ય પહેલાં પરદેશી હુમલા.

એશિરિઆની રાણી **સેમિરેમિસે** ઈ૦સ૦ પુ૦૨૦૦૦ અને ઈ૦ સ૦ પુ૦ ૧૩૦૮ માં **મિસરના** રાજા **સિસોસ્ત્રિસે** હિંદપર ચઢા ઈ કરી હતી, પણ કોઇ જગ્યાએ સત્તા બેસાડી નથી.

દરાયસ હીસ્તાસ્પીશ—ઈ૦ સ૦ પુ૦ ૫૧૮ એણે **હિંદુ**-સ્તાનપર સ્વારી કરીને સિંધુ નદીના કાંઠાનો કેટલોક મુલક જીતી લીધો, ને ત્યાં આગળ એક હાકેમ મુકી તથા પુષ્કળ દ્રવ્ય લઈ પોતાને દેશ ગયો.

સિકંદર—ઈ૦ સ૦પુ૦ ૩૨૭ ગ્રીસદેશના મેસીડોનીઆના રાજા મહાન સિકંદરે હિંદપર સ્વારીકરી **ઝેલમ** સુધી વધી આવ્યો. એની સામા પંજાબનો **પોરસ** રાજા થયો, પણ તેનો કુંવર રણમાં પડયો

ને તેનો હાથી આગળ જઇ શકયો નહિ, ને ઉલટો પોતાના લશ્કરનો કચ્ચર ઘાણ થયો તેથી આખરે સલાહ કરી. પછી સિંકદર આગલ ચાલ્યો, પણ લસ્કરે ના પાડવાથી પાછો ફર્યો. ત્યાં તે ઇ૦ સ૦ પુ. ૩૨૩ માં મરી ગયો.

ચંદ્રગુપ્ત—ઇ૦ સ૦ પુ. ૩૧૬ થી ૨૯૨–૨૪ એ **મગધનો રાજા** હતો ને મૌર્યવંશી કહેવાય છે. એણે **સેલ્યુકસ** સાથે લડાઇ થઇ. પણ પાછળથી સલાહ થઇ તેથી **સેલ્યુકસે** થોડો મુલક ને પોતાની છોકરી **ચંદ્રગુપ્તને** આપી. તેના બદલામાં એક એલચી **મેગાસ્થેનસ** એની દરબારમાં રહે. એ વંશની ઇ૦ સ૦ પુ. ૨૦૦ પછી પડતી થઇ.

સેલ્યુકસ—એણે **સિરિયામાં** ઇ૦ સ૦ પે. ૩૧૨ થી ૨૮૦ સુધી રાજ્ય કર્યું. એણે કાબુલની ખીણનો મુલક તથા પંજાબ **ચંદ્રગુપ્તને** વેચાણ આપ્યા, અને પોતાની દોકરી તેને પરણાવી. વળી ઇ૦ સ૦ પે. ૩૦૬ થી ૨૯૮ સુધી એક એલચી એની દરબારમાં રાખ્યો હતો.

મેગાસ્થેનસ—આ એક [illegible]ખ્યાત એલચી હતો. એણે હિંદુસ્તાનનું સારૂં વર્ણન કર્યું છે. તેના [illegible]વા મુજબ હિંદના લોકની સાત જાત. છે. તત્વજ્ઞાની (ફીલસુફ), [illegible], કારીગર, ભરવાડ, [illegible] કરનાર, ચોકશી [illegible]નાર ને [illegible]. [illegible] ૩૦૦ [illegible] સ૦ ૧૭૦૦ સુ[illegible]નો હેવાલ [illegible] યુરોપ[illegible] મલ્યો છે તેમાં [illegible]નો સર્વોત્તમ છે તે વખતે [illegible] હતી. તે વખતના હિંદુ [illegible] જુઠું બોલતા નહિ, બારણું [illegible] વાસવાની જરૂર નહોતી પડતી, નિશો નહીં કરતા ને [illegible] કર[illegible].

આન્તિઓખ[illegible]—આ [illegible] સરદાર **સેલ્યુકસનો** પૌત્ર હતો. એણે ઇ૦ સ૦ પે. ૨૫૬ માં **ચંદ્ર**[illegible]ના પૌત્ર **અશોક** જોડે કરાર કર્યો.

સિથિઅન લોક—ઇ[illegible] ૧૦૦ વરસપર જ્યારે ગ્રીક સ્વારી બંધ પડી ત્યારે ઉતર તરફથી સિથિઅન લોક ચડી આવ્યા.

ઈ૦ સ૦ ની શરૂઆતમાં ઉત્તર હિંદમાં બળવાન રાજ સ્થાપ્યું. કનિસ્ક એ રાજનો પ્રખ્યાત રાજા હતો. એ બૌધ ધર્મી હતા. એ શાક કરી કહેવાય છે. પંજાબમાં જે જાટ લોકોછે તે એમની ગેટે જાતની ઓલાદના છે.

પ્રકરણ ૮ મું.

મુસલમાની સ્વારીઓ.

બૌધ માર્ગને હઠાવી હિંદુ ધર્મ પ્રબળ થતો હતો તેવામાં અરબસ્તાનમાં હજરત મહમદ પેગંબરે ઈસ્લામી ધર્મ ઉત્પન્ન કર્યો. એ પેગંબર ૫૭૦ માં જન્મ્યો અને ૬૩૨ માં મરણ પામ્યો. ભરત ખંડમાં ઇસ્લામી ધર્મ ફેલાવવાને બીજા ત્રણસે વરસ લાગ્યા. ઈ૦ સ૦ ૬૦૯ માં મહમદ સાહેબે એ ધર્મ ચલાવ્યો, તેથી મકકાના લોકોએ તેને મારી નાંખવાનો ઇરાદો કર્યો, એ જાણી તે મદીને નાશી ગયો, ત્યારથી હીજરીસન ચાલેછે. એના પછી ગાદીપર બેસનારને ખલીફા કહેછે.

આરબોની સ્વારી—પેહેલી ૬૩૬ માં ઊસ્માને ભરૂચ ને થાણાપર નૌકાસૈન્ય મોકલ્યા, પછી ૬૬૨ માં સિંધપર મોકલ્યા, પણ કોઈ લડી બંદરમાં કબજે થઇ ગયા, તેથી ઈ૦ સ૦ ૭૧૨ માં બસરાના સુબા મહમદ કાસમે સિંધપર ચડાઇકરી, ને ત્યાંના દાહીર રાજાને હરાવી થાણું બેસાડયું. એ મહમદ કાસમ ૭૧૪ માં મરી ગયો.

ગિઝનીવંશ ૯૬૨—૧૧૮૬—૨૨૪

તાતારની એક જાત સેમેનીશ ખોરાસાનમાં રાજ કરતી હતી,

ને તેમની રાજધાની બોખારા શહેરમાં હતી. એ વંશનો પાંચમો રાજા અબદુલમુલ્ક હતો. એના પછી અલ્પતગીન નામે તુર્કી ગુલામ રાજા થયો.

અલ્પતગીન–૯૬૨–૯૭૭–૧૫ એ ખોરાસાનનો ગવર્નર હતો. એ પોતાના ધણીના મરણ પછી સ્વતંત્ર થઈ રાજ કરવા લાગ્યો, ને ૯૭૭ માં મરી ગયો.

સબકતગીન–૯૭૭–૯૯૭–૨૦ એણે હિંદુસ્તાનપર ૯૭૭ માં સ્વારી કરી, તેનીસામુ લાહોરનો રાજા જયપાળ થયો, પણ તે પેશાવર આગળ હાર્યા ને કેદ પકડાયો; તેથી પોતાના છુટકા સારૂ ૫૦ હાથી ને ૨॥ લાખ રૂપીઆ આપવા કબુલ કર્યાં. પરંતુ કેટલાક બ્રાહ્મણની ઉશ્કેરણીથી તે દંડ ન આપ્યો, તેથી સબકતગીને બીજી વાર ચડાઈ કરી. આ વખતે દિલ્લી, કનોજ, અજમેર વીગેરેના રાજાની મદદ મળી હતી, તોપણ હાર્યોને સબકતગીને થાણું બેસાડયું.

સુલતાન મહમદ ૯૯૭–૧૦૩૦–૩૩

મુખ્ય બનાવો-(૧) હિંદપર ૧૦૦૧ થી ૧૦૨૪ સુધીમાં ૧૭ સ્વારીઓ (૨) પહેલી ૧૦૦૧ જયપાળને હરાવ્યો (૩) ચોથી ૧૦૦૮ અનંગપાળની હાર (૪) બારમી ૧૦૨૪ સોરઠી સોમનાથપર ચડાઇ (૫) હિંદુઓના કાશી, નગરકોટ, સોમનાથ દેરાં લુટી મુર્તી ભાંગી અસંખ્ય દોલત લઇ ગયો (૬) શાહનામું

એ સબકતગીનનો પુત્ર હતો. એણે લુંટ મેળવવાની તથા ધર્મ ફેલાવવાની મતલબથી હિંદુસ્તાનપર ૧૨ સ્વારીઓ કરી (૧) જયપાળપર ૧૦૦૧ માં. આમાં જયપાળ હારી જવાથી ચિતા ખડકી બળીમુઓ (૨) ૧૦૦૪ માં ભાટીઆના રાજા વિજયરાય પરકરી તેને હરાવ્યો (૩) ૧૦૦૫ માં મુલતાનપર (૪) ૧૦૦૮ માં અનંગપાળપર

ફરી આ વખતે દિલ્લી, કનોજ, કલીંજર વગરેના રાજાની મદદ મળી હતી, તથા બૈરાં છોકરાંએ પોતાનાં ઘરેણાં વેચી ખરચ મોકલ્યો પણ હાર્યો. પછી મહમદ નગરકોટનું દેહેરૂં લુટવા ગયો તે લુટી પછી ગીજની ગયો (૫) ૧૦૧૦ બીજીવાર મુલતાનપર કરી તે જીત્યું (૬) ૧૦૧૧માં થાનેશ્વરપર કરી ત્યાંના દેરાં લુટી હિંદુઓને કેદકરી ગુલામ તરીકે વેચ્યા (૭) ૧૦૧૪માં કાસ્મીરપર કરી ત્યાં દુઃખ વેઠવું પડયું (૮) ૧૦૧૭માં કનોજપર કરી. ત્યાંનો રાજા તાબે થયો. પછી મહમદ મથુરાં ગયો ને દેરાં લુટી બાળી નાંખ્યા, ને હજારો માણસોને ગુલામ કરી વેચ્યા (૯) ૧૦૧૯માં ફરી કાસ્મીરપર (૧૦) ૧૦૨૨માં કલીંજર પર કરી ત્યાંના રાજાને હરાવ્યો. (૧૧) ૧૦૨૩માં લાહોરના રાજા બીજા જયપાળ કરી લાહોર ખાલસા કર્યું (૧૨) ૧૦૨૪માં સોરઠી સોમનાથપર કરી. એની સામુ ગુજરાતનો રાજા ભીમદેવ લડવા આવ્યો, પણ તે હાર્યો. એણે દેરામાં પેસી મુર્ત્તીનો નાશકરી અસંખ્ય દોલત લઈ, મુર્ત્તીના ત્રણ કડકા કરી ગીજની લઈ ગયો. રસ્તામાં ભુલો પડયો, ને પાણીવિના હજારો માણસ મરી ગયા. એના રાજમાં ફિરદોશી કવી થઈ ગયો, એણે શાહાનામું બનાવ્યું છે, પાદશાહે દરેક બેતમાટે સોનાનો દહોમ આપવા કબુલ્યું, પણ જ્યારે ૬૦૦૦૦ થઈ ત્યારે રૂપાના આપ્યા, તેથી કવીએ નાખુશ થઈ નિંદાની કવિતા જોડી, તેપરથી જણાય છે કે એ નીચ પુત્ર હતો. આથી ખુશ થઇ એક લાખ સોનાના સિક્કા મોકલ્યા પણ તે પહોંચતા અગાઊ કવી મરી ગયો. મહમદ પૈસાનો લોભી હતો છતાં વિદ્યાને ઉત્તેજન આપતો હતો. એ ૧૦૩૦ માં ૬૩ વરસની ઊમરે મરી ગયો,

એના મુઆ પછી એના છોકરા મહમદને મસુદ વચ્ચે ગાદી બાબત કજીઓ થયો, જેમાં મસુદે તેને આંધળો બનાવી પોતે ગાદી એ બેઠો. ૧૦૪૦માં મોદુદે સઘળાને હરાવી ગાદી લીધી. ૧૧૧૮માં

બેરામે ગાદી લઈ ૩૪ વરસ રાજ કરી વિદ્વાનને આશરો આપ્યો. આખરે ખુશરૂ મલેક જે છેલ્લો રાજા હતો તેને ગ્યાસુદીન ઘોરીએ લાહોર છીનવી લઇ ગાદીપરથી ઉઠાડી મુકી પોતે ગાદી લીધી.

પ્રકરણ ૯મું.

ઘોરીવંશ ૧૧૮૬—૧૨૦૬—૨૦

અફ્ગાનીસ્તાનના ઇશાન ખુણામાં ઘોર કરીને પ્રાંતછે ત્યાંના રહેવાસી માટે ઘોરીવંશ નામ પડ્યું છે.

મહમદ ઘોરી એને **શાહા**બુદીન ઘોરી કહેતા; એનો ભાઇ **ગ્યાસુદીન** ઘોરી રાજનો બંદોબસ્ત કરતો ને **શાહા**બુદીન લડાઇનું કામ કરતો. એણે હિંદુસ્તાનપર ૯ સ્વારી કરી છે. એણે ૧૧૭૬માં પંજાબપર ચડાઇ કરી. ૧૧૭૮માં ગુજરાતના **ભોળા** ભીમપરચડાઇ કરી, પણ એણે **શાહા**બુદીનને **પાટણ** આગળ હરાવ્યો. ૧૧૮૬માં **લાહોર** લીધું. ૧૧૯૧માં દિલ્હીના પૃથુરાજ પર ચડાઇ કરી, પણ તેમાં **શાહ**બુદીનની **પાણીપત** આગળ હાર થઇ તેથી, **શાહા**બુદીને ૧૧૯૩માં ફરી ચઢાઇ કરીને **થાનેશ્વર** આગળ પૃથુરાજને હરાવ્યો. એની રાણી સતી થઇ. આ વખતે હિંદુસ્તાનમાં મુખ્ય ચાર રજપુત રાજ્યો હતા. દિલ્હીમાં તુવાર, અજમેરમાં ચોહાણ, કનોજમાં **રાઠોડ**, ને ગુજરાતમાં **વાઘેલા**. દિલ્હીના રાજાને સંતાન ન હોવાથી **અજ**-મેરના પૃથુરાજને દત્તક લીધો, તેથી કનોજના જયચંદને અદેખાઇ આવી. આ માંહોમાંહેના કુસંપથીજ રજપુતો હાર્યા ને મુસલમાનના હાથમાં હિંદ સત્તા ગઇ. પછી **શાહા**બુદીને **અજમેર** લીધું. ૧૧૯૪ માં **કનોજ**પર ચડાઇ કરી **જયચંદ**ને હરાવ્યો. એણે **અયોધ્યા**, **અં**-

ગાળાને બહાર લીધા. ૧૨૦૬માં સિંધુને કાંઠે ગક્કર જાતના લોકે એની છાવણીમાં ઘુસી રાતે ઠેરમાર્યો.

પ્રકરણ ૧૦ મું.

ગુલામવંશ ૧૨૦૬—૧૨૯૦-૮૪

શાહબુદીન ઘોરીને પુત્ર નહિ હોવાથી એણે પોતાના ગુલામ કુતબુદીનને હિંદુસ્તાનનો સુબો ઠરાવ્યો. એણે પોતાના ધણીના મરણ પછી પાદશાહપદ ધારણ કર્યું તેથી એના વંશજો ગુલામવંશી કહેવાયછે.

કુતબુદ્દીન ૧૨૦૬—૧૨૧૦-૪ હિંદુસ્તાનમાં મુસલમાની રાજ્ય સ્થાપનાર એ પાદશાહ હતો. એના વંશને ત્રણ સંકટ ખમવા પડયાં. (૧)મુસલમાની સરદારના બળવા (૨)હિંદુઓના બંડ (૩) મોગલોની સ્વારીઓ. એણે દિલ્લીની પાસે કુતુબમિનાર બંધાવ્યો છે. એ શુરો, ઇનસાફમાં નિષ્પક્ષપાત, ઉદાર દીલનો તથા સદાચરણી હતો. એણે ૨૦ વરસ સુબેદારી ભોગવી ૪ વરસ સ્વતંત્ર રાજકર્યું. એની પછી એનો પુત્ર **આરામ** ગાદીએ બેઠો, તેનામાં કાંઈ દમ નહિ હોવાથી એના બનેવી **અલ્તમશે** ગાદી છીનવી લીધી.

અલ્તમશ ૧૨૧૧-૧૨૩૬-૨૫ એ કુતબુદીનનો ગુલામ ને જમાઈ હતો. એણે ૧૨૨૫માં સિંધ તથા બંગાળા જીત્યા ને૧૨૩૧માં માળવા જીત્યું. એના વખતમાં મોગલ સરદાર જંઘીશખાં ૧૨૧૭માં માં ચડી આવ્યો પણ પાછો ગયો. એના વખતમાં ૧૨૨૯માં મુસલમાની રાજના સિક્કા પડયા. એ ૧૨૩૬માં મરી ગયો. એના પછી એનો છોકરો **રૂકનુદીન** ગાદીએ બેઠો, તેનામાં દમ નહિ હોવાથી તેની બેન **રજીઆબેગમે** ગાદી છીનવી લીધી.

રજીઆબેગમ ૧૨૩૬—૧૨૩૯—૩ એ બાહુ હોંશીઆર ને

ભણેલી હતી. એ જમાલ નામના ગુલામ સાથે પ્યારમાં પડી તે અમીરોને નહિ ગમવાથી તેને કેદ કરી, ત્યાંથી અલતુનીઆ નામના ચોકીદારને લઇને નાશી ગઈ. આખરે બંને પકડાયા ને માર્યા ગયા. દિલ્હીમાં મુસલમાની તખ્તપર બેસનાર નારીજાતિમાં માત્ર એ રજીઆબેગમ હતી. એ કુરાન ભણેલી તથા સરકારી કામ કરવામાં ઉદ્યોગી ને દક્ષ હતી. એ સુલતાન રજીઆ કહેવાય છે.

બેરામ ૧૨૩૯–૧૨૪૧–૨ એ રજીઆનો ભાઇ હતો. એ તામસી ને ઘાટકી રાજા હતો. એના વખતમાં મોગલોએ હુમલા કર્યા જેમણે ૧૨૪૧માં કેદ પકડી મારી નાંખ્યો. પછી મસુદ બેઠો એણે મોગલને બેવાર હરાવ્યા ને પાછા કાઢયા. એ બેરામનો ભત્રિજો ને રૂકનુદીનનો છોકરો હતો. ૧૨૪૬માં **નાશરૂદીને** એને ગાદીપરથી ઉઠાડી પોતે બેઠો.

નાશરૂદીન ૧૨૪૬–૧૨૬૫–૧૯ એ અલ્તમસનો પૌત્ર હતો. એ ફકીરી ચાલનો હતો. એના વખતમાં મોગલ સરદાર હોલાકુ ખાનો એલચી આવ્યો, તેને એણે માન આપ્યું. એ પોતાની સ્ત્રીને હાથે રંધાવી જમતો હતો, અને કુરાનનો ઉતારો કરવામાં વખત કાઢતો. એનો કારભાર એનો વજીર ગ્યાસુદીન કરતો, એ ૧૨૬૫માં મરી ગયો.

ગ્યાસુદીન બલબન ૧૨૬૫–૧૨૮૭–૨૨ એ નિર્દય હતો. એણે દરેક બંડ સમાવતાં નિર્દય પણે જુલમ કર્યો છે. મેવાડના રજપુતો સામા થયા તેથી એક લાખ માણસને મારી નાંખ્યા. એ જોકે હલકા દરજ્જાનો હતો તોપણ મોટા હોદ્દા અમીરી ખાનદાન વાળાને આપતો. મધ્ય એશીઆમાંથી મોગલોના જુલમથી નાશી આવેલા ને એણે આશ્રય આપ્યો. ૧૨૭૯માં બંગાળામાંનું બંડ બેસાડયું. એનો વહાલો પાટવી પુત્ર મહમદ ઊત્તર તરફ મોગલ સાથે લડતાં પંજાબમાં માર્યો ગયો. એને બીજા પુત્ર બક્રાશખાં સાથે બનતું નહોતું,

તેથી એના મુવા પછી તેના પુત્ર કૈકુબાદને ગાદી આપી.

કૈકુબાદ ૧૨૮૭-૧૨૯૦-૩ એને નિજામુદીન નામે વજીર હતો. એ વજીરે ઘણા હલકા કામ કર્યા છે. એના બાપ સાથે વેર કરાવ્યું. આખરે એ વજીરને મારી નાંખ્યો. એનામાં રાજ્ય ચલાવવાનો હોંસ ન હોવાથી ખીલજી લોકે જલાલુદીનને વજીર બનાવ્યો, જેણે એને પાછળથી મારી નાંખ્યો.

પ્રકરણ ૧૧ મું.

ખીલજીવંશ ૧૨૯૦-૧૩૨૦-૩૦

જલાલુદીન ૧૨૯૦-૧૨૯૫-૫ એ તાતાર ઓલાદનો હતો. એ દયાલુ ને ભોલો હતો. એ ૭૦ વરસની ઉમરે ગાદીએ બેઠો. ૧૨૯૨ માં એણે મોગલોને હરાવ્યા. ૧૨૯૪માં એના ભત્રિજા **અલાઉદીને** બૌધ ધર્મનું **ભીલ્સા** દેવળ લુંટ્યું, પછી દક્ષિણમાં દોલતાબાદ પર છાપો માર્યો ને ત્યાંના રાજા **રામદેવ**ને હરાવી ઘણી લુંટ કરી પાછો ફર્યો. પોતાના કાકાને લુંટનો અરધો ભાગ આપવાની લાલચે મળવા બોલાવ્યો ને મારી નાંખ્યો ૧૨૯૫.

ઇબ્રાહીમ-આ સાંભળીને બેગમે પોતાના બાળકુંવર ઈબ્રાહીમ ની દુવાઇ ફેરવી, પણ **અલાઉદીન** મોટું લશકર લઇ આવ્યો, કે તરત તે **મુલતાન** નાશી ગયો ને **અલાઉદીન** ગાદીએ બેઠો.

અલાઉદીન-૧૨૯૫-૧૩૧૫-૨૦

મુખ્ય બનાવો—(૧) ૧૨૯૭માં અલીફખાંની ગુજરાતપર સ્વારી. (૨) કરણને હરાવી કમલાદેવી ને દીવાળીદેવીને પકડી તેમની સાથે લગ્ન કરવા. (૩) ખંભાતની ચડાઇ ને કાફુર ગુલામપર પ્રીતિ (૪) ૧૨૯૮ પુતલુગખાંની સ્વારી (૫) ૧૩૦૩માં ચિતોડ જીત્યું (૬) ૧૩૦૬-૧૨ કાફુરની દક્ષિણપર ચડાઇ ને માલવા, ખાનદેશ. વરંગુળ, કર્ણાટક જીતવા(૭)૧૩૧૫માં ઝેરદઈ કાફુરે મારીનાંખ્યો

એણે ગાદીએ બેસતાંજ બેગમ અને તેના બંને શાહજાદાને મારી નાંખ્યા. એના ઘાતકીકામો માટે એ 'ખુની' કહેવાયછે. ૧૨૯૭માં પોતાના ભાઈ **અલીફ્ખાંને** ગુજરાતપર ચડાઇ કરવા મોકલ્યો. તેણે ત્યાંના રાજા કરણને હરાવીતેની રાણી કમલા દેવી તથા છોકરી દીવાળી દેવીને પકડી આણી, અને તેની સાથે **અલ્લાઉદીન** તથા અલીફ્ખાં પરણ્યા. પછી ખંભાતપર ચડાઇ કરી, ત્યાંથી ઘણા ગુલામો પકડયા. તેમાં મલેક કાફુર નામના ગુલામપર તેની પ્રીતિ થઈ. ૧૨૯૮માં મોગલ સરદાર પુતલુગખાં ચડી આવ્યો. ૧૩૦૦ રણુસ્થંભોરનો કિલ્લો લીધો. ૧૩૦૩માં **ચિતોડ** જીત્યું. ૧૩૦૬—૧૨ સુધી કાફુરે દક્ષિણપર સ્વારી કરીને વરંગુળ, **માલવા, ખાનદેશ, મહારાષ્ટ્ર**, સર કર્યા. **અલાઉદીન** લડવૈયોને બહાદુર હતો. એના વખતમાં રાજ્યનો ફેલાવો સારો થયો. એ અભિમાની, ધર્માંધ, જુલમી ને ખુની હતો. એના વજીરે એને ઝેર દઇ ૧૩૧૫માં મારી નાંખ્યો.

ઉમર ૧૩૧૫-૧૩૧૬--૧ કાફુરે **અલાઉદીનના** નાના છોકરા ઊમરને ગાદી આપી, ને તેના બે મોટા દીકરાને આંધળા કરી ત્રીજા મુબારકને મારી નાંખવા મારા મોકલ્યા, પણ તે બચી ગયોને કાફુરને મારી નાંખી ઊમરની આંખો ફોડી પોતે ગાદીએ બેઠો.

મુબારક ૧૩૧૬—૧૩૨૦--૪ એણે **ખુશરૂ** નામના એક ઢેડાને વજીર બનાવ્યો. એ ગાદીએ આવ્યો તેની ખુશાલીમાં ૧૭૦૦૦ બંધીવાનને છોડયા. દક્ષિણ પર ચડાઈ કરી ત્યાંના રાજા હરપાલને પકડી જીવતાં ચામડી ઊતરાવી નાંખી. એના વજીર ખુશરૂએ **મલબાર** લુંટી પછી મુબારકને મારી નાંખી પોતે ગાદીએ બેઠો.

ખુશરૂખાં ૧૩૨૦ એણે ગાદીએ બેસતાં અલાઉદીનના કુટુંબના બધાને મારી નાંખ્યા. એણે પોતાની જાતના માણસને નોકરી રાખી મોટા હોદ્દા આપ્યા, તેથી અમીરો નાખુશ થયા ને બંડ ઉઠયા. આખરે **પંજાબના સુબા ગ્યાસુદીન** તઘલખે ૧૩૨૦માં મારી નાંખ્યો.

પ્રકરણ ૧૨ મું.

તઘલખવંશ ૧૩૨૦–૧૪૧૪–૯૪.

ગ્યાસુદ્દીન ૧૩૨૦—૧૩૨૫–૫ એ લોકોની રાજીખુશીથી ગાદીએ બેઠો. એ જાતનો તુર્ક હતો. એણે રાજ્યનો સારો બંદોબસ્ત રાખ્યો ને ખેડુતના હકમાં લાભકારી કાયદા કાઢ્યા. એણે **દિલ્લી** પાસે **તઘલખાબાદ** કિલ્લો બંધાવ્યો છે. એ ૧૩૨૪માં બંગાળા પ્રાંતનો બંદોબસ્ત કરવા ગયો, ત્યાંથી પાછાં આવતાં એનાપર ડેરો તુટી પડવાથી એ મરી ગયો. એ ડેરો શાહજાદા **મહમદે** ઊભો કર્યો હતો, તે વખતે એ હાજર નહોતો તેથી એવો શક છે કે એમાં એનું કંઇ કાવત્રું હશે.

મહુમદ તઘલખ ૧૩૨૫–૧૩૫૧–૨૬

(૧) દાંતપર કબર ચણાવી (૨) દોલતાબાદ રાજગાદી ને રૈયતનો મરો (૩) ઈરાન (૪) તથા ચીન જીતવા લશ્કર મોકલ્યું પણ નાસીપાસીને લશ્કરનો મરો (૫) બ્રાહ્મણી વંશની સ્થાપના ૧૩૪૭ (૬) ભત્રિજાની જીવતા ચામડી ઉતરાવી (૭) ગુજરાતનું બંડ (૮) ઠઠ્ઠામાં ૧૩૫૧માં મરણ.

એ ઉદાર, ચતુર ને ભણેલો હતો, પણ ક્રૂર હતો. એના અવિચારી કામો એ હતાં કે એનો એક દાંત પડી ગયો તેના પર એણે કબર ચણાવી છે. એણે પોતાની રાજધાની **દિલ્લીથી દોલતાબાદ** લઈ જવા ઠરાવ કર્યો ને પોતાની રૈયતને ત્યાં જઇ રહેવા ફરમાવ્યું. જ્યારે જુલમ અને ભારે કરથી એની રૈયત કંટાળતી ત્યારે તેમનો જંગલમાં શીકાર કરાવતો. એણે ઇરાન તથા **ચીન** જીતવા લશ્કર મોકલ્યું ને તેમાં કેટલાક માણસ મરી ગયા. માળવામાં એના ભત્રિજાએ બંડ કર્યું તેની જીવતાં ચામડી ઉતરાવી નાંખી. એના વખતમાં ઘણા બંડો થયા. આખરે ગુજરાતમાં બંડ થયું, ને ત્યાંના બંડખોરો **સિંધ** તરફ નાઠા, તેમની પછવાડે જતાં ઠઠ્ઠા

શેહેરમાં ૧૩૫૧માં એ મરી ગયો. એના વખતમાં ગુજરાતમાં ૧૩૪૭ માં બ્રાહ્મણીવંશની સ્થાપના થઈ.

ફીરોજશાહ ૧૩૫૧–૧૩૮૮–૩૭ એ **મહમદનો** ભત્રિજો હતો. એ દાનસારી ને દયાલુ હતો. **સતલજ** પાસે એણે **ફીરોજપુર** શહેર વસાવ્યું છે. એણે રૈયતના સુખને સારૂ કુવા, તલાવ, ધર્મશાળા વિદ્યાશાળા ને દવાખાના કરાવ્યા છે, તથા મસીદો ને પુલો બંધાવ્યાછે. ખેતીને સારૂ નેહેર ખોદાવી છે, તેમાં મોટું કામ જમનાની નહેરછે. એણે પોતાના રાજમાંથી ઘાતકી શિક્ષા કાઢીનાંખી. એ ૧૩૮૮ માં ૯૦ વર્ષની ઉમરે મરી ગયો.

એના પછી **ગાજયુદ્દીન** ને **અબુબકર** વારાફરતી ગાદીએ બેઠા. એ બંને ફીરોજશાહના પૌત્ર હતા. એમનામાં સારા ગુણ નહિ હોવાથી **નાશરૂદ્દીને** ગાદી લીધી ને ૧૩૯૦ સુધી રાજકરી મરી ગયો; પછી સિકંદરે ૪૫ દિવસ રાજ કર્યું.

મહમદ બીજો—૧૩૯૨—૧૪૧૨—૨૦ એ **નાશરૂદીનનો** છોકરો હતો. એના વખતમાં **માળવા, જવાનપુર, ગુજરાત, ખાનદેશ** વીગેરેના સુબા સ્વતંત્ર થઇ ગયા એના વખતમાં ૧૩૯૮ માં **તૈમુર** ચડી આવ્યો, તેણે **મહમદને** હરાવી નસાડીને **દિલ્લીમાં** પાંચ દહાડા લુંટ તથા કતલ કરી ઘણા ગામ લુંટી બાળી નાશ કરી પોતાની સાથે પુષ્કળ પૈસો તથા બંદીવાનો લઇ સ્વદેશ ગયો. **મહમદે** પછી ગુજરાતમાંથી પાછા આવીને ગાદી લીધી ને ૧૪૧૨ સુધી નામની પાદશાહી ભોગવી.

એના પછી ૧૪૧૨–૧૪૧૪ સુધી **દોલતખાં** લોદીએ બે વરસ રાજકર્યું, તેને પંજાબના સુબા **ખીજરખાંએ** હરાવી રાજ લઇ લીધું.

પ્રકરણ ૧૩ મું.

સૈયદવંશ ૧૪૧૪–૧૪૫૦–૩૬

સૈયદ ખીજરખાં–૧૪૧૪–૧૪૨૧–૭ એ ઉદાર ને ન્યાયી હતો; એના મરણ માટે દિલ્લીના સઘળા લોકે ત્રણ દિવસ શોક પાળ્યો. એની પછી એનો છોકરો **મુબારક** ગાદીએ બેઠો.

સૈયદ મુબારક–૧૪૨૧–૧૪૩૩–૧૨ એ ઉદાર ને મળતાવડા સ્વભાવનો હતો. એણે મોગલો તથા ગક્કરો સામે લડાઇઓ કીધી. એના વજીરે એને મારી નાંખી એના ભત્રિજા સૈયદ **મહુમદને** ગાદી આપી.

સૈયદ મહુમદ–૧૪૩૩–૧૪૪૩-૧૦ એ નબળો ને દુરાચરણી હતો. એના વખતમાં **માલવા** તથા **જુવાનપુરના** રાજાએ કેટલીક જગ્યા લઈ લાધી. એ મોજ શોખમાં પડયો તેથી અમીરોએ એના છોકરા **આલમશાહને** ગાદી આપી.

સૈયદ આલમશાહ—૧૪૪૩–૧૪૫૦–૭ એના વખતમાં દિલ્લીની હદ થોડા મૈલ સુધી આવી રહી હતી. એ રાજ ચલાવવાને યોગ્ય ન હોવાથી **બહીલોલખાં** લોદીને રાજસોંપી **બુદાયુનમાં** રહેવા ગયો ૧૪૫૦

પ્રકરણ ૧૪ મું.

લોદીવંશ–૧૪૫૦–૧૫૨૬–૭૬

બહીલોલખાં લોદી–૧૪૫૦-૧૪૮૮-૩૮ એણે જવાનપુરના રાજા સાથે ૨૬ વરસ લડાઇ ચલાવી આખરે તાબે કર્યો. એ ૧૪૮૮ માં મરીગયો.

સીકંદર લોદી–૧૪૮૮-૧૫૧૭–૨૯ એ ધર્માંધ હતો. એણે

હિંદુ ધર્મને ઘણું નુકસાન કીધું. એના વખતમાં **આગ્રા**માં ગાદી થઇ ને નાનક પંથ નીકળ્યો. ૧૪૮૯માં **પોર્ટુગીજ** પેહેલો વહાણવટી **બાર્થોલોમ્યુડીઆઝ** હિંદુસ્તાનમાં વેપાર કરવા આવ્યો. એ ૧૫૧૭ માં મરી ગયો, પછી ઇબ્રાહીમ ગાદીએ બેઠો.

ઇબ્રાહીમ લોદી—૧૫૧૭—૧૫૨૬—૯ એનામાં સારા ગુણો ન હોવાથી કારભારીને અળખામણો થઇ પડયો. એના નાનાભાઇ **જલાલખાંએ** બંડ કર્યું, પણ ઇબ્રાહીમે મારી નાખ્યો. પંજાબના ગવર્નર **દોલતખાં** લોદીએ એનારાજથી કંટાળી તૈમુર વંશજ **કાબુલ**ના સુલતાન **બાબર**ને મદદે બોલાવી **લાહોર** જીત્યું, પછી **દિલ્લી** તરફ ગયો. ઇબ્રાહીમ **બાબરને પાણીપત**ના મેદાનમાં મળ્યો ને લડાઇ થઇ, તેમાં ઇબ્રાહીમ હાર્યો ને માર્યો ગયો. ૧૫૨૬.

પ્રકરણ ૧૫ મું.

દક્ષિણના સ્વતંત્ર રાજ્ય—બાબરે મોગલ પાદશાહી સ્થાપી તે પહેલાં દક્ષિણમાં **ચેરા**, **ચોલા**, ને **પાંડય** એ ત્રણ મુસલમાની રાજ્ય તથા **વિજયનગરનું** ને **બ્રાહ્મણી** વંશનું રાજ્ય હતાં. **ચેરા**ની રાજધાની **તાલ્કદ** હતું તેમાં ૫૦ રાજા થયા. **ચોલા**ની રાજધાની **કુંભકોનમ** ને **તાંજોર** હતાં, ને તેમાં ૬૬ રાજા થયા. સર્વથી મોટું **પાંડય** રાજ તેની રાજધાની **મદુરા** હતી ને તેમાં છેલ્લા ૧૧૬ મા રાજાને **કાફુરે** મારી નાંખ્યો. **વિજય નગરનું** હિંદુ રાજ ૧૧૧૮ થી ૧૫૬૫ સુધી હતું, તેમાં **નરસિંહ** નામે રાજા હતો. એના વંશના એક રાજકુમારે ૧૬૩૯ માં **મદ્રાસની** જગ્યા **અંગ્રેજને** આપીહતી.

બ્રાહ્મણીવંશ—૧૩૪૭-૧૫૨૫-૧૭૮ **અલાઉદીને** ૧૩૦૩ માં દક્ષિણ દેશ જીત્યો ત્યારથી દક્ષિણમાં મુસલમાની રાજ્ય સ્થપાયું. **મહમદ તઘલખ**ની પડતી વખતે **જાફરખાં** નામે પઠાણ સરદાર

સ્વતંત્ર થયો. તે પ્રથમ દિલ્હીમાં કાંગો [ગંગુ] નામે બ્રાહ્મણને ત્યાં ગુલામ હતો. તેણે એનાપર પ્રિતી બતાવી એનું ભવિષ્ય ભાખ્યાથી તેનું નામ રાખવાને પોતાના વંશનું નામ **બ્રાહ્મણીવંશ** પાડ્યું. એની રાજધાની **વરંગુલ**માં હતી. એ વંશમાં કુસંપ પેસવાથી પાંચ ભાગ થયા. [૧] **અદીલશાહી** ૧૪૮૯ માં **અદીલશાહે** **વિજાપુર**માં સ્થાપ્યું, તેની ૧૬૬૮ માં **ઔરંગજેબે** આખર આણી. [૨] **કુતુબશાહી** ૧૫૧૨ માં જુદું પડ્યું, તેની રાજધાની ગોવલકોંડામાં હતી, તે ૧૬૬૮ માં **ઔરંગજેબે** તોડ્યું. [૩] **નીજામશાહી** ૧૪૯૦ માં વસ્યું. એની રાજધાની **અહમદનગર**માં હતી. એમાં જમાબંદીની રીત બાંધનાર પ્રખ્યાત **મલીકંબર** થયોછે, તે ૧૬૩૬ માં **શાહાજહાંએ** તોડ્યું. [૪] **ઈમાદશાહી** ૧૪૮૪ માં વસ્યું. એની રાજધાની ઈલીચપુરમાં હતી. એ ૧૫૭૨માં **નીજામશાહીએ** જીત્યું. [૫] **બરીદશાહી** ૧૪૯૮ માં વસ્યું. તેની રાજધાની **બેદર**માં હતી. તે ૧૬૫૭ માં **ઔરંગજેબે** જીત્યું.

ઉત્તર હિંદના સ્વતંત્ર રાજ્ય—દક્ષિણમાં જેમ બ્રાહ્મણી, મુસલમાની ઇત્યાદિ રાજ્યો સ્વતંત્ર થયા, તેમ ઉત્તર હિંદમાં **બંગાળા** **માળવા**, ગુજરાત, **જવાનપુર** વીગેરે મુસલમાની રાજ્યો તથા **ચિતોડ**, **જેપુર**, **જોધપુર**ના રજપુત રાજ્યો સ્વતંત્ર **થયા**. **બંગાળા ૧૩૪૦** માં **મહમદ** તઘલખના વખતમાં સ્થપાયું, તે ૧૫૭૬ માં **અકબરે** જીત્યું. **માળવા ૧૪૦૧** માં સ્વતંત્ર થયું તે ૧૫૫૧ માં ગુજરાતના **બહાદુરશાહે** જીત્યું. **ગુજરાત** ૧૪૦૩ માં **જુફ્ફરખાંએ** રાજ્ય સ્થાપ્યું ને ૧૫૭૩ માં **અકબરે** જીત્યું. **જવાનપુર ૧૩૯૩** માં સ્વતંત્ર થયું તે **૧૪૭૮** માં **બહીલોલ લોદીએ** જીત્યું. **ચિતોડ**, **જયપુર**, **જોધપુર**, **વગેરે** રજપુત રાજ્યો **ફીરોજશાહ** તઘલખના વખતમાં સ્વતંત્ર **થયા**, તે **મોગલોએ** જીત્યાં.

પ્રકરણ ૧૬ મું.

મોગલ વંશ ૧૫૨૬–૧૮૫૭–૩૩૧

બાબર ૧૫૨૬–૧૫૩૦–૪

મુખ્ય બનાવો (૧) ૧૪૮૨માં જન્મ (૨) ૧૪૯૭ સમરકંદ ને ૧૫૦૪ કાબુલ જીત્યા (૩) ૧૫૨૬ માં ઇબ્રાહીમને પાણીપત આગલ હરાવી ગાદીલીધી (૪) ૧૫૨૭ સીકરી આગલ સંગને હરાવી ૧૫૨૮ ચંદેરીનો કિલ્લો લીધો (૫) ૧૫૨૯ બંગાળા ને બહાર લીધા (૬) રૈયતના સુખના સાધનો (૭) હુમાયુની માંદગી ને સારાથઇ બાબરનું ૧૫૩૦ માં મરણ.

એ૧૪૮૨ માં જન્મ્યો હતો, તે તૈમુરની છઠ્ઠી પેઢીએ ઉતરેલો હતો. બાર વરસની ઉમરે ૧૪૯૪ માં પોતાના બાપની ગાદીએ બેઠો. ૧૪૯૭ માં સમરકંદ ને ૧૫૦૪ માં કાબુલના રાજ્ય કબજે કર્યાં. ૧૫૨૬ માં પંજાબના સુબા દોલતખાં લોદીના બોલાવ્યાથી દિલ્લીના પાદશાહ ઇબ્રાહીમ લોદીને પાણીપત આગળ હરાવી મારીનાંખી હિંદુસ્તાનની ગાદીલીધી. ૧૫૨૭ માં ફતેપુર સીકરી આગળ મેવાડના રાણા સંગને હરાવી ૧૫૨૮ માં ચંદેરી ગઢને ઘેરો ઘાલ્યો, તેમાં મેદનીરાય પડયો. ૧૫૨૯ માં બંગાળા ને બાહાર જીત્યા. લડાઇમાં સપડાયાથી દારૂની પ્રતિજ્ઞા લીધી. એ ફુલને દારૂનો શોખી હતો એણે દિલ્લી તથા પેશાવર આગળ ટપાલ ચાલુકરી રૈયતના સુખસારૂ તલાવો ને ધર્મશાળા બંધાવ્યાં. એનો છોકરો હુમાયુ માંદો પડયો ત્યારે એણે પરમેશ્વરની પ્રાર્થના કરીકે એ સાજો થાય ને એનો રોગ મને આવે. ભોગજોગે હુમાયુ સાજો થયો ને બાબર માંદો પડયો, ને ૧૫૩૦ માં આગ્રામાં મરીગયો. એને ચાર છોકરા હતા. હુમાયુ, કામરાન, હિંદાલ ને મીરજા અસ્કરી.

પ્રકરણ ૧૭ મું.

હુમાયુ—૧૫૩૦-૧૫૪૦ ને ૧૫૫૬-૧૫૫૬

મુખ્ય બનાવો (૧) ૧૫૦૭ જન્મ (૨) ભાઇઓને રાજ્ય વહેંચણ (૩) ૧૫૩૫ ગુજરાતના બહાદુરશાહને હરાવી ચાંપાનેર લીધું (૪) ૧૫૩૯ બકસર ને ૧૫૪૦ કનોજ આગળ શીરશાહથી હાર (૫) ઇરાન નાશીજવું (૬) ઉમર કોટમાં અકબરનો ૧૫૪૨ માં જન્મ (૭) શીઆ પંથની કબુલાતે ઇરાની લશ્કરની મદદથી રાજગાદી લીધી (૮) સીડીથી લપસી મરણ.

એ ૧૫૦૭ માં જન્મ્યો હતો. એણે કામરાનને કાબુલ તથા કંદહાર, હિંદાલને સંભલપ્રાંત, તથા મીરજા અસ્કરીને મેવાડનો મુલક આપ્યો. એણે ૧૫૩૫ માં ગુજરાતના રાજા બહાદુરશાહને મંદેસર આગળ હરાવી ચાંપાનેર કિલ્લો લીધો. એવામાં એક અફગાન સરદાર શીરશાહે બંગાળા ને બહાર લઇ તેનીસામુ બળવો કર્યો. એનીસામે હુમાયુએ ૧૫૩૯ માં બકસર ને ૧૫૪૦ માં કનોજ આગળ લડાઇ કરી, પણ બંનેમાં હાર ખાવાથી નાસી ઇરાન ગયો. ત્યાંના રાજા તમસ્પે સુન્નાના બદલે શીઆપંથ પલાવવાની કબુલાતે ૧૪૦૦૦ માણસનું લસ્કર આપી એની ગાદી પાછી અપાવી. રસ્તામાં ઊમરકોટ આગળ ૧૫૪૨ માં અકબરનો જન્મ થયો. એ ૧૫૫૬ માં પોતાના રંગમેહેલની સીડીએથી ઉતરતાં પગ લપસવાથી ત્રણ દિવસ મંદવાડ ભોગવી મરીગયો.

પ્રકરણ ૧૮ મું.

શુરવંશ—૧૫૪૦—૧૫૫૬—૧૬

શીરશાહ—૧૫૪૦—૧૫૪૫—૫ એણે હુમાયુને ૧૫૩૯ બકસર ને ૧૫૪૦ માં કનોજ આગળ હરાવીને પોતાની બહાદુરીથી બંગા-

બાનો ધણી થયો. એણે રાયગઢના હિંદુઓને કપટથી માર્યા ને મારવાડના રાજાનો રેઝીન કિલ્લો હાથકરી તેમાંના તમામ હિંદુઓને મારી નાંખ્યા. એણે ઠામઠામ કુવા, ધર્મશાળા, ને ૨૦૦૦ મૈલ લાંબી સડક બંધાવી ટપાલ લઇજવા કાસદો રાખ્યા. ૧૫૪૫ માં કલીંજરમાં દારૂનું પીપ ફાટવાથી દાઝીને મરીગયો.

સલીમશાહ–૧૫૪૫–૧૫૫૩-૮ એ એનો દીકરો હતો, પણ રાજકારભાર ચલાવવાનો દમ નહિ હોવાથી એના વડાભાઇ **અદીલશાહે** ગાદીલઇ લીધી.**અદિલશાહ**–૧૫૫૩–૧૫૫૬–૩ એના વખતમાં હુમાયુ ઇરાનથી મદદ લઈ આવ્યો ને રાજગાદી લીધી, તેમજ માળવા, બંગાળા, પંજાબ વીગેરેના સુબા સ્વતંત્ર થઇગયા, ને રાજમાં ગડબડ થઇ. આખરે ૧૫૫૬ માં પાણીપતના મેદાનમાં બહેરામની મદદથી અકબરે અફગાન ફોજને હરાવી ફરી મોગલ સત્તા સ્થાપી.

પ્રકરણ ૧૯ મું.

અકબર–૧૫૫૬–૧૬૦૫–૪૯

મુખ્ય બનાવો (૧) બહેરામખાંનો રાજ્ય કારભાર (૨) પાણીપત આગળ ૧૫૫૬ માં અદીલશાહના વજીર હેમુની હાર (૩) ૧૫૬૦ અકબરે રાજની લગામ લીધી (૪) ૧૫૬૧–૬૮ રજપુત રાજ્યો તાબેદાર થયા (૫) ૧૫૬૮ ચિતોડ (૬) ૧૫૭૩ ગુજરાત (૭) ૧૫૭૬ બંગાળા (૮) ૧૫૮૬ કાશ્મીર (૯) ૧૫૯૨ સિંધ (૧૦) ૧૫૯૯ અહમદનગર લીધાં (૧૧) જજીઆવેરો ને સતીથવાના ચાલ કાઢયા (૧૨) ટોડરમલની જમાબંધી (૧૩) અબુલ ફાજલ પ્રધાનની આઈને અકબરી

એ ૧૫૪૨ માં ઉમરકોટ આગળ જન્મ્યો હતો. એ નાની વયે ગાદીએ બેઠો તેથી રાજયકારભાર એનો વજીર બહેરામ ચલાવતો

હતો. એને ખાનબાબા ટ્હેતા. એણે ૧૫૫૬ માં પાણીપત આગળ આદિલશાહના વજીર હેમુને હરાવ્યો. એ જુલમી ને અહંકારી હતો. ૧૫૬૦ માં અકબરે રાજનીલગામ હાથમાં લીધી તેથી એણે સામા થઈ બંડ ઉઠાવ્યું, પણ અકબરે તે સમાવી એને માફી આપી પેન્સન આપ્યું. એ મક્કે હજ કરવા જતો હતો એવામાં રસ્તે કોઈ અફગાને મારી નાંખ્યો. હવે અકબરે પોતાના સરદારોપર સત્તા બેસાડવામાં, હિંદુ રજવાડા તથા સ્વતંત્ર થયેલા સુબાઓને વશ કરવામાં તથા જીતેલા મુલકનો બંદોબસ્ત કરવામાં દીલ લગાડયું. ૧૫૬૧ થી ૧૫૬૮સુધી રજપુત રાજ્યોને મોગલ પાદશાહીના તાબેદાર કર્યાં. એણે ૧૫૬૮ માં ચિતોડ, ૧૫૭૩ માં ગુજરાત, ૧૫૭૬ માં બંગાળા, ૧૫૮૬ માં કાસ્મીર, ને ઓઢીઆ, ૧૫૯૪ માં કંદહાર, ૧૫૯૯ માં અહમદનગર ને ૧૬૦૧ માં ખાનદેશ હસ્તકર્યાં. એણે જમાબંધીની રીતનો પાયો નાંખ્યો; જજીઆવેરો તથા સતીથવાના ચાલ કાઢી નાખ્યા; વિદ્યા તથા વિદ્વાનોને આશરો આપ્યો ને ખેડુતને સુખી કર્યાં; હિંદુઓને મોટી જગ્યા આપી, તથા રૈયતને પોતાનો ધર્મ પાલવા દીધો. એના પ્રધાન ટોડરમલે જમાબંધીની રીત બાંધી અને બીજા પ્રધાન અબુલ ફાજલે આઇને અકબરી બનાવ્યું. એ રાજકાભારમાં બહાદુર, દૃઢ, ઉદાર મનનો, ક્ષમાવાન, ને શરણે આવેલા પર દયા રાખતો. એને ઊંઘ થોડી હતી ને મિતાહારી હતો. એના રાજની પેદાશ ૪૨ કરોડ હતી. એને ત્રણ દીકરા હતા. સલીમ, દાનીઆલ ને મુરાદ. એ પોતાની ૬૩ વરસની ઉમરે મરી ગયો. એ સર્વોત્તમ ગણાય છે.

પ્રકરણ ૨૦ મું.

જહાંગીર (સલીમ) ૧૬૦૫–૧૬૨૭–૨૨

મુખ્ય બનાવો (૧) ૧૬૧૧ નુરજહાંને પરણ્યો (૨) ૧૬૦૭ ક્પ્તાન હોકીન્સ આવ્યો (૩) ૧૬૧૦ મલીકંબર સ્વતંત્ર થયો (૪)

૧૬૧૪ ઉદેપુરના રાણાની હાર (૫) ૧૬૧૫ સર ટામસરો આવ્યો (૬) ૧૬૨૩ શાહાજહાંનું બંડ (૭) ૧૬૨૫ મોહોબતખાં સાથે કજીઓ (૮) ૧૬૨૬ સલીમનું કેદખાનું ને છુટવું (૯) તમાકુ ને મકાઇ દાખલ થયા.

એણે ૧૬૧૧ માં બંગાળાના **શીર** અફગાનને મારીનાંખી **નુરજહાં** નામની ખુબસુરત ઇરાની છોકરીને પરણ્યો. એ ઘણી રૂપાળી હતી. એનો બાપ એને ઇરાનથી લાવ્યો હતો. એ **અકબરના** જનાનખાનામાં ઉછરી હતી. **જહાંગીરે** એને પ્રથમ પરણવાનું ઇચ્છ્યું, પણ તે **અકબરને** પસંદ ન પડવાથી **શીર** અફગાન સાથે પરણાવી જેને હવે મારીનાંખી પોતે પરણ્યો, ને તેના બાપ તથા ભાઇને રાજમાં મોટી નોકરી આપી. એના વખતમાં ૧૬૦૭ માં કપ્તાન **હોકીન્સ** કંપની તરફથી એની દરબારમાં આવ્યો. ૧૬૧૦ માં **મલીકંબર** દક્ષિણમાં સ્વતંત્ર થયો. ૧૬૧૪ માં એના છોકરા **શાહાજહાંએ** ઉદેપુરના રાણાને હરાવ્યો. ૧૬૧૫ માં ઇંગ્લાંડના રાજા પહેલા **જેમ્સે** **સર ટોમસ રો** નામે એલચી મોકલ્યો. ૧૬૨૩ માં **શાહાજહાંએ** બંડ ઉઠાવ્યું, પણ **મોહોબતખાંએ** સમાવ્યું. ૧૬૨૫માં **મોહોબતખાં** સાથે **નુરજહાંને** કજીઓ થયો, તેથી ૫૦૦૦ સ્વાર લઇને ૧૬૨૬ માં **સલીમને** કેદ કર્યો, પણ **નુરજહાંએ** યુક્તિથી છોડવ્યો. એ રાજનું કામ ડહાપણ તથા ઇનસાફથી કરતો, પણ દારૂ બહુ પીતો હતો. એના વખતમાં તમાકુ ને મકાઇ પ્રથમ દાખલ થયા. એના રાજની ઉપજ ૫૦ કરોડ હતી, એને ચાર છોકરા હતા. **ખુશરૂ**, **શાહાજહાં** **શેહેરીઆર**, ને **પરવીઝ**.

પ્રકરણ ૨૧ મું.

શાહાજહાં—૧૬૨૭–૧૬૫૮–૩૧

મુખ્ય બનાવો (૧) ૧૬૨૭ બલ્ક ને ૧૬૩૭ કંદહાર છત્યા (૨)

વીજાપુર ને ગોવલકોંડા પાસે ખંડણી લીધી (૩) ૧૬૩૧ પોર્ટુગીઝને બંગાળામાંથી કાઢયા (૪) છોકરાઓનું માંહોમાંહે લડવું ને કપટથી ઔરંગજેબનું રાજગાદી લેવું (૫) ૧૬૫૭ કાશી આગળ સુજાની હાર (૬) દારાની ઉર્જૈન ને આગ્રા આગળ હાર (૭) શાહાંજહાંનું કેદખાનું (૮) ૧૬૬૮ કેદખાનામાં મરણ (૯) તાજમેહેલ ને મ્યુરાસન બનાવ્યા.

એણે ૧૬૨૭ માં બલ્ક તથા ૧૬૩૭માં કંદહાર જીત્યા, પણ ૧૬૪૯ માં ઇરાનીઓએ પાછું કંદહાર લઇલીધું. દક્ષિણમાં ઇલીચપુર તથા બેદરગઢ જીતી વીજાપુરને ગોવલકોંડા પાસે ખંડણીલીધી. ૧૬૩૧ માં પોર્ટુગીઝ લોકોને બંગાળામાંથી કાઢી મુકયા. નુરજહાં ૧૬૪૫ માં મરીગઇ. એને ચાર છોકરા હતા. દારા, સુજા, ઔરંગજેબ ને મુરાદ. દારા બહાદુર પણ ભોળો હતો; સુજા વિષયી પણ હોંચકારો હતો; ઔરંગજેબ લોભી, બુધ્ધિવાન, બહાદુર ને કપટી હતો; મુરાદ વિષયી ને કમ અક્કલનો હતો. શાહાજહાં માંદો પડયો ત્યારે દારા ને સુજા માંહોમાંહે લડયા, તેમાં ૧૬૫૭ માં કાશી આગળ સુજા હાર્યો. ઔરંગજેબે કપટથી મુરાદને પક્ષમાં લીધો ને દારાને ઉર્જૈન ને આગ્રા આગળ ૧૬૫૭ માં હરાવ્યો, ને પોતાના બાપ તથા મુરાદને કેદકરી પોતાની દુવાઇ ફેરવી. શાહાજહાં ૧૬૬૮ માં કેદખાનામાં મરીગયો. એણે આગ્રામાં પોતાની રાણી મુમતાજની યાદગિરી સારૂ તેની કબરપર તાજમહેલ બંધાવ્યોછે, તથા પોતાને બેસવાસારૂ રત્નજડીત ૬॥ કરોડ રૂપીઆનું મ્યુરાસન બનાવ્યું છે. એના રાજની પેદાશ ૨૨ કરોડ હતી.

પ્રકરણ ૨૨ મું.

ઔરંગજેબ ૧૬૫૮—૧૭૦૭—૪૯

મુખ્ય બનાવો—(૧) ૧૬૧૮ જન્મ (૨) ભાઇ ભત્રિજાનો નાશ

કરી ગાદી લીધી (૩) ૧૬૬૪ શિવાજી હરીફ રાજા થયો (૪) ૧૬૬૫ શિવાજીને વશ કરવામાં શાહિસ્તેખાનનું નિષ્ફળ થવું (૫) ૧૬૭૬ સતરામીનું બંડ (૬) ૧૬૭૭ જંજીઆવેરો ચાલુ (૭) ૧૬૮૬ વીજાપુર (૮) ૧૬૮૭ ગોવલકોંડા (૯) ૧૭૦૦ સતારા લીધાં (૧૦) ૧૭૦૧ સર વીલીયમ નોરીસ આવ્યો (૧૧) રજપુતોનું સામા થવું (૧૨) હિંદમાં પુરૂ અમલ (૧૩) ૧૭૦૭ મરણ (૧૪) મોગલવંશની પછીથી પડતી.

એ ૧૬૧૮માં જન્મ્યો હતો. એણે પોતાના બાપને કેદ કરી વડાભાઈ દારાને મરાવી નંખાવી સુજાને આરાકાન નસાડયો, ને મુરાદને બંદીખાનામાં નાંખી શીરચ્છેદ કરાવ્યો, તથા દારાના સરદાર જસવંતસીંહને હરાવી તેના વડાપુત્ર સુલેમાનને મારી નાંખી ગાદી લીધી. ૧૬૬૨માં આસામપર ચડાઇ કરી. ૧૬૬૪માં દક્ષિણમાં શિવાજી મરેઠો હરીફ રાજા થયો. ૧૬૬૫માં તેને વશ કરવાને શાહીસ્તેખાનને મોકલ્યો, પણ નિષ્ફળ ગયો. ૧૬૭૬માં સતરામી નામે હિંદુ પંથીઓને સતાવ્યા. ૧૬૭૭માં જજીઆ વેરો ચાલુ કર્યો. ૧૬૮૬માં વીજાપુર ને ૧૬૮૭માં ગોવલકોંડા તથા ૧૭૦૦ સતારા લીધાં. ૧૭૦૧માં સર વીલીયમ નોરીસ નામે અંગ્રેજ એલચી એની દરબારમાં આવ્યો. એ રજપુતો સામે ધર્માંધપણે દ્વેષથી વર્ત્યો, તેથી રજપુતો એની સામા થયા. એણે જેપુર તથા જોધપુરના રાજાને સતાવ્યા, તેમજ નીમકહલાલ રાજા જસવંતસીંહના મરણ પછી તેની સ્ત્રી ને કુંવરોપર જુલમ ગુજાર્યો, તેથી રજપુતોએ ગુસ્સે થઇ માળવાના મુસલમાની પ્રાંતો ઉજ્જડ કરી, મસીદો ભાંગી નાંખી, કુરાન બાળી નાંખ્યા. એનો છોકરો અકબર તેમની સાથે મળી ગયો તેથી એમની સાથે ૧૬૮૧માં સલાહ કરી. એ મુસલમાની ધર્મ વધારવા ચાહતો ને કામમાં ઉદ્યોગી હતો. એના રાજની ઉપજ ૮૦ કરોડ હતી. એનું રાજ્ય ઉત્તરે કાશ્મીરથી દક્ષિણે કન્યાકુમારી સુધી

ને પુર્વે **આસામ**થી પશ્ચિમે **સીંધ** સુધી હતું. એ બહાદુર લુચ્ચો ને દગલબાજ હતો. એ ૧૭૦૭માં મરી ગયો. એને પાંચ છોકરા હતા. **મહમદ, મોઆજીમ, અકબર, આજમ** ને **કામબક્ષ.** વડો ૧૬૬૭માં ગ્વાલીઅરમાં મરી ગયો.

અકબરને ઔરંગજેબના ગુણના મુકાબલા માટે જુઓ પ્રકરણ ૩૮.

પ્રકરણ ૨૩ મું.

બહાદુરશાહ ૧૭૦૭-૧૭૧૨-૫ **ઔરંગજેબના** મરણ પછી **આજમ** ને **કામબક્ષ** માંહોમાંહે લડ્યા ને માર્યા ગયા, ને **મોઆજીમ બહાદુરશાહ** નામ ધારણ કરી ગાદીએ બેઠો. એના વખતમાં રજપુતો, મરેઠા, ને શીખ લોકો સ્વતંત્ર થયા. એના રાજની સત્તા **જુલફીકરખાં** વજીરના હાથમાં હતી.

જહાંદારશાહ ૧૭૧૨-૧૭૧૩-૧ એણે પોતાના ભાઈ ભત્રિજાની કતલ કરી ગાદી લીધી. એની કતલમાંથી બચેલો એનો ભત્રિજો **બહાર** તથા **અલાહબાદના** સુબા **સૈયદ હુસન** તથા **સૈયદ અબદલ્લાની** મદદ મેલવી **જુલ્ફીકરખાંને** ૧૭૧૩ની **આગ્રાની** લડાઇમાં હરાવી ગાદી લીધી.

ફરૂકશીઅર ૧૭૧૩-૧૭૧૯-૬ એના વખતમાં સઘળી રાજ સત્તા સૈયદોના હાથમાં હતી. સૈયદ **હુસન** વજીર બન્યો ને **અબદલ્લા** લસ્કરનો ઉપરી બન્યો. એ સૈયદો "કીંગમેકર" બાદશાહ બનાવનાર કહેવાય છે. એનો મુખ્ય હરીફ **નીજામ-ઉલ-મુલ્ક** હતો. ૧૭૧૬માં શીખ લોકે બંડ કર્યું ને રજપુતો સ્વતંત્ર થઇ ગયા. એ માંદો પડ્યો ત્યારે **હેમીલ્ટન** નામના અંગ્રેજી વૈદે સાજો કર્યો તેથી બાદશાહે તેને કેટલીક જાગીર આપી, ને અંગ્રેજી માલપરથી જકાત કાઢી નાંખી. **ફરૂકશીઅરે** સ્વતંત્ર થવાની ઇચ્છા બતાવી તેથી **સૈયદોએ**

તેને મારી નાંખી એના પછી બે બાળકોને વારાફરતી ગાદી આપી ને પછીથી તેમને મારી નાંખી **મહમદશાહને** ગાદી આપી.

મહમદશાહ ૧૭૧૯–૧૭૪૮–૨૯ એના વખતમાં ૧૭૨૦ માં **નિઝામ–ઉલ–મુલ્કે** દક્ષિણમાં સ્વતંત્ર ગાદી સ્થાપી ને **શાહાપુર** આગળ **અબદલ્લાને** હરાવ્યો. **હુસન** દગાથી માર્યો ગયો. ૧૭૩૨માં **ઔઢીઆનો** સુબો **સાદતખાં** સ્વતંત્ર થયો. ૧૭૩૮માં **ઈરાનનો** બાદશાહ **નાદીરશાહ** ચઢી આવ્યો ને ૫૮ દિવસ **દિલ્લીમાં** કતલ ચલાવી ૩૦૦૦૦ માણસને મારી નાંખી, **શાહાજહાંવાળું મયુરાસન** તથા કોહીનુર હીરો મળી ૩૨ લાખ રૂપીઆનું ધન લઇ પાછો ગયો. ૧૭૪૭માં અફગાન પઠાણ સરદાર **અહમદશાહ** દુરાની પેહેલીવાર હિંદપર ચઢી આવ્યો.

અહમદશાહ ૧૭૪૮–૧૭૫૪–૬ એના વખતમાં ૧૭૫૦માં રોહીલાએ બંડ કર્યું. ૧૭૫૧માં મરેઠાને **ઔઢીઆ** ને **બંગાળા** પ્રાંતની સત્તા મલી. ૧૭૫૨માં દુરાની બીજીવાર ચઢી આવ્યો. એના સરદાર **ગાજ્યુદીને** એને આંધળો કરી ૧૭૫૪માં મારી નાંખી **આલમગીર** બીજાને બેસાડયો.

આલમગીર બીજો ૧૭૫૪–૧૭૫૯–૫ એના વખતમાં અહમદ દુરાનીએ મુકેલા **પંજાબના** સુબાને **ગાજ્યુદીને** કાઢી મુકયો, તેથી ૧૭૫૬માં એ ત્રીજીવાર આવ્યો, ને દિલ્લીમાં ને **મથુરામાં** લુંટ તથા કતલ કરી સ્ત્રી પુરૂષોને ગુલામ કરી લઈ ગયો. એ ૧૭૫૯માં ચોથીવાર આવ્યો. **ગાજ્યુદીને** પછી **આલમગીરને** મારી નાંખી **શાહાઆલમને** ગાદી આપી.

શાહાઆલમ બીજો ૧૭૫૯–૧૮૦૬–૪૭ એના વખતમાં મરેઠાનું જોર વધ્યું હતું. તેઓણે **દિલ્લી** તથા **લાહોર** લઈ દુરાનીનો મુલક લુંટયો, તેથી એ ૧૭૬૧માં પાંચમીવાર આવ્યો ને

પાણીપતના મેદાનમાં મરેઠા સરદાર વિશ્વાસરાવ તથા ભાઉસાહેબ લડયા તેમાં તે મરાયા ને મરેઠા હાર્યા. પછી શાહઆલમ ૧૭૭૧ સુધી અંગ્રેજને તાબે રહ્યો, પછી સિંધીઆને તાબે થયો. ૧૮૦૩માં લાડ લેક સિંધીઆને હરાવી છોડવ્યો. ૧૮૦૬માં ગુલામ કાદરે તેને આંધળો કર્યો. તે સાલમાં એ મરી ગયો.

એના પછી એનો પુત્ર બીજો અકબર તથા મહમદ બહાદુરશાહ થયા. એમણે નામની પાદશાહી ભોગવી. છેલ્લો પાદશાહ ૧૮૫૭ના બળવામાં સામેલ હતો, તેને અંગ્રેજે રંગુનમાં કેદ કર્યો ત્યાં તે ૧૮૬૨માં મરી ગયો ને આ પ્રમાણે મોગલવંશનો અંત આવ્યો.

મોગલવંશની પડતીના કારણો માટે જુઓ પ્રકરણ ૪૪.

પ્રકરણ ૨૪ મું.

મરેઠીવંશ ૧૬૬૪—૧૮૪૮—૧૮૪

શિવાજી ૧૬૬૪-૧૬૮૦-૧૬

મુખ્ય બનાવો (૧) ૧૬૨૭માં સ્યુનરીમાં જન્મ (૨) દાદાજી કોંડદેવ પાસે શીખ્યો (૩) ૧૬૪૬ ટોરનીઆ લઈ રાયગઢ બંધાવ્યો (૪) ૧૬૫૯ અફઝુલખાનનો નાશ (૫) ૧૬૬૨ શાહિસ્તેખાનનું છટકવું (૬) ૧૬૬૩ સુરત લુટયું. (૭) ૧૬૬૪ રાજ્યપદ ધારણ(૮) ૧૬૬૬ દિલ્લી ગયો ને ત્યાં કેદ થયો (૯) ૧૬૬૮ વીજાપુર ને ગોવલકોંડા પાસે ખંડણી (૧૦) ૧૬૭૦ ફરી સુરતલુટયું (૧૧) ૧૬૭૪ રાજ્યાભિષેકને સુવર્ણ તોલ દાન (૧૨) ૧૬૮૦ મરણ.

એ ૧૬૨૭માં સ્યુનરીના કિલ્લામાં જન્મ્યો હતો. ઉદેપુરના રાણાનો ભેંસી નામે છોકરો જે દક્ષિણ નાસી ગયો હતો તેના વંશ-

જેમાં ૧૦મો પુરૂષ **માલોજી ભોંસલે** અહમદનગરના રાજ્યમાં નોકર હતો, તેને **શાહાજી** નામે દીકરો હતો; તેના લગ્ન મરેઠીસરદાર **જાદવરાયની** પુત્રી **જીજીબાઈ** સાથે થયું, તેનાથી **શિવાજી** ઉત્પન્ન થયો. એને ભણાવવા દાદાજી કોંડે બ્રાહ્મણને રાખ્યો હતો. તેની પાસેથી ભણ્યો ગણ્યો નહિ, પણ ઘોડા ખેલવવાનું ને શસ્ત્ર વાપરવાનું શીખ્યો. એ માવળા લોકને સિપાઇ રાખતો તેને પગાર નહિ આપતો પણ લુંટનો ભાગ આપતો. એણે ૧૬૪૬ માં **ટોરની**-આની ટેકરી લીધી, તેમાંથી પુષ્કળ દ્રવ્ય નીકળ્યું, જેવડે **રાયગઢ** કિલ્લો બંધાવ્યો. ૧૬૫૯ માં **વિજાપુરના** રાજાએ **અફ્ઝલખાનને** એને મારી નાંખવા મોકલ્યો, પણ **શિવાજીએ** દગાથી તેને એકલો શસ્ત્રવિના મલવા બોલાવી વાઘના નખ ભોકી મારી નાંખ્યો. ૧૬૬૨ માં **ઔરંગજેબે શાહીસ્તેખાનને** મોકલ્યો, જેની બે આંગળીઓ કાપીનાંખી નસાડયો. એણે ૧૬૬૩ માં **સુરત** લુંટયું ને ૧૬૬૪ માં એનો બાપ મરીજવાથી રાજ્યપદ ધારણ કીધું. ૧૬૬૫ માં વિજાપુર જીતવામાં ઔરંગજેબને મદદકરી, તેથી એને માન આપવાને ૧૬૬૬ માં **દિલ્હી** બોલાવ્યો, જ્યાં એને તથા એના છોકરાને કેદકર્યા, ત્યાંથી મીઠાઇની પેટીમાં બેસી નાશીગયા. ૧૬૬૮ માં **વીજાપુર** ને **ગોવલ**-**કોંડાના** રાજ્યો પાસેથી ખંડણી લીધી. ૧૬૭૦ માં બીજીવાર **સુરત** લુંટયું. ૧૬૭૩ માં **સતારા** લીધું. ૧૬૭૪ માં રાજ્યાભિષેક કરાવી પોતાના તોલ જેટલું સોનું બ્રાહ્મણને દાનકર્યું. ૧૬૭૬માં પોતાનું રાજ્ય **કર્ણાટક** સુધી ફેલાવ્યું. એ ૧૬૮૦ માં મરીગયો. એ બહાદુર, હિમતવાન, યુક્તિબાજ, ચતુર ને સાહસીક હતો, એને બે છોકરા હતા. (૧) સંભાજી (૨) રાજારામ.

સંભાજી—૧૬૮૦-૧૬૮૯-૯ એ કલુશા નામે કનોજીઆ બ્રાહ્મણની માઠી સોબતમાં પડી વિષયમાં ગરક થઈ ગયો. એ પોતાની વાડીમાં નિશામાં ચકચુર હતો, તેવામાં **ઔરંગજેબે** કેદ પકડયો

ને કહ્યું કે મુસલમાન થાય તો ઊગરે, તેના જવાબમાં સંભાજીએ કહ્યું કે તારી શાહાજાદી પરણાવે તો મુસલમાન થાઊં. આથી ઔરંગજેબે ગુસ્સે થઇ તેની આંખોપર દામ દેવડાવી તથા જીભ કપાવી મારી નાંખ્યો, તેમજ કલુશાને મારી નાંખ્યો; ને તેની રાણી તથા છોકરાને દિલ્હી લઈ જઈ કેદ કર્યા. એ બહાદુર પણ ઘાટકી ને વ્યસની હતો.

રાજારામ—૧૬૮૯–૧૭૦૦–૧૧ **સંભાજીનો** કુંવર **શાહુ** દિલ્હીમાં કેદ હોવાથી મરેઠાઓએ **શિવાજીના ઓરમાન ભાઈ રાજારામને** ગાદીએ બેસાડયો. **ઔરંગજેબે** ૧૬૯૮ માં **જીંજીગઢને** ઘેરો ઘાલ્યો પણ જીતાયો નહિ, **રાજારામ** તેમાંથી લાંચ આપી નાશીગયો. એ ૧૭૦૦ માં મરી ગયો.

શિવાજી બીજો ૧૭૦૦—૧૭૦૮–૮ **રાજારામના** મરણ પછી તેના ૧૦ વરસના કુંવર **શિવાજીને** ગાદી આપી, ને તેના બતી તેની મા **તારાબાઈ** રાજ્યકારભાર કરવા લાગી. આ વખતે **ઔરંગજેબના** મરણ પછી **સંભાજીનો** છોકરો **શાહુ** મોગલરાજને તાબે રહેવાની કબુલાતે છુટી ગાદી લેવા આવ્યો, પણ **તારાબાઇ** સામે થઈ, જેને **શાહુએ** હરાવી ગાદી લીધી; તેથી **તારાબાઈ કોલાપુર** જઇ રાજ કરવા લાગી. આ પ્રમાણે **સતારા** ને **કોલાપુર** બે શાખા થઇ.

શાહુ પેહેલો ૧૭૦૮—૧૭૪૮—૪૦ **ઔરંગજેબના** દરબારમાં એ ઉછેરાયાથી મોજશોખી થયો હતો. એણે **બાલાજી વિશ્વનાથ** નામે બ્રાહ્મણને બધી સત્તા સોંપી. એના કુલના **પેશ્વા** કહેવાય છે. એણે **શાહુનું** રાજ્ય વધાર્યું. ૧૭૧૯માં **દિલ્હી** જઇ **મહમદશાહ** પાસે દક્ષિણની ચોથ લેવાનું તથા મરેઠી રાજનું સ્વતંત્ર પણું કબુલ કરાવ્યું. આ વખતથી મરેઠા માત્ર નામનાજ રાજા રહ્યા.

એ ૧૭૪૯માં મરી ગયો. એને કુંવર નહિ હોવાથી બીજા શિવાજીના કુંવર રામરાજાને ગાદી આપી.

રામરાજા ૧૭૪૯—૧૭૭૭-૨૮ એણે પેશ્વાની સામા થઇ રાજ્ય ચલાવવાની ઇચ્છા બતાવી, પણ નહિ ફાવ્યાથી સતારાની આસપાસના કેટલાક ગામડાં લઇ બધો અધિકાર પેશ્વાને સોંપ્યો, ને ગાદી પરથી હાથ ઉઠાવ્યો. પેશ્વાની ગાદી આ વખતથી સતારાથી જુદી થઈ. એ ૧૭૭૭માં અપુત્ર મરી ગયો.

શાહુ બીજો ૧૭૭૭—૧૮૧૮—૪૧ એ રામરાજાનો દત્તક પુત્ર હતો. એણે પેશ્વાના બંધનથી છુટવાને તોફાન કર્યું, તેથી પેશ્વાએ ૧૮૦૧માં તેને તથા તેના બે છોકરાને કેદ કર્યા. પછી અંગ્રેજ સરકારે ૧૮૧૮માં પ્રતાપસિંહને ગાદી આપી.

પ્રતાપસિંહ ૧૮૧૮-૧૮૪૦-૨૨ એના પર ૧૮૩૯મા ફીતુરનો વહેમ આવવાથી તેના ભાઇ આપાસાહેબને (શાહાજીને) ૧૮૪૦ માં ગાદી આપી.

શાહાજી ૧૮૪૦-૧૮૪૮-૮ એ અપુત્ર મરી ગયો ત્યારે અંગ્રેજ સરકારે એનું રાજ્ય ખાલસા કરી ને તેના દત્તક રામરાજા ભોંસલેને ૫૦૦૦૦નું વરસાન બાંધી આપ્યું. એ રીતે શિવાજીના વંશના પેહેલા ભાગનો અંત આવ્યો, ને બીજો ભાગ જે કોલાપુર તે અંગ્રેજ સરકારના આશ્રય નીચે હજુ ચાલે છે. તેમાં આજે શ્રી શાહુ છત્રપતિ રાજ કરે છે.

પ્રકરણ ૨૫ મું.

પેશ્વાવંશ ૧૭૧૪-૧૮૧૮-૧૦૪

બાલાજી વિશ્વનાથ ૧૭૧૪-૧૭૨૦-૬ એ જાતે બ્રાહ્મણ હતો, ને પોતાના બુદ્ધિબળે તથા ઉદ્યોગે શાહુ ૧લાના વખતમાં

પ્રધાનપદ પામ્યો. એણે પ્રધાન તરીકે મરેઠી રાજ્ય ઘણું સરસ ચલાવ્યું. ૧૭૧૯ માં દિલ્લી જઈ દક્ષિણની ચોથ ને મરેઠી રાજ્યનું સ્વતંત્રપણું મહમદશાહ પાસે કબુલ કરાવ્યું. એ ૧૭૨૦માં મરી ગયો તેજ વખતે ખંડેરાવ તથા દામાજી ગાયકવાડ પણ મરી ગયા. એને બે પુત્ર હતા (૧) બાજીરાવ (૨) ચીમનાજી.

બાજીરાવ ૧ લો ૧૭૨૦–૧૭૪૦–૨૦ એણે રાણોજી સીંધીઆ તથા મલ્હારરાવ હોલ્કર વીગેરેને સારી જગ્યા આપી, ને નર્મદા તથા ચંબલનો પ્રદેશ તથા માળવા દિલ્લીના શાહ પાસેથી ખુંચી લીધા. ૧૭૩૪ માં ગુજરાતના સુબા ત્રીંબકરાવને ડભોઈ આગળ હરાવ્યો. ૧૭૩૬ માં નિઝામ-ઉલ-મુલ્કને તથા બાદશાહની ફોજને ભોપાળ આગળ સખત હાર આપી કેટલોક મુલક ને ૫૦ લાખ રૂપીઆ લીધા. રઘુજી ભોંસલેએ વરાડ તથા ચીમનાજી આપાએ પોર્ટુગીઝ પાસેથી ૧૭૩૯માં વસાઇ લીધાં. એના વખતમાં ૧૭૩૮માં નાદિરશાહ દિલ્લીપર ચઢી આવ્યો. મરેઠામાં શિવાજી તથા બ્રાહ્મણોમાં બાજીરાવ જેવા વીરપુરૂષો થયા નથી. એને બાલાજી, રાઘોબા ને સમશેર બહાદુર નામે ત્રણ છોકરા હતા.

બાલાજી બીજો ૧૭૪૦–૧૭૬૧–૨૧ એના વખતમાં ૧૭૫૧ માં પેશ્વાની ગાદી પુનામાં થઈ. ૧૭૪૧ માં અંબુર આગળ કર્ણાટકના નવાબ દોસ્તઅલીને હરાવી ફરી ૧૭૫૭માં કર્ણાટકના નવાબ તથા મૈસુરના રાજા પાસેથી ખંડણી લીધી. ૧૭૬૦માં ઉદગીર આગળ ચીમનાજીના દીકરા સદાશીવે નીઝામને હરાવ્યો. નાગપુરના ભોંસલાએ ૧૭૪૨ ને ૧૭૪૩માં બંગાળાપર ચઢાઈ કરી ને ત્યાંના નવાબ અલીવરદીખાન પાસેથી બંગાળાની ચોથ તથા ઓઢીઆ પ્રાંત લીધા. ૧૭૫૮માં રઘુનાથરાવે દુરાનીનો પંજાબ પ્રાંત જીત્યો તેથી દુરાની પાંચમીવાર હિંદપર ચઢી આવ્યો ને ૧૭૬૧માં

પાણીપતના મેદાનમાં લડાઇ થઇ, તેમાં **ભ**રતપુરનો **સુ**રજમલ તથા રજપુતો મરેઠી પક્ષમાં હતા, ને મરેઠી લશ્કર ઘણું હતું, તોપણ મરેઠા હાર્યા ને પેશ્વાનો પુત્ર વિશ્વાસરાવ તથા **સદાશીવ ભાઊ** રણમાં પડયા. આ હાર સાંભળી **બાલાજી પેશ્વા** મરી ગયો. એને વિશ્વાસરાવ, **માધવરાવ** ને **નારાયણરાવ** નામે ત્રણ છોકરા હતા.

માધવરાવ ૧લો ૧૭૬૧–૧૭૭૨–૧૧ એ નાનો હતો તેથી રાજકારભાર એનો કાકો **રઘુનાથરાવ** કરતો હતો. એણે ૧૭૬૫ માં **મૈસુર**પર ચડાઇ કરી **હૈદર**ને હરાવી ૩૨ લાખ દંડ લીધો. **મહાદજી સીંધીઆએ રજપુત** સંસ્થાન તથા રોહીલખંડમાંથી ખંડણી લીધી ને દિલ્હીના પાદશાહને તાબે કર્યો. ૧૭૬૬માં **મલ્હાવરાવ** હોલ્કર મરી ગયો. ૧૭૭૨માં **ચેર**કુલીના રણમાં **હૈ**દરને હરાવ્યો. એના વખતમાં **સ**ખારામ બાપુ, **રા**મસાત્રી, **ત્રં**બકરાવ મામા તથા **નાના ફ**દનવીશ ચતુર સરદારો હતા. એ ૧૭૭૨માં મરી ગયો. એને પુત્ર ન હોવાથી એના ભાઇ **નારાયણરાવ**ને ગાદી મલી.

નારાયણરાવ ૧૭૭૨–૧૭૭૪–૨ એના કાકા **રાઘોબા**એ રાજ્ય લેવાની લાલચે ૧૭૭૪માં એનો ઘાત કર્યો, પણ એટલામાં એની રાણીને પુત્ર સાંપડવાથી મરેઠા સરદારોએ તેને **સવાઇ માધવરાવ** નામથી પેશ્વા નીમ્યો, પરંતુ એથી **મરેઠી ૧લો** વિગ્રહ થયો.

સવાઇ માધવરાવ ૧૭૭૪–૧૭૯૫–૨૧ **નારાયણરાવ**ના પુત્રને મરેઠી સરદારોએ પેશ્વાઇ આપી, અને **રાઘોબા**ને મલી નહિ, તેથી તેણે મુંબઇ સરકાર સાથે ૧૭૭૫માં **સુ**રત મુકામે કરાર કર્યા કે મને **પુ**નાની ગાદી પાછી મલેથી **સાષ્ટી** વીગેરે ભેટ આપીશ. એ કરાર **કલકત્તા સરકાર**ને પસંદ ના પડયા, ને **માધવરાવ** જોડે **પુરંધર** મુકામે કરાર કર્યા; પણ એવામાં ખબર મલી કે **નાના ફ**ડનવીશે ફ્રેંચોને બોલાવ્યા છે, તેથી રાઘોબાનો પક્ષ સ્વીકાર્યો. આ

મરેઠી ૧લો વિગ્રહ ૧૭૭૪થી ૧૭૮૨ સુધી ચાલ્યો. આખરે ૧૭૮૨ માં **સાલબાઈના** તહનામાથી અંગ્રેજને **સાષ્ટી** વીગેરે બેટ તથા **રાઘોબાને** પેન્સન મલ્યું. ૧૭૯૪માં **મહાદજી સીંધીઆ** મરી ગયો. ૧૭૯૫માં નિજામઅલીને કુર્દલા આગળ હરાવ્યો. એણે ૧૭૯૫માં **નાનાના** દાબથી આપઘાત કર્યો.

બાજીરાવ બીજો ૧૭૯૫–૧૮૧૮–૨૩ એના વખતમાં ૧૮૦૦ માં **નાના** ફડનવીશ મરી ગયો. એના પછી મરેઠી રાજની પડતી થઇ. ૧૮૦૧માં હોલ્કરે પુના લુટ્યું, તેથી **બાજીરાવે** નાસીને ૧૮૦૨ માં **વસાઈ** આગળ અંગ્રેજ સાથે તહનામું કર્યું. ૧૮૦૩માં લોર્ડ **લેક** દિલ્હીને **લાસ્વારી** આગળ **સીંધીઆને** તથા ૧૮૦૪માં **અસા**-ઈને **આરગામ** આગળ **વેલેસ્લીએ** **સીંધીઆ** તથા **ભોંસલેને** હરાવ્યા. તેથી **સીંધીઆએ** **સીરજી** અંજેગામ તથા **ભોંસલેએ** **દેવગામ** આ-ગળ અંગ્રેજ સાથે સલાહ કરી. પાછો એ અંગ્રેજ સાથે કાવત્રાં રચતો હતો તેથી ૧૮૧૭માં પુના મુકામે ફરી કોલકરાર થયા ને આગલ કરતાં વધારે લશ્કર ને રેસીડંટ પુનામાં રાખ્યા તથા ૧૮૧૫ માં ગાયકવાડે મોકલેલા ગંગાધર શાસ્ત્રીને **બાજીરાવના** પ્રધાન **ત્રીં**-બકજી ડેંગલેએ મારી નાંખ્યો, તેથી ચોથો વિગ્રહ થયો. એમાં ૧૮૧૭ માં ખડકીને કોરેગામ આગળ ને ૧૮૧૮માં **સાષ્ટી** આગળ અંગ્રેજે હરાવ્યો આખરે **બાજીરાવ** શરણે આવ્યો ને તેને ૮ લાખ રૂપીઆનું વરસાસન બંધી આપી **બીઠુરના** કિલ્લામાં કેદ રાખ્યો; જ્યાં તે ૧૮૫૩ માં મરી ગયો. એ પેશ્વાનો દત્તક પુત્ર **નાનાસાહેબ** ૧૮૫૭ના સિ-પાઈઓના મોટા બળવામાં સામેલ હતો.

મરેઠી રાજ્યની પડતીના કારણ માટે જુઓ પ્રકરણ ૪૪.

પ્રકરણ ૨૬ મું.
બીજા મરેઠી રાજ્યોની ઉત્પત્તિ.

સીંધીઆ. એ રાજ્ય સ્થાપનાર રાણોજી સીંધીઆ ૧લા બાજીરાવ પેશ્વાના પગરખાં સાચવનાર હતો. એને ૧૭૨૦ માં બાજીરાવે સરદાર નીમ્યો, ત્યારથી એ વંશની ચડતી થઇ. એની રાજધાની ગ્વાલીઅરમાં છે. રાણોજી પછી જંકોજી ૧૭૬૧ની પાણીપતની લડાઈમાં મરાયો ને પછી મહાદજી સીંધીઆ થયો; તે ૧૭૯૪માં મરી ગયો. પછી દોલતરાવ થયો, તેને અંગ્રેજોએ મરેઠી બીજા વિગ્રહમાં દિલ્લી, લાસ્વારી, અસાઇ ને આરગામ આગળ લેક હરાવ્યો. તે ૧૮૨૭માં મુઓ. એનો વંશ હજુ ચાલે છે.

હોલ્કર. એ ભરવાડ વંશના કહેવાય છે. એ પણ બાજીરાવ ૧ લાનો ઘોડેસ્વાર હતો. એમાં પ્રથમ મલારજી હોલ્કરે ઇંદોરમાં રાજ્ય સ્થાપ્યું. એના મરણ પછી તેના મરનાર દીકરા ખંડેરાવની સ્ત્રી અહલ્યાબાઈએ ૧૭૬૬માં તુકાજીને ખોલે લીધો ને પોતે કારભાર ચલાવ્યો. તુકાજીના ૧૭૯૭માં મરણ પછી યશવંતરાવ બેઠો જેને બીજા મરેઠી વિગ્રહમાં ૧૮૦૪માં ડીગ ને ફરૂકાબાદ આગળ અંગ્રેજે હરાવ્યો. એ ૧૮૧૧માં મરી ગયો પછી મલ્હારરાવ બેઠો. એના રાજ્યમાં બ્રિટીશ રેસીડેંટ રહેછે, ને હાલ તેની ગાદીએ શિવાજીરાવ હોલ્કર રાજ્ય કરે છે.

ભોંસલા. એ રાજ્ય શિવાજીના કુલના રાઘોજી ભોંસલેએ ૧૭૫૩ માં નાગપુરમાં સ્થાપ્યું. બીજા રાઘોજીએ મરતાં સુધી અંગ્રેજ લશ્કર પોતાના રાજ્યમાં રાખ્યું નહિ. પછી પરસાજી, ને આપાસાહેબ થયા. એને ૧૮૧૭માં હરાવ્યો. પછી છેલ્લો રઘુજી ભોંસલે અપુત્ર મરી ગયો તે ૧૮૫૩માં તે રાજ્ય અંગ્રેજે પોતાના રાજ્ય સામે જોડી દીધું.

ગાયકવાડ. એ રાજ્ય **બાજીરાવના** સરદાર **પીલાજી ગાયકવાડે** ૧૭૩૧માં **વડોદરામાં** સ્થાપ્યું. છેલ્લા મરેઠી વિગ્રહ પછી અંગ્રેજ રેસીડંટ ને સહાયકારી ફોજ રહેછે. એમાં **ખંડેરાવ** ઘણોજ હુશીઆર ને આબાદ થઇ ગયો. દશમા **ગાયકવાડ** મલ્હારરાવને ૧૮૭૫માં રેસીડેંટ કર્નલ ફેરને ઝેર દીધાનું તહોમત મુકી રાજભ્રષ્ટ કરી મદ્રાસ લઇ જઇ કેદ કર્યો, જ્યાં તે મરી ગયો. એના પછી એના કુલના **સયાજીરાવને** ગાદી આપી જે અદ્યાપિ સુધી ચાલે છે.

પેશ્વા એ જાતે બ્રાહ્મણ મરેઠી રાજાના મુખ્ય પ્રધાન હતા, ને પુનામાં ગાદી સ્થાપી હતી. છેલ્લો પેશ્વા **બાજીરાવ** હતો તે ૧૮૫૩ માં **બીઠુરમાં** મરી ગયો ને એ વંશનો અંત આવ્યો.

પ્રકરણ ૨૭ મું.

ગવર્નર તથા ગવર્નર જનરલો.

ક્લાઈવ. ૧૭૫૮–૧૭૬૭–૮ હિંદમાં પહેલો ગવર્નર ૧૭૫૭ની **પ્લાસીની** લડાઇ પછી ક્લાઈવ થયો. એણે હિંદમાં અંગ્રેજી રાજ્યનો પાયો નાંખ્યો. ગવર્નર થયા પછી **પટણા** આગળ **શાહઆલમને** હરાવ્યો. વિલાયતથી પાછા આવીને **બંગાળાની** દિવાની મેલવી અંગ્રેજ નોકરનો પગાર વધારી લાંચ લેતા અટકાવ્યા, તથા મુલકી ને લશ્કરીમાં સુધારો કર્યો

ક્લાઈવ ઈંગ્લાંડ ગયો તે દરમ્યાન ૧૭૬૧ થી ૧૭૬૫સુધી **વાન્સીટાર્ટ** ગવર્નર નીમાયો હતો.

હેરીવેરેલ્સ્ત ૧૭૬૭–૧૭૬૯–૨ એના વખતમાં ૧ લો મૈસુર વિગ્રહ થયો. તેમાં ૧૭૬૭માં **ચંગામ**, ત્રીનોમાલી ને અંબુર આગળ હૈદરને **સ્મીથે** હરાવ્યો.

જાનકાર્ટીયર ૧૭૬૯—૧૭૭૨—૩ એના વખતમાં ૧૭૭૦

માં ઓઢીઆમાં ભારે દુકાળ પડ્યો.

વૉર્નહેસ્ટીંગ્સ ૧૭૭૨–૧૭૭૪–૨ એ બે વરસ ગવર્નર રહ્યો, ને પછી રેગ્યુલેટીંગ એક્ટથી ગવર્નર જનરલ નીમાયો.

વોર્ન હેસ્ટીંગ્સ ૧૭૭૪–૧૭૮૫–૧૧

મુખ્ય બનાવો (૧) રેગ્યુલેટીંગ એક્ટ ૧૭૭૩ (૨) હેસ્ટીંગ્સના અયોગ્ય કામ (૩) રોહીલા સાથે લડાઈ ૧૭૭૪ (૪) કાશીના રાજા ચેયતસીંગે ખંડણીની ના કહેવાથી તેને ઉઠા ડી તેના ભત્રિજાને બમણી ખંડણીથી ગાદી આપી. ૧૭૮૨ (૫) પહેલો મરેઠી વિગ્રહ ૧૭૭૫-૧૭૮૨ (૬) મૈસુર બીજો વિગ્રહ૧૭૮૦—૧૭૮૪ (૭) નંદકુમારની ફાંસી ૧૭૭૫ (૮) અયોધ્યાની બેગમ પાસેથી જબરજસ્તીથી ૭૬ લાખ લીધા. (૯) ફ્રૅાકસ ને પીટના બીલો.

એ રેગ્યુલેટીંગ એકટથી પહેલો ગવર્નર જનરલ થયો. એને મદદ કરવાને ચાર માણસોની કૌંસીલ સ્થાપી, પણ તેમાંના ત્રણ વિરૂદ્ધ મતના હતા. **અયોગ્યકામ** એણે બંગાળાના નવાબને અપાતું પેન્સન ઓછું કરી ૧૬ લાખ બચાવ્યા, ને દિલ્લીના બાદશાહની ૩૦ લાખ ખંડણી બંધ કરી તેના કોરા તથા અલાહબાદ ખુચી લીધા, ને **અયોધ્યાના** નવાબને ૫૦ લાખે વેચ્યા. **રોહીલા** સાથે લડાઇ કરી ૧૭૭૪માં હરાવ્યા. **કાશીના** રાજા ચેયતસિંહ પાસેથી ફોજની મદદના ૫ લાખ માંગી પદભ્રષ્ટ કરી વધારે ખંડણીથી તેના ભત્રિજાને બેસાડયો; તેમજ **અયોધ્યાની** બેગમપર જુલમ કરી ૧ કરોડ રૂપીઆ લીધા ૧૭૮૨. **પહેલો મરેઠી વિગ્રહ** ૧૭૭૫–૧૭૮૨ એ લડાઇ પુનાની ગાદીએ **રાઘોબાને** બેસાડવા માટે **માધવરાવ** સાથે અંગ્રેજોને થઈ તેમાં પ્રથમ અંગ્રેજી લશ્કર હાર્યું ને **વારગામ** આગળ નાલેશીના કરાર કર્યા, પણ આખરે ૧૭૮૨ના **સાલબાઇના** તહનામાથી લડાઇ પતી. **બીજો મૈસુર વિગ્રહ** ૧૭૮૦–૧૭૮૪ હૈદ-

રને ચેરકુલી આગળ માધવરાવે હરાવ્યો, તેમાં હૈદરને મદ્રાસના કરાર મુજબ અંગ્રેજે મદદ કરી નહિ તેથી થયો, તેમાં પોર્ટોનોવો, પોલીલોર બીજી, સોલીંગઢ આગળ હૈદરને કુટે હરાવ્યો. હૈદર ૧૭૮૨માં મરી ગયો. ૧૭૮૪ માં માંગલોરના તહેનામાથી લડાઈ પતી. નંદકુમાર નામના ધનવાન બ્રાહ્મણપર લાંચનું તહોમત મુકી ૧૭૭૫ માં ફાંસી દીધો. ફૉકસે ૧૭૮૩ માં બીલ મુક્યું કે કંપની ફક્ત વેપાર કરે, ને રાજ્ય કારભાર પાર્લામેંટ ચલાવે, પણ તે નામંજુર થયું. પીટનું બીલ ૧૭૮૪માં મુકાયું કે કંપનીનો અમલ કાયમ રાખવો, ને તેનાપર રાજા તરફથી એક કમીટી નીમવી; કલકત્તાની કોંસીલમાંથી એક મેમ્બર ઓછો કરી મુંબાઈ ને મદ્રાસમાં પણ કોંસીલ રાખવી. એ ૧૭૮૫માં વિલાત ગયો, ત્યારે કોર્ટ ઑફ ડીરેકટર્સે જુલમ કરી અન્યાયપણે દ્રવ્ય મેળવવાનું એનાપર તહોમત મુક્યું; તે તપાસ ૧૦ વરસ ચાલી, આખરે છુટી ગયો.

લોર્ડ કોર્નવોલીસ ૧૭૮૬—૧૭૯૩—૭

મુખ્ય બનાવો (૧) મૈસુરનો ત્રીજો વિગ્રહ ૧૭૯૦—૧૭૯૨ (૨) સ્થાયી જમાબંદી ૧૭૯૩ (૩) ૧૭૮૮ ઉત્તર સરકાર લીધો (૪) સુપ્રીમકોર્ટ (૫) ન્યાય ખાતામાં સુધારો.

હેસ્ટીંગ્સના ગયા પછી મેકફર્સને કામ ચલાવ્યું. મૈસુરનો ત્રીજો વિગ્રહ ૧૭૯૦—૧૭૯૨ માંગલોરના ૧૭૮૪ના તહનામા પ્રમાણે ટીપુ ચાલ્યો નહિ તેથી લડાઇ થઇ. તેમાં કોર્નવોલીસે જાતે ટીપુના બેંગલોર ને નંદીદુર્ગના કિલ્લા લઇ તેને એરીકેરા આગળ ૧૭૯૧માં હરાવ્યો. ૧૭૯૨માં શ્રીરંગાપટ્ટણ આગળ સલાહ થઇ, તે મુજબ લડાઇના ખરચ બદલ ૩ કરોડ ૩૦ લાખ રૂા. ટીપુ આપે નહિ ત્યાં સુધી તેના બે છોકરા અંગ્રેજને સ્વાધીન રહે. જમાબંદીમાં દરેક ખેડુતે પોતાની જમીન માટે ઠરાવેલી વીંઘોટી સરકારમાં ભરવી. ૧૭૮૮માં ઉત્તર સરકાર પ્રાંત નિજામ પાસેથી લીધો. એણે

ન્યાયખાતામાં સુધારો કરી કલકત્તામાં સુપ્રીમ કોર્ટ સ્થાપી. ૧૭૮૮ માં સ્વદેશ ગયો.

સર જોનશોર. ૧૭૯૩-૧૭૯૮-૫

મુખ્ય બનાવો (૧) દેશી રાજ્યોને મદદ ન કરવાથી તેઓએ ફ્રેંચોને મદદે બોલાવ્યા (૨) ૧૭૯૫માં બંગાળાના અંગ્રેજી લશ્કરનો બળવો (૩) ૧૭૯૫ કુર્દલા આગળ નિજામની મરેઠાથી હાર (૪) ૧૭૯૫માં કર્ણાટકના નવાબ મહમદઅલીનું મરણ (૫) ૧૭૯૭માં અયોધ્યાના નવાબ અસોફદૌલાનું મરણ.

એનો વિચાર હતો કે દેશી રાજ્યોમાં હાથ ન ઘાલતાં સલાહ શાંતીથી રાજ્ય કારભાર ચલાવવો. નિજામપર મરેઠાએ ચડાઇ કરી તેને સતાવ્યો, પણ તેને આગલના કરાર મુજબ મદદ ન આપી તેથી તેણે અંગ્રેજી સીકંદ્રાબાદ છાવણી ઉઠાવી પોતાની ફોજમાં ફ્રેંચ અમલદારો રાખ્યા. ૧૭૯૫માં બંગાળાના અંગ્રેજી લશ્કરે પગાર વધારવા બળવો કર્યો, ત્યારે અરજ કબુલ રાખી તે સમાવ્યો. એ સાલમાં મરેઠાએ કુર્દલા આગળ નિજામને હરાવ્યો. ૧૭૯૫માં કર્ણાટકનો નવાબ મહમદઅલી મરી ગયો તેની ગાદીએ તેના દીકરાને, અને ૧૭૯૭માં અયોધ્યાના નવાબ અસોફદૌલાના મરણથી તેના ભાઇ સાદતઅલીને બેસાડયો. ૧૭૯૮માં કોર્ટ ઓફ ડીરેક્ટર્સે પાછો બોલાવી લીધો.

લોર્ડ વેલેસ્લી ૧૭૯૮-૧૮૦૫-૭

મુખ્ય બનાવો (૧) મૈસુરનો ચોથો વિગ્રહ ૧૭૯૮—૯૯ (૨) નિજામ સાથે સલાહ ૧૮૦૦ (૩) કર્ણાટક ને તંજોર ખાલસા ૧૮૦૧ (૪) અયોધ્યામાંના મદદગાર લશ્કર માટે વાવ્યપ્રાંતો મળ્યા (૫) મરેઠી બીજો વિગ્રહ ૧૮૦૨-૩ (૬) મરેઠી ત્રીજો વિગ્રહ ૧૮૦૪—૫ (૭) ભરતપુરનો ઘેરો ૧૮૦૫ (૮) અંગ્રેજી રાજ્યનો વધારો (૯) દિલ્લીના શાહઆલમને છોડવ્યો (૧૧) સબસીડીયરી સીસ્ટમ.

લોર્ડ મોર્નિંગ્ટનને વેલેસ્લીનો ઇલ્કાબ મળ્યો હતો. મૈસુરનો ચોથો વિગ્રહ ૧૭૯૮—૧૭૯૯ ટીપુએ ફ્રાંસના નેપોલીઅન સાથે કાગળ પત્રનો વ્યવહાર રાખ્યો, ને પોતાના રાજ્યમાં અંગ્રેજી ફોજ રાખવા ના પાડવાથી લડાઇ થઇ. તેમાં ૧૭૯૯માં સીધેશ્વર, મા-લવેલી ને શ્રીરંગાપટ્ટણ આગળ ટીપુને હરાવ્યો. છેલ્લી લડાઇમાં એ મરી ગયો, તેથી એના રાજ્યના ત્રણ ભાગ કરી એક અંગ્રેજે, બા-જો મૈસુરના અસલ રાજાના વારસ કૃષ્ણરાજને અને ત્રીજો નિજામ, મરેઠા વીગેરે મદદગારોને આપ્યો. નિજામ સાથે સલાહ કરી સીકંદ્રાબાદના લશ્કરના પગાર બદલ તેને મલેલો ભાગ લીધો. ૧૮૦૦ કર્ણાટકના નવાબ મહમદઅલીનો પુત્ર ટીપુ સાથે કાવત્રાં કરતો હો-વાથી તેના મરણ પછી તે તથા તંજોર ૧૮૦૧માં ખાલસા કર્યાં. અયોધ્યાના નવાબ સાદતઅલીએ અંગ્રેજી મદદગાર લશ્કર રાખીને તેના ખર્ચને પેટે વાવ્યપ્રાંતો આપ્યા. મરેઠી બીજો વિગ્રહ ૧૮૦૨ —૧૮૦૩. હોલ્કરે ૧૮૦૧માં પુના લુંટ્યું, તેથી બાજીરાવે ૧૮૦૨ માં વસાઇ આગળ કરારકર્યો. એ કરારથી સીંધીઆને ભોંસલે નારાજ થયા. તેથી લડાઈ થઇ તેમાં વેલેસ્લીએ ૧૮૦૩માં અસાઇ, આરગામ અને લેક અલીગઢ ને લાસ્વારી આગળ હરાવ્યા ને ભોંસલે સાથે દેવગામ ને સીંધીઆ સાથે સીરજી અંજેગામ આગળ સલાહ કરી. મરેઠી ત્રીજો વિગ્રહ ૧૮૦૪—૧૮૦૫. હોલ્કરે ૧૮૦૪માં કર્નલ મોન્સનને હ-રાવ્યો તેથી ફ્રેજરને મદદે લઇ ડીગ ને ફરૂક્કાબાદ આગળ હરાવ્યો. ભરતપુરનો ઘેરો એ રાજાએ હોલ્કરને મદદ કીધી, તેથી અંગ્રેજે ઘેરો ઘાલ્યો, પણ બહાદુરીથી રાજાએ બચાવ કર્યો, પણ આખરે સલાહ કરી. એણે દિલ્લીના રાજા શાહઆલમને સીંધીઆ પાસેથી છોડવ્યો. એણે અંગ્રેજી મુલકમાં ઘણો વધારો કર્યો. એણે 'સબસી-ડીઅરી સીસ્ટમ' બાંધી. એ સ્વદેશ ગયો, ત્યારે અંગ્રેજ સરકાર તથા કંપની તરફથી ઘણું માન મળ્યું

પ્રકરણ ૨૮ મું.

ઇંગ્લીશ રાજ્યનું સુદૃઢ થવું.

લોર્ડ કોર્નવોલીસ બીજીવાર ૧૮૦૫–૧૮૦૫ સીંધીઆ તથા હોલ્કરસાથે સલાહ કરવાને એને ફરી ગવર્નર જનરલ તરીકે મોકલ્યો. દશ અઠવાડીઆમાં એ લોર્ડ લેકને મળવા જતાં રસ્તે ઘાઝીપુર આગળ મરી ગયો.

સરજયોર્જ બાર્લો ૧૮૦૫–૧૮૦૭-૨ **વેલોરનું બંડ** ૧૮૦૬ એણે હુકમ કર્યો કે લશ્કરી લોકે કપાળે ટીલું કરવું નહિ, દાઢી મુછ સરખા રાખવા ને પાઘડીનો ઘાટ સરખો રાખવો, તેથી ટીપુના છોકરાની ઉશ્કેરણીથી ૧૮૦૬ માં વેલોર, સીકંદ્રાબાદ વીગેરે સ્થળે બંડ ઉઠયાં, પણ તે તરતજ ગેલેસ્પીએ સમાવ્યા. એની રાજનીતિથી હિંદી પ્રજા નાખુશ થઈ. એ ૧૮૦૭ માં સ્વદેશ ગયો.

લોર્ડ મિન્ટો ૧૮૦૭–૧૮૧૩–૬ એણે ૧૮૦૯માં રણજીતસિંહ સાથે સંધી કરી. ફ્રેંચના મોરીશીયસ, બુર્બોન જાવા વીગેરે બેટ મલ્યા; અને સિંધ, કાબુલ તથા ઈરાન જોડે દોસ્તી કરી. તંબુ ખરચ બંધ કીધાથી ૧૮૦૯ માં મદ્રાસમાં બંડ થયું તે સમાવ્યું એના વખતમાં ચીનના વેપારની છુટ કંપની ને મલી, અને હિંદના વેપારની છુટ બધા અંગ્રેજને આપીને ૧૮૧૩ માં કંપનીના પટામાં ફેરફાર કર્યો.

લોર્ડ મોયરો (હેસ્ટીંગ્સ) ૧૮૧૪–૧૮૨૩–૯

મુખ્ય બનાવો (૧) નેપાલ વિગ્રહ ૧૮૧૪-૧૬ (૨) પિંઢારી વિગ્રહ ૧૮૧૬-૧૮ (૩) મરેઠી ચોથો વિગ્રહ ૧૮૧૭-૧૮ (૪) હોલ્કરના સરદારોનું બંડ ૧૮૧૭(૫) નાગપુરનો રાજ્યદરબાર.

નેપાલ વિગ્રહ ૧૮૧૪–૧૮૧૬ નેપાલના રાજાએ અંગ્રેજી સરહદનો કેટલોક મુલક દબાવ્યો. તેથી ગિલેસ્પી તથા **ઓક્ટર્લોની**

એ તેમના કેટલાક ગઢ જીતી લઈ ૧૮૧૫ માં **મલુન ને ૧૮૧૬ માં મકવાનપુરને હરીહરપુરની** લડાઇમાં હરાવ્યા. આખરે **સેગાઉલીની** સલાહ મુજબ અંગ્રેજને કેટલાક દેશ મલ્યા. **પિંઢારી વિગ્રહ ૧૮૧૬–૧૮૧૭** આ લુંટારાની ટોળીઓ હતી. એમના મુખ્ય સરદાર **અમીરખાં, ચીતુ** ને કરીમખાન હતા. તેઓ ધાડ પાડતા, તેથી અંગ્રેજે લશ્કર મોકલી તેમને હરાવ્યા. **અમીરખાંને ટોંક** માગી લીધું, કરીમખાન શરણે આવી જાગીરદાર થયો, ને **ચીતુ** જંગલમાં નાઠો, જ્યાં વાઘે પ્રાણ લીધા. **મરેઠી ચોથો વિગ્રહ ૧૮૧૭–૧૮૧૮ બાજીરાવે વસાઈનું** તહનામું કર્યું છતાં **અંગ્રેજ** સામે કાવત્રાં કરતો, તથા **ગાયકવાડના ગંગાધર** શાસ્ત્રીનું પેશ્વાના પ્રધાન **ત્રીંબકજી** ડેંગલે એ ૧૮૧૫ માં ખુનકર્યું, ને રેસીડેંટની છાવણીપર હુમલો કર્યો તેથી ૧૮૧૭ માં **ખડકી ને કોરેગામ** ને ૧૮૧૮ માં **આસ્ટી** આગલ હરાવી ૮ લાખ રૂપીઆનું પેન્સન બાંધી આપી **પુના** ખાલસા કર્યું. **હોલકરના સરદારોનું બંડ. ઇંદોરનો** હોલ્કર **યશવંતરાવ**મરીજવાથી એના છોકરાને નામે **તુલસી બાઇએ** રાજ્ય ચલાવવા માંડયુ, પણ લશ્કરી લોકે તેને મારી નાંખી અંગ્રેજ સાથે લડાઇ ચલાવી, પણ ૧૮૧૭ માં **માહીદપુર** આગળ તેમને હરાવી **મંદેશર** આગળ સલાહ કરી. **નાગપુરનો રાજ્ય કારભાર.** નાગપુરના **આપાસાહેબે** કાવત્રાં ચલાવવાથી અંગ્રેજે **સિતાબલ્દી ને જબલપુર** આગળ ૧૮૧૭માં હરાવ્યો. આખરે ૧૮૫૩ માં તે રાજ્ય ખાલસા કર્યું. એના વખતમાં કેળવણી વધી ને વર્તમાનપત્રો નીકલ્યાં. એ ૧૮૨૩ માં સ્વદેશ ગયો.

લોર્ડ આમ્હર્સ્ટ ૧૮૨૩–૧૮૨૮–૫

મુખ્ય બનાવો (૧) **પેહેલો બ્રહ્મી વિગ્રહ** ૧૮૨૩-૨૬ (૨) બરાખપુરનું બંડ ૧૮૨૫ (૩) **ભરતપુરની જીત** ૧૮૨૬.

પેહેલો બ્રહ્મી વિગ્રહ ૧૮૨૩–૧૮૨૬ બ્રહ્મદેશના લોકે

અંગ્રેજી સરહદપર ચડાઈ કરી, તેથી ૧૮૨૪ માં રંગુન ને ૧૮૨૫માં પ્રાગામ આગળ તેમને હરાવ્યા. તેમાં એમનો મુખ્ય સરદાર મહાબંદુલા ને નરકાધીપતિ મરાયા. આખરે ૧૮૨૬ માં યાન્દેબોના કરારથી આસામ, આરાકાન, કાચાર ને તિનાસરીમ અંગ્રેજને મલ્યા. બરાખપુરનું બંડ ૪૭ મી દેશી પલટણે કર્યું, પણ તોપોનો મારો ચલાવી કેટલાકને ફાંસીદઇ ૧૮૨૫ માં સમાવ્યું. ભરતપુરની જીત એનો રાજા અપુત્ર મરવાથી તેનો ભાઇ બળદેવસિંહ બેઠો, પણ એનો ભત્રિજો દુર્જનસાલ સામો થયો, તેથી પેહેલાએ અંગ્રેજની મદદ માગી, તેથી અંગ્રેજે લસ્કર મોકલી કિલ્લાને ઘેરો ઘાલી જીતી લીધો ૧૮૨૬. એ ૧૮૨૮ માં સ્વદેશ ગયો.

લોર્ડ વિલિયમ બેન્ટીંક ૧૮૨૮–૧૮૩૫–૭

મુખ્ય બનાવો (૧) કુર્ગ કંપનીના રાજ્ય સાથે જોડયું ૧૮૩૪ (૨) હિંદુસ્તાનને ચીનમાં વેપાર કરવાની બધાને છુટ આપી (૩) સતી તથા બાલ હત્યાના ચાલ કાઢયા ૧૮૩૦ (૪) ઠગીને હરાવ્યા ૧૮૩૦ (૫) અફીણપર કર (૬) અંગ્રેજી વિધા ફેલાવી સ્ટીમરો ચાલુ કરી, યુરોપનો ટુંકો રસ્તો કાઢયો (૭) બેવડા ભથ્થાનો ઠરાવ.

એ ઊદાર, પ્રમાણિકને લોકોનું બલું કરવામાં ખંતી હતો. એણે આગલી લડાઇનો ખરચ અફીણપર કરનાંખી પુરો કર્યો. ૧૮૩૪ માં કુર્ગ કંપનીના રાજ્ય સાથે જોડી દીધું. એણે ઠરાવ કર્યો કે જ્યારે લશ્કરી સિપાઇ કંપનીના સિમાડાથી દુર જાય ત્યારે તેમને બેવડું ભથ્થું આપવું. એણે ઠગી એટલે ફાંસીઆ લોકને હરાવી વશ કર્યા, ને ૧૮૩૦ માં સતી થવાનો તથા બાળ હત્યાના ચાલ કાઢી નાંખ્યા. એણે અંગ્રેજી વિધા ફેલાવી, વરાળ યંત્રો ચાલુ કર્યા ને યુરોપ જવાનો ટુંકો રસ્તો કાઢયો. એણે સદર અમીનો નીમી અરજ કરવાની અદાલત સ્થાપી. કંપનીને બે વરસ વધુ સનંદ આપી કે

કંપનીએ બીલકુલ વેપાર બંધ કરી માત્ર રાજ્ય ચલાવવું. એ બહુ સુધારા કરી ૧૮૩૫ માં સ્વદેશ ગયો.

લોર્ડ ઓકલાંડ ૧૮૩૬–૧૮૪૨–૨

મુખ્ય બનાવો (૧) અયોધ્યાની બેગમનું બંડ ૧૮૩૭ (૨) અફગાન વિગ્રહ ૧૮૩૮-૪૨ (૩) ચીન વિગ્રહ ૧૮૪૦-૪૨ (૪) સિંધ વિગ્રહ ૧૮૩૯ (૫) રણજીતસિંહનું મરણ ૧૮૩૯

એણે ૧૮૩૭માં અયોધ્યાની બેગમનું બંડ આલાકીથી બેસાડ્યું. **અફગાનવિગ્રહ** ૧૮૩૮–૧૮૪૨ **અફગાનીસ્તાનના** નાશી આવેલા **શાહાસુજાને** અંગ્રેજે મદદ કરી તેથી અફગાનો સામા થયા. તેમાં ૧૮૩૯માં ગિઝની જીત્યું ને ૧૮૪૦માં પરવાન આગળ હરાવ્યા, પણ પાછલથી અફગાને ૧૮૪૧માં કાબુલમાં બંડ કરી અંગ્રેજોની કતલ કરી. આમાં અંગ્રેજને બહુ ખમવું પડ્યું. **સિંધ વિગ્રહ** ૧૮૩૯ **અફગાનીસ્તાન** જતાં રસ્તે **સીંધના** અમીરો સામા થયા, તેથી તેમને હરાવી ૧૮૩૯ માં કરાંચી જીત્યું. રણજીતસિંહ એ સાલમાં મરી ગયો. **ચીનવિગ્રહ** ૧૮૪૦–૪૨ **ચીન** સરકારે પોતાના મુલકમાં અફીણ આવતું બંધ કરી અંગ્રેજ વેપારીની ૨૦ હજાર અફીણની પેટીનો નાશ કર્યો, તેથી અંગ્રેજી લશ્કરે **હોંગકોંગ** લઈ ૧૮૪૨માં **નાનકીન** આગળ સલાહ કરી, ચાર બંદરોમાં વેપારની છુટ મેલવી. એ ૧૮૪૨ માં સ્વદેશ ગયો.

લોર્ડ એલેનબરો ૧૮૪૨–૧૮૪૪–૨

મુખ્ય બનાવો (૧) પહેલી અફગાન લડાઇનો અંત (૨) સીંધ વિગ્રહ ૧૮૪૩ (૩) સીંધીઆ વિગ્રહ ૧૮૪૩—૪૪

અફગાનોએ અંગ્રેજ સાથે દગો રમી કેટલાકને કેદ કર્યા, ને કેટલાકની કતલ કરી, તેનું વેર લેવાને અને કેદીઓને છોડવવાને કલકત્તા સરકારે કેટલાક સરદારો મોકલી શત્રુઓને હરાવી અંગ્રેજ

કેદીઓને છોડવ્યા. **સિંધવિગ્રહ** ૧૮૪૩માં **સીંધના અમીરો** સ્વતંત્ર હતા, તે **અફગાનીસ્તાન**માં જતાં અંગ્રેજને હરકત કરતા હતા, તેથી મેજર **ઔટ્રામે** તથા **નેપીઅરે મીઆની** ને **હૈદ્રાબાદ**ની લડાઇમાં તેમને હરાવી ૧૮૪૩માં **સીંધ** ખાલસા કર્યો. **સીંધીઆ** સાથે લડાઇ. જંકોજી **સીંધીઆ** અપુત્ર મરી ગયો તેની જગ્યાએ તેની મા **તારાબાઇ** તથા તેના મામા વચ્ચે વાંધો ઉઠયો. **તારાબાઇએ શીવાજીરાવ**ને ખોલે લઇ કારભાર ચલાવ્યો, તેથી તેના મામાએ અંગ્રેજની મદદ માગી. તેમણે **મહારાજપુર** ને **પનીઆર** આગળ તેમના લશ્કરને હરાવ્યું ને ૧૮૪૪માં સલાહ કરી, **તારાબાઇ**ને પેન્શન બાંધી આપ્યું ને બાલરાજા મોટો થાય ત્યાં સુધી પંચ કારભાર કરે. એને કોર્ટ ઓફ ડીરેકટર્સે ઇંગ્લાંડ બોલાવી લીધો.

લોર્ડ હાર્ડીંગ ૧૮૪૪–૧૮૪૮–૪

મુખ્ય બનાવો (૧) પ્રથમ શીખ વિગ્રહ ૧૮૪૫–૪૭ (૨) સાર્વજનીક સુધારા

એ શૂરો લડાયક હતો. **પ્રથમ શીખ વિગ્રહ** ૧૮૩૯ માં પંજાબનો **રણજીતસિંહ** મરી ગયો તેની જગ્યાએ **દુલીપસિંહ**ને બેસાડી તેની મા કારભાર કરવા લાગી. શીખ લોકોનું બળ વધવાથી અંગ્રેજી મુલકપર આવવા લાગ્યા તેથી વિગ્રહ થયો. તેમાં **સર હ્યુ ગોફે** ૧૮૪૫ માં **મુદકી, ફીરોજપુર** તથા ૧૮૪૬ માં **અલીવાલ, સોબ્રોન** આગળ તેમને હરાવ્યા. આખરે **લાહોર** આગળ કરાર થયા, તેમાં અંગ્રેજોને **કાશ્મીર** વીગેરે મલ્યાં. એ વેપારને ઉત્તેજન આપતો. એણે પુલ, નહેરો, રસ્તા બંધાવ્યા, તથા મદ્રેસા સ્થાપી. કુળનો બંદોબસ્તકરી દીકરીને દુધ પીતી કરવાનો ચાલ અટકાવ્યો, ને **ઓઢીઆનો** નરમેધનો ચાલ બંધ કીધો.

લોર્ડ ડેલહાઉસી ૧૮૪૮-૧૮૫૬-૮

મુખ્ય બનાવો (૧) બીજો શીખ વિગ્રહ ૧૮૪૮-૪૯ (૨) બીજો બ્રહ્મી વિગ્રહ ૧૮૫૨-૫૩ (૩) દેશી રાજનું ખાલસા થવું (૪) કંપનીના પટામાં ફેરફાર (૫) લોકોપયોગી ખાતામાં સુધારો

બીજો શીખ વિગ્રહ ૧૮૪૮-૧૮૪૯ **મુલતાનના** સુબા લાલા **મુલરાજે** બે અંગ્રેજને મારી નાંખવાથી વિગ્રહ થયો. તેમાં ૧૮૪૮ માં **સદુસામ**, અને ૧૮૪૯ માં **રામનગર**, **ચીલીયનવાળા** ને **ગુજરાતની** લડાઈ થઇ. પ્રથમ બે લડાઇમાં જીત્યા, પણ **ચીલીયન** વાળામાં હાર્યા ને ચાર ટોપો ખુંચી લીધી; પછી **ગુજરાતની** લડાઇમાં જીતવાથી **પંજાબ** પ્રાંત ખાલસા કર્યો ને **ધુલીપસિંહને** ૫ લાખ ૮૦ હજારનું વરસાસન બાંધી આપ્યું. **બીજો બ્રહ્મી વિગ્રહ** ૧૮૫૨-૧૮૫૩ **રંગુનના** યુરોપીઅન વેપારીને નુકસાન કરવાથી વિગ્રહ થયો, તેમાં અંગ્રેજે **રંગુન** ને **પેગુ** આગળ તેમને હરાવ્યા ને **પેગુ** ખાલસા કર્યું, ને આગળ મલેલા **આરાકાન**, **તીનાસરીમ** સાથે જોડી દીધું. **દેશીરાજનું ખાલસા થવું**. ૧૮૪૯માં **પંજાબ** ને **સતારા**, ૧૮૫૨ માં **પેગુ**, ૧૮૫૩ માં **નાગપુર**, ૧૮૫૬માં **અયોધ્યા** ને **તંજોર** ખાલસા કરી કેટલાક પેન્સન બંધ કર્યાં. **કંપનીના પટામાં ફેરફાર.** ત્રણ ડીરેકટરોના ૧૮ કીધા, **બંગાળામાં** લેફ્ટેનન્ટ નીમી સીવીલ સરવીસની પરિક્ષામાં જવાને બધા લોકોને છુટ આપી. એણે ઇજનેર ખાતું સ્થાપ્યું, ને નહેરો તથા સડકો ખોદાવી ટપાલ ખાતામાં સુધારો કર્યો. ઇંગ્લાંડ જવાનો ટુંકો રસ્તો લાલસમુદ્ર માર્ગે કર્યો. રેલવે તથા તાર નંખાયા ને આગગાડી ચાલી તથા વરાળયંત્ર દાખલ થયા. એ ૧૮૫૬ માં સ્વદેશ ગયો ને ૧૮૬૦ માં ૪૮ વરસે મરીગયો.

લોર્ડ કેનીંગ ૧૮૫૬-૧૮૬૧-૫

મુખ્ય બનાવો (૧) ઇરાન વિગ્રહ ૧૮૫૬ (૨) ચીન વિગ્રહ ૧૮૫૬

(૩) સીપાઇઓનો મોટો બળવો ૧૮૫૭ (૪) મહારાણીનો ઢંઢેરો (૫) ગર્વનર જનરલને વાઇસરોયનો ઇલ્કાબ (૬) ઇન્કમ ટેક્ષ તથા લાઇસન્સ ટેક્ષ (૭) નોટાનું ચલણ (૮) ફોજદારી ને દિવાની કાયદા મંજુર થયા.

ઈરાન વિગ્રહ ઇરાનના પાદશાહે અંગ્રેજ અમલદારનું અપમાન કરવાથી ઔટ્રામે ચઢાઈ કરી તેને હરાવ્યો તેથી તેણે માફી માગી હેરાત ને અફ્ગાનીસ્તાનનો પોતાનો દાવો રદ કર્યો. **ચીન વિગ્રહ** કંતાનના હાકેમે અંગ્રેજ વેપારીને હરકત કરી તેથી એલ્ગીને તેને હરાવી પાંચ બંદરમાં વેપાર કરવાની છુટ મેલવી. **સિપાઈઓનો મોટો બલવો** ૧૮૫૭. બંદુકમાં નાંખવાની કારતુસોને ગાય તથા ડુક્કરની ચરબી ચોપડેલીછે એવી ગપ ચાલવાથી હિંદુ અને મુસલમાને એકત્ર થઇ ચોગરદમ બલવો ઊઠાવ્યો. મીરત, દિલ્લી, બરાનપુર, લખનોર, કાનપુર, ફીરોજપુર, બનારસ, બરેલી, અલ્હાબાદ વીગરે બલવાના મુખ્ય સ્થળ હતા. તેમાં કેટલાક યુરોપીઅન સ્ત્રી છોકરાંને મારી નાંખ્યા. આમાં મુખ્ય પેશ્વાનો દત્તક નાના સાહેબ, તેનો સગો તાત્યા ટોપી, ઝાંસીની રાણી તથા મહમદ બહાદુરશાહ હતા. હેવલોક તથા કેમ્બેલે બહાદુરી બતાવી મહમદ બહાદુરને કેદ કરી રંગુન મોકલ્યો. તાત્યાટોપીને ૧૮૫૯ માં ફાંસી દીધો. નાનો જંગલમાં નેપાલ તરફ નાઠો. બંડ સમ્યા પછી પાર્લામેન્ટે કંપની પાસેથી રાજ્ય છીનવી લઇ રાણી વિકટોરીઆને આપ્યું ને એક સ્ટેટ સેક્રેટરી નીમ્યો, ને ગવર્નર જનરલને વાઇસરોયનો ઇલ્કાબ આપ્યો. ૧૮૫૮ ની ૧લી નવેંબરે અલાહબાદમાં દરબાર ભરી મહારાણીનો ઢંઢેરો કેનીંગે વાંચી સંભલાવ્યો, તેમાં સર્વને મરજી મુજબ ધર્મ પાલવાની છુટ, દત્તક લેવાનો હક ને જાતિભેદ રાખ્યા સિવાય ઊંચા દરજ્જાની નોકરી બધાને આપવાનો ઠરાવ લખ્યા હતા. આ બલવામાં ૪૦ કરોડ રૂપીયા ખરચ થયો તે માટે

ઇન્કમ ટેક્સ તથા લાઇસેન્સ ટેક્સ નાંખ્યા. નોટોનાં નાણાં ચલાવ્યા ને ફોજદારી દિવાની કાયદા મંજુર થયા. એ ૧૮૬૨ માં સ્વદેશ ગયો.

પ્રકરણ ૨૯ મું.

માહારાણી વિક્ટોરીઆના હાથમાં હિંદની ગાદી આવી તે પછીની તવારીખ.

લોર્ડ એલ્ગીન ૧૮૬૨–૧૮૬૩–૧

મુખ્ય બનાવો (૧) વાહાબી લોકનું બંડ (૨) કાયદા બાંધવાની કૌંસીલ થઈ (૩) રૂનાસટ્ટા.

એના વખતમાં વાહાબી લોકો બંડ ઉઠાવી લુટફાટ કરવા લાગ્યા, પણ થોડા વખતમાં અંગ્રેજી લશ્કરે તે સમાવ્યું. એણે કાયદા બાંધવાને ત્રણ અંગ્રેજ ને ત્રણ દેશી ગ્રહસ્થની કૌંસીલ ઠરાવી. અમેરિકામાં લડાઇ ચાલવાથી ઇંગ્લાંડ રૂ જઇ શક્યું નહી, તેથી હિંદી રૂનો ભાવ વધી સટ્ટા ચાલ્યા. એ ૧૮૬૩ના નવેંબરમાં મરી ગયો.

સરજોન લોરેન્સ ૧૮૬૩–૧૮૬૮–૫

મુખ્ય બનાવો (૧) ભુતાન વિગ્રહ ૧૮૬૪ (૨) એબીસીનીઆ સાથે લડાઇ ૧૮૬૪ (૩) અયોધ્યા, બુંદેલખંડ ને ઉત્તર હિંદમાં દુકાળ ૧૮૬૬ (૪) વાઘેર લોકનું બંડ

ભુતાન વિગ્રહ ૧૮૬૪. આસામ પાસે આવેલા કેટલાક પરગણા માટે અંગ્રેજ સરકાર કેટલાક રૂપીઆ આપતી હતી, પણ તે પસંદ ન હોવાથી લડાઇ થઈ, તેમાં અંગ્રેજને નુકસાન થયું ને ૨૫ હજાર રૂપીઆ આપી તે પરગણું લીધું. **એબીસીનીઆ સાથે લડાઈ ૧૮૬૪.** એબીસીનીઆના રાજા **થી**ઓડોરે કેટલાક અંગ્રેજ વેપારીને કેદ કર્યા તેથી નેપીઅરે મગદલાગઢ જીતી લીધો

૧૮૬૬ માં બુંદેલખંડ, અયોધ્યા, ને ઊત્તર હિંદમાં દુકાળ પડયો તેથી સરકારે રેલવે તથા નવા કારખાના કાઢી ભુખમરાની પીડા મટાવી. કાઠીઆવાડના વાઘેર લોકે બંડ કર્યું તે સમાવ્યું. રૂના સટ્ટાથી વેપારની ખરાબી થઇ. એ ૧૮૬૯ માં વિલાયત ગયો, ત્યાં અમીરની પદ્દી મલી. એ ૧૮૭૯ માં મરી ગયો.

લોર્ડ મેયો ૧૮૬૯–૧૮૭૨–૩

મુખ્ય બનાવો (૧) ડ્યુક ઓફ ઍડીનબરો હિંદમાં આવ્યો ૧૮૬૯ (૨) શેરઅલ્લી સાથે મિત્રાચારી કરી (૩) દેશની ઉપજમાં વધારો કરવાના ઉપાય યોજ્યા (૪) આન્ડામાંનમાં એની કતલ.

એના વખતમાં મહારાણીનો શાહજાદો ડયુક ઓફ ઍડીનબરો ૧૮૬૯ માં હિંદમાં આવ્યો તેને રાજા, રાણાએ બહુ માન આપ્યું. અંબાલામાં દરબાર ભરી અફગાનિસ્તાનના અમીર શેરઅલ્લીને માનપુર્વક અમીર માન્યો. મીઠાની જકાતમાં સુધારો કરી પુષ્કળ રેલવે, નહેરો બંધાવી દેશની ઊપજ વધારવાના કારખાનાં ખીલવ્યાં. એ આન્દામાન બેટમાં કેદીની તપાસ માટે ગયો, ત્યા એક દુષ્ટ અફગાને છુરીમારી ૧૮૭૨ માં મારીનાંખ્યો.

લોર્ડ નોર્થ બ્રુક ૧૮૭૨—૧૮૭૬–૪

મુખ્ય બનાવો (૧) બંગાળાનો દુકાળ ૧૮૭૪ (૨) વડોદરાના મલાવરાવને ઝેર દેવાનું તહોમત મુકી રાજભ્રષ્ટ કરી મદ્રાસ લઈ ગયા ૧૮૭૫ (૩) પ્રીન્સ ઓફ વેલ્સ હિંદમાં આવ્યો ૧૮૭૫—૭૬

એના વખતમાં બંગાળામાં ૧૮૭૪માં દુકાળ પડયો, પણ રાજ્ય તરફથી મોટી મદદ આપી પ્રાણ ઉગાર્યાં. ૧૮૭૫માં વડોદરાના રાજા મલ્હાવરાવ ગાયકવાડપર રેસીડેંટ કર્નલ ફેરને ઝેર દેવાનું તહોમત મુકી ત્રણ દેશી ને ત્રણ અંગ્રેજ ગ્રહસ્થ આગળ તપાસ ચલાવી ગુનેહગાર ઠેરવી રાજ્યભ્રષ્ટ કરી મદ્રાસ લઇ જઈ કેદ કર્યો;

અને એ વંશના એક બાળક **સયાજીરાવને** ખંડેરાવની વિધવા જમનાબાઈ પાસે દત્તક લેવડાવી ગાદી આપી. ૧૮૭૫—૭૬ માં પ્રિન્સ ઓફ વેલ્સ હિંદમાં આવ્યો. તે વખતે દેશીઓ તરફથી ભારે આવકાર મળ્યો.

લોર્ડ લીટન ૧૮૭૬—૧૮૮૦—૪

મુખ્ય બનાવો (૧) મહારાણીએ કેસરે હિંદ પદ ધારણ કર્યું ૧૮૭૭ (૨) મદ્રાસમાં દુકાળ ૧૮૭૭ (૩) લાઇસેન્સ ટેક્ષ (૪) વિલાયતી કાપડની જકાત કાઢી નાંખી (૫) દેશી છાપાપર સખતાઈ (૬) બીજો અફગાનવિગ્રહ ૧૮૭૮-૮૦ (૭) ફરી લડાઈ.

ઇ. સ. ૧૮૭૭ના જાનેવારીની ૧લી તારીખે દિલ્લીમાં મોટું દરબાર ભરી મહારાણી વિક્ટોરીઆએ કૈસરેહિંદ પદ ધારણ કીધું. મદ્રાસમાં ૧૮૭૭માં દુકાળ પડ્યો, તેમાં ૫૨ાા લાખ આદમી મુઆ ને સરકારને ૧૧ કરોડ રૂપીઆ ખરચ થયા. એ ખોટ પુરી પાડવાને **લાઇસેન્સ ટેક્ષ** એટલે ધંધાવેરો નાંખ્યો ને મીઠાની જકાત વધારી. વિલાયતી સુતરાઉ કાપડની જકાત કાઢી નાંખી, ને દેશી છાપાપર સખતાઈ કરી. **અફગાન બીજો વિગ્રહ**૧૮૭૮—૧૮૮૦ અફગાનીસ્તાનનો શેરઅલી રૂશીઅનને મદદ કરતો જણાયો, તેથી અંગ્રેજે એલચી મોકલ્યો, જેને પેસવા ન દીધો ને રૂશીઅન એલચીને માન આપ્યું. તેથી અંગ્રેજી લશ્કરે બોલનઘાટ વીગેરે ઘાટને માર્ગેથી ચઢાઈ કરી, એટલે શેરઅલી નાઠો ને તેના દીકરા અયુબખાન સાથે સલાહ થઇ ને રેસીડંટ રાખ્યો. ફરી રેસીડેંટ અને તેના રસાલાને મારી નાંખ્યા ત્યારે લડાઇ થઇ, તેમાં રોબર્ટ્સે કાબુલ જીતી યાકુબને કેદ કીધો.

લોર્ડ રીપન ૧૮૮૦—૧૮૮૪-૪

મુખ્ય બનાવો (૧) અફગાન લડાઇનો અંત ૧૮૮૧ (૨) સ્થાનીક

સ્વરાજ્ય સ્થાપ્યું (૩) લોકોપયોગી કામો (૪) ડયુક ઓફ કોનોટ આવી મીરતના લશકરનું ઉપરીપણું લીધું (૫) ઇલબર્ટ બીલ.

એના વખતમાં અફગાન લડાઈ ચાલતી હતી તેમાં યાકુબના ભાઇએ અંગ્રેજી ફોજને હરાવી તેથી અંગ્રેજી લશકરે તેનાપર ચઢાઇ કરી જય મેળવ્યો. પછી અબદુલ રેહેમાનને કેટલીક સરતથી ગાદી આપી. સ્થાનીક સ્વરાજ્ય સ્થાપી દેશીઓને મોટી જગ્યા આપવાનો કાયદો કાઢયો; ખેડુતપરનો જુલમ અટકાવ્યો; મીઠાનો કર કાઢી નાંખ્યો; દેશી પત્રોનું છુટાપણું પાછું આપ્યું; દેશી કારીગિરીને ઉત્તેજન આપ્યું; એની વિદાયગીરી વખતે લોકોએ ઘણુંજ માન આપ્યું, અને તેના નામના સંભારણા રાખ્યા. એના વખતમાં ડયુક ઓફ કોનોટ, મહારાણીનો કુંવર આવ્યો, અને મીરતના લશકરનું ઉપરીપણું લીધું. એના વખતમાં ઇલબર્ટ બીલ પાસ થયું, તેમાં એવું હતું કે દેશી જડજ પણ યુરોપીઅનનો ઇન્સાફ કરે. એ બીલ રીપને યુરોપીઅનનું ઘણું અપમાન ખમીને મંજુર કરાવ્યું. એ ૧૮૮૪માં સ્વદેશ ગયો.

લોર્ડ ડફ્રીન ૧૮૮૪—૧૮૮૮—૪

મુખ્ય બનાવો (૧) અફગાન અમીરને વરસાસન (૨) ત્રીજો બ્રહ્મીવિગ્રહ ૧૮૮૫—૮૬ (૩) શુધ્ધ બ્રંહ્મદેશ ખાલસા ૧૮૮૫ (૪) ઇનકમટેક્ષ (૫) સીંધીઆ ને હોલ્કરના રાજ્યમાં વ્યવસ્થા ૧૮૮૬ (૬) જ્યુબીલી ઓચ્છવ ૧૮૮૭ (૭) સીકીમને કાલાપર્વતપર સ્વારીઓ ૧૮૮૮

રૂશીઅન ધાસ્તીને લીધે રાવલપીંડીમાં દરબાર ભરી અફગાન અમીરને માન આપી ૧૨ લાખ રૂપીઆનું વરસાસન બાંધી આપ્યું. ત્રીજો બ્રહ્મીવિગ્રહ ૧૮૮૫-૮૬ બ્રહ્મદેશના રાજા થીબાઓએ મુંબઈની વેપારી કંપનીને નુકસાન કર્યું, તથા ફ્રેંચ સાથે સલાહ કરી

તેથી અંગ્રેજી લશકરે માંદલેજ વગેરે ગઢ લીધા. આખરે થીબાઉ શરણ આવ્યો. તેને રત્નાગીરીમાં કેદ કરી શુધ્ધ બ્રહ્મદેશ ૧૮૮૫ માં ખાલસા કર્યો. ૧૮૮૬માં જીઆજી સીંધીઆ તથા તુકાજી હોલ્કર મરી જવાથી તેમના દીકરાને ગાદી આપી પંચ નીમ્યા. મહારાણી વિક્ટોરીઆને રાજ્ય કરતાં ૫૦ વરસ થયાં તેની ખુશાલીનો ઓચ્છવ (જ્યુબીલી) ૧૮૮૭ના ફેબ્રુઆરીમાં હિંદના દરેક શહેર ને કસ્બામાં થયો. સીકીમનો રાજા અંગ્રેજી વેપારને હરકત કરતો હતો, તેથી જનરલ ગ્રેહામે ટિબેટી લોકનો લીંગટુ કિલ્લો તથા થાણું લીધાં ને રાજા શરણે આવ્યો. એજ વખતે હિંદની વાયવ્ય તરફના કાળાપર્વતની જગ્યામાં રહેનાર લોકે બે અંગ્રેજને મારી નાંખ્યા, તેથી જનરલ મેકુઇનને મોકલ્યો, તેમાં તેઓ શરણે આવ્યા. તે પછી એ સ્વદેશ ગયો.

લોર્ડ લેન્સડાઉન ૧૮૮૮–૧૮૯૩–૫

મુખ્ય બનાવો (૧) નગર તાયફા તથા ચિનલુશાઈપર ફતેહ (૨) મણીપુરની ચડાઈ (૩) પ્રીન્સ આલ્બર્ટ વીકટર અને રૂશીઆના ઝારનો વડો દીકરો નીકલસન હિંદમાં આવ્યા ૧૮૮૯-૯૦ (૪) આલ્બર્ટ વિકટરનું મરણ ૧૮૯૨ (૫) રાહદાટ બીલ પસાર (૬) દુલીપસિંહનું મરણ ૧૮૯૩ (૭) અફગાન અમીર સાથે સમજુતી (૮) દાદાભાઇ નવરોજી એમ. પી. ૧૮૯૨ (૯) ૧૮૯૩ પોરબંદર ને મુંબઇના હુલ્લડો.

એના વખતમાં કાશ્મીરની સરહદપરના નગર તાયફાવાળા તથા ચિત્તાગોંગ પાસેના ચીન લુશાઇ લોક બ્રીટીશ રૈયતને દુઃખદેતા હતા તેથી તેમને ૧૮૮૯ માં નરમ પડયા. મણીપુરના લોકે અંગ્રેજ અમલદારને મારી નાંખવાથી તેમનાપર ચઢાઈ કરી મુખ્ય જુબરાજને ફાંસીદીધી, ને બીજાને થોડી શિક્ષા કરી પાંચ વરસના બાળકને ગાદી આપી. ૧૮૮૯–૯૦ માં મહારાણીનો પૌત્ર પ્રીન્સ આલ્બર્ટ

વીકટર તથા રૂશીઆના ઝારનો વડોપુત્ર **ની**કલ્સન હિંદમાં આવ્યા. ૧૮૯૧ માં રાહુવાટનું બીલ પસાર થયું. ૧૮૯૨ ના જાનેવારીમાં **પ્રીન્સ વીકટર** તાવથી વિલાયતમાં મરી ગયો, તેથી બધી પ્રજા દિલગીર થઇ. મહારાજા **દુલીપસિંહ** જે પંજાબ જોડી દીધા પછી વિલાયત જઇ રહ્યો હતો, તે ૧૮૯૩ માં મરીગયો. અફગાન અમીર સાથે કાંઇ ગેર સમજુતી ચાલવાથી અંગ્રેજ સરકારે સર **મોર્ટીમર** ડયુરંડને મોકલી ૧૨ લાખના ૧૮ લાખ કરીઆપી જે જગ્યાનો વાંધો હતો તે જગ્યા લીધી. ૧૮૯૨ માં **ફીન્સબરી** પ્રગણા તરફથી મી૦ **દાદાભાઇ નવરોજી** પાર્લામેન્ટના મેમ્બર ચુંટાયા. ૧૮૯૩ ના જુલાઇમાં **પોરબંદરના** હુલ્લડને લીધે મુંબઇમાં હિંદુ મુસલમાનનું મોટું હુલડ થયું. એને બહુ માન મલ્યું નહિ.

લોર્ડ એલ્ગીન ૧૮૯૪

એ બીજા વાઇસિરોય લોર્ડ **એલ્ગીન** જેણે ૧૮૬૨–૬૩ માં રાજ્ય કારભાર ચલાવ્યો હતો તેનો છોકરો હતો. એના વખતમાં વિલાયતી સુતરેલ કાપડ સિવાયના બીજા વિલાયતી માલપર પાંચ ટકાનો કર નાંખ્યો. હિંદુસ્તાનથી પેન્સન લઇ વિલાયત જતાં અમલદારોને હુંડીના ભાવને લીધે જતી ખોટ અટકાવવા એકસચેન્જ કોમ્પેન્સેશનનો ઠરાવ કીધો. **જાપાને** ૧૮૯૫માં **ચીનને** હરાવી કોરીઆ લીધું. પાર્લામેન્ટની ચુંટણીમાં કોન્ઝરવેટીવ તરફથી મી૦ **ભાવનગરી** નીમાયા.

પ્રકરણ ૩૦ મું.

યુરોપી પ્રજાનું હિંદમાં આવવું.

ઇ૦ સ૦ ૧૫ માં સૈકા આગમજ હિંદનો યુરોપ સાથેનો વેપાર આરબ લોકોની મારફતે ચાલતો હતો. આરબ લોક લાલ

સમુદ્રમાંથી હિંદુસ્તાનમાંથી માલ લઈજતા. તેઓ ભુમધ્ય સમુદ્રને કાંઠે આવેલા વેનીસ વગેરે શહેરમાં વેચતા, ત્યાંથી યુરોપમાં ફેલાતો; પણ એ માલ મોંઘો પડવાથી યુરોપી પ્રજાને બહારો બહાર હિંદ-સાથે વેપાર કરવાની ઉત્કંઠા થઈ.

પોર્ટુગીઝ–ઈ૦ સ૦ ૧૪૮૭ માં **બાર્થો** લોમ્યુડીઆઝ નામનો પોર્ટુગીઝ વહાણવટી પહેલ વહેલો કેપ ઓફ્ ગુડ હોપને રસ્તે હિંદ તરફ આવ્યો, પણ તોફાન નડવાથી પાછાફર્યો. પછી ૧૪૯૭માં પોર્ટુગીઝના રાજા ઈમાન્યુઅલે વાસ્કોડીગામાને મોકલ્યો. તે કલીકટમાં ઊતર્યો. ત્યાંના રાજાએ પ્રથમ એને માન આપ્યું, પણ પાછળથી અણબનાવ થયા. ઈ૦ સ૦ ૧૫૦૦માં કાબ્રાલને મોકલ્યો પણ તોફાન નડવાથી વહાણો ખસડાઈ ગયા, ને બ્રાઝીલ શોધી કાઢયો. એ ૧૫૦૧ માં પાછો ફર્યો. ૧૫૦૨ માં વાસ્કોડીગામા ફરી આવ્યો, ને કોચીન ને કાનાનોરના રાજાસાથે સલાહ કરી કલીકટના રાજા ઝામોરીનને હરાવ્યો, તેથી તે રાજાએ તેમની કોઠીઓનો નાશ કર્યો. ૧૫૦૫ માં પોર્ટુગીઝનો પહેલો ગવર્નર આલ્મેડા થયો; તે પછી ૧૫૦૯ માં આલ્ફાન્સો આલ્બુકર્ક બીજો સુબો આવ્યો. એણે ૧૫૧૦ માં ગોવા ને ઓર્મઝ તથા ૧૫૧૧ માં મલાકકા જીતી લીધા. એ ૧૫૧૫ માં મરીગયો. ૧૫૨૪ માં વાસ્કોડી ગામા ત્રીજી વાર આવ્યો ને ૧૫૨૭ માં મરીગયો. ૧૫૫૮ માં એમને દમણ મળ્યું. હાલ એમનાં સંસ્થાનો દીવ, દમણ ને ગોવા છે.

વલંદા–હોલાંડના લોકને ડચ અથવા વલંદા કહેછે. પોર્ટુગી-ઝનો લાભ જોઈ ૧૫૯૬ માં હોટમેનની સરદારીનીચે એક કાફલો આવ્યો તેણે ૧૬૧૯ માં બતેવીઆ શહેર વસાવી રાજધાની કરી. થોડા વખતમાં ત્યાં અંગ્રેજ લોકો વેપાર કરવા આવ્યા, ને હરીફાઈ થઈ, તેમાં ૧૬૨૩ માં આમ્બોયનામાં ૧૮ અંગ્રેજને મારી નાંખ્યા.

એમણે ૧૬૩૫ માં ફોરમોસા, ૧૬૪૦ મલાક્કા, ૧૬૫૮ માં જાફના પટમ લીધાં. ૧૬૫૧ માં આફ્રીકામાં સંસ્થાન સ્થાપ્યું, ને ૧૬૫૨ માં કલીકટમાં કોઠીસ્થાપી. ૧૬૬૪ માં કોચીન ને કલીકટ લીધાં. આખરે ધીમેધીમે અંગ્રેજે તેમનાં થાણાં લઇ લીધાં. તેમનાં ઠેકાણાં ચિન્સુરા, નિગાપટમ,, પુલીકટને મલબાર કાંઠાપર કેટલાક બંદરોછે.

ડેન્સ–ઉપલી પ્રજાની ફ-તેહ જોઇ ડેન્માર્કના લોકને પણ હિંદતરફ વેપાર કરવાની ઉલટ થઇ. તેઓ ૧૬૧૨ તથા ૧૬૭૦ માં કંપનીઓ સ્થાપી હિંદમાં આવ્યા, પણ ઝાઝો વખત ટકી શક્યા નહિ. એમનાં સંસ્થાનો ત્રાંકવીબાર, પોર્ટોનોવો, શ્રીરામપોર વગેરે હતાં, પણ ૧૬૪૫ માં અંગ્રેજે વેચાતાં લઇ લીધાં.

ઇ૦ સ૦ ૧૭૨૩ માં આસ્ત્રીઆના બાદશાહની મદદવડે બેલ્જીઅમના ઓસ્ટેન્ડ શહેરમાં કંપની ઉભી થઇ, પણ તેણે દેવાળું કાઢ્યું.

ઇ૦ સ૦ ૧૭૩૧ સ્વીડન કંપની ઉભી થઇ; ને ૧૬૯૫ માં સ્કાટલાંડના લોકે કંપની સ્થાપી, પણ તેઓ હિંદમાં વેપાર કરવા પામ્યા નથી.

ઇ૦ સ૦ ૧૭૩૩ માં સ્પેનના રાજા તરફથી એક કંપની ઉભી થઇ, તે ફીલીપ્પાઇન બેટમાં વેપાર કરતી હતી.

ફ્રેંચ. એ લોકોએ ૧૬૦૪ માં પહેલો કાફલો મોકલ્યો. ૧૬૬૪ પહેલાં તેઓ એકપણ થાણું હિંદમાં કરી શક્યા નહિ. ૧૬૬૪ માં સુરતમાં કોઠી ઘાલી, અને ૧૬૬૮ માં મછલી પટણઆગળ સંસ્થાન કીધું. ૧૬૭૪ માં માર્ટીન નામના ફ્રેંચે પોંડીચરી વસાવ્યું. ૧૬૮૮ માં હુગલીને કાંઠે ચંદ્રનગર વસાવ્યું, જે ક્લાઇવ તથા વોટસને પ્લાસીની લડાઇ વખતે તાબે કરી લીધું. ૧૭૨૫માં માહી વસાવ્યું. એમના હાલ સંસ્થાનો પોંડીચરી, માહી, ને ચંદ્રનગર છે.

અંગ્રેજ. ઇ૦ સ૦ ૧૬૦૦ માં ઇંગ્લાંડની રાણી એલીઝાબેથ

પાસેથી વેપાર કરવાનો પટો મેલવી ઇસ્ટ ઇંડીઆ કંપની ઉભી થઇ એ રાણીએ અકબરની દરબારમાં એલચી મોકલી તેમને મદદ આપવા જણાવ્યું હતું. ૧૬૦૭ માં પહેલા જેમ્સે કપ્તાન હોકીન્સને મોકલ્યો. ૧૬૧૦ માં મછલીપટણ, ને ૧૬૧૨માં સુરત ને ખંભાતમાં કોઠીઘાલી. ૧૬૧૫ માં સર ટોમસરો એલચી આવ્યો. ૧૬૨૩ માં આમ્બોયનામાં ૧૮ અંગ્રેજની વલંદાએ કતલ કરી, તેથી તેમની પાસેથી નુકસાની બદલ ૩૬૧૫૦ રૂ. લીધા. ૧૬૨૬ માં આરગામમાં થાણું કર્યું. ૧૬૩૯ માં ફોર્ટ સેન્ટ જ્યોર્જ (મદ્રાસ) બાંધ્યો. ૧૬૩૪ માં શાહજહાંએ બંગાળામાં વેપાર કરવાની છુટ આપી. ૧૬૪૦ માં હુગલી ને ૧૬૪૨ માં બાલાસોરમાં કોઠીઘાલી. ૧૬૬૨ માં પોર્ટુગાલના રાજાએ પોતાની છોકરી કેથેરાઇનની પહેરામણીમાં બીજા ચાર્લ્સ રાજાને મુંબઇ બેટ આપ્યો, જેણે ૧૬૬૮ માં કંપનીને આપ્યો; એમાં પહેલું થાણું ૧૬૮૭ માં નાંખ્યું. ૧૬૮૯ માં સરજોન ચાઇલ્ડને હિંદનો ગવર્નર ને નૌકાસેનાપતિ નીમ્યો, ને તેને સલાહ તથા લડાઇ કરવાના અધિકાર આપ્યા. ૧૬૯૧ માં કોરોમાંડળ કિનારાપર ટગણાપટ્ટમ વેચાતું લઇ ફોર્ટ સેન્ટ ડેવીડ બાંધ્યો, અને ૧૭૦૦ માં ફોર્ટ વીલીયમ (કલકત્તા) બાંધ્યો. બીજી કંપની ૧૬૯૮ માં ઉભી થઇ, તે બંને ૧૭૦૮ માં જોડાઇ ગઇ, અને ધી યુનાઇટેડ ઇસ્ટ ઇંડીઆ કંપની નામ રાખ્યું.

પ્રકરણ ૩૧ મું.

કર્ણાટકનો પહેલો વિગ્રહ ૧૭૪૬–૧૭૪૮–ર

અંગ્રેજ તથા ફ્રેંચ વચ્ચે

ફ્રેંચોએ અંગ્રેજોનું મદ્રાસ ૧૭૪૬ માં અન્યાયપણે લીધું. આ વખતે કલાઇવ કંપનીમાં કારકુન હતો. અને લોરેન્સ સરદાર

હતો. ફ્રેંચ સરદાર ડુપ્લી અને લાબોર્ડોને હતા. પણ તે મદ્રાસ ૪ લાખ રૂપીઆ લઇ પાછું આપ્યું, તે વાત ડુપ્લીને ગમી નહિ. તેથી ફરી મદ્રાસને ઘેરો ઘાલ્યો, પણ તેમને પાછા જવું પડ્યું. પછી બોસ્કોને પોંડીચરી લીધું. એટલામાં યુરોપમાં ફ્રેંચ તથા અંગ્રેજ વચ્ચે સલાહ થઈ, તેથી એક બીજાના જીતેલા મુલક પાછા આપ્યા.

કર્ણાટકનો બીજો વિગ્રહ ૧૭૪૮—૧૭૫૪—૬

ઇ૦ સ૦ ૧૭૫૦ માં હૈદ્રાબાદનો નવાબ નીઝામ–ઉલ–મુલ્ક મરીગયો, તેની જગાએ નાસીરજંગ ગાદીએ બેઠો. જેનાસામું મુઝફ્ફરજંગે વાંધો ઉઠાવ્યો. એજ સાલમાં કર્ણાટકના નવાબ સાદતઅલીના મરણથી અનવરૂદીન ગાદીએ બેઠો, જેની સામું ચંદાસાહેબે દાવો કર્યો. મુઝફ્ફરજંગ અને ચંદાસાહેબે ફ્રેંચની મદદ માગી. અને નાસીરજંગ તથા અનવરૂદીને અંગ્રેજની મદદ માગી. આખરે ફ્રેંચ તથા અંગ્રેજ વચ્ચે લડાઇ થઇતેમાં ફ્રેંચોએ ૧૭૫૦ ની અંબુરની લડાઇમાં અનવરૂદીનને અને ત્રિચિનાપલીની લડાઇમાં નાસીરજંગને હરાવ્યો, અને આર્કોટની ગાદી ચંદાસાહેબને અને નીજામની ગાદીએ મુઝફ્ફરજંગને બેસાડયો. પછી એ મરી જવાથી સલાબતજંગને ગાદી આપી. ચંદાસાહેબે પોંડીચરીની આસપાસના ૮૧ ગામ તથા સલાબતજંગે ઉત્તર સરકાર તથા મછલીપટણ ફ્રેંચોને આપ્યા. આ જીતથી ડુપ્લી દક્ષિણ હિંદનો સુબો થયો, ને તેથી ફુલાઇને ડુપ્લી–ફ–તેહ–આબાદ શહેર વસાવ્યું. ને એક કીર્ત્તિસ્થંભ ઉભો કર્યો. હવે અનવરૂદીનના છોકરા મહમદ અલીને ચંદાસાહેબે ત્રિચિનાપલીમાં ઘેર્યો, તેથી અંગ્રેજ સરદાર ક્લાઈવે એવી જુક્તિ કરીકે જો આપણે ચંદાસાહેબની રાજધાની આર્કોટપર ચડાઈ કરીશું તો એ ઘેરો ઊઠાવી આવશે. તેથી ૧૭૫૧માં

૨૦૦ અંગ્રેજને ૩૦૦ કાળા લઇને આર્કાટને ઘેરો ઘાલ્યો. આ વાત ચંદાસાહેબે જાણીને પોતાના છોકરા રાજાસાહેબને મોકલ્યો. કલાઇવે તેને ૧૭૫૧ માં આર્ની ને ૧૭૫૨માં કાવેરેપાક આગળ હરાવ્યો, ને ડુપ્લીના કીર્તિસ્થંભ ને શહેરનો નાશ કર્યો. ચંદાસાહેબ આથી તંજોરના રાજાને શરણે આવ્યો. જેણે તેને દગાથી મારી નાંખ્યો. પછી મહમદઅલીને કર્ણાટકનો નવાબ ઠેરવ્યો. પછી કલાઇવનું શરીર બગડવાથી વિલાયત ગયો, ડુપ્લીના કામથી નાખુશ થઇ ફ્રેંચ સરકારે બોલાવી લીધો, જ્યાં તે ગરીબી હાલતમાં અતી દુખપામી ૧૭૬૪ માં મરી ગયો.

કર્ણાટકનો ત્રીજો વિગ્રહ ૧૭૫૬—૧૭૬૧—૫

મહમદઅલીના મદુરા પરગણાની કોલેરીસ જાતે અંગ્રેજને મહેસુલ ભરવાની ના કહી, તેથી અંગ્રેજો સામા થયા. આનો લાભ લઇ ફ્રેંચ સરદાર લાલી જે એક નવું લશ્કર લઇને આવ્યો હતો. તેણે ત્રિચિનાપલી પર હુમલો કર્યો, પણ કર્નલ કાલીયદે તેમને હઠાવ્યા. ૧૭૬૦ માં કુટે વાંદીવાસ આગળ ફ્રેંચોને લાલી તથા બુસીની સરદારી નીચે હરાવ્યા. આમાં બુસીકેદ પકડાયો. ૧૭૬૧ માં જીંજીગઢ તથા પોંડીચરી લઇ લીધા. એ સાલમાં લાલી ફ્રાંસ ગયો, જ્યાં તેનાપર રાજ ખોયાનું તહોમત મુકી ત્યાંની સરકારે ફાંસી દીધો. ૧૭૬૬.

પ્રકરણ ૩૨ મું.

બંગાલાની પહેલી લડાઈ ૧૭૫૬-૧૭૫૭-૧

અંગ્રેજ તથા સુરાજદૌલા વચ્ચે

ઇ૦સ૦૧૭૫૬ માં બંગાળાનો નવાબ અલીવર્દીખાન મરી ગયો,

તેની ગાદીએ તેનો પૌત્ર સુરાજા દૌલા બેઠો. એ નિર્દય ને ઘાટકી હતો, અને અંગ્રેજની ચડતી જોઈ બળતો હતો. એવામાં એની રૈયતનો એક માણસ નસીને કલકત્તામાં અંગ્રેજને શરણે આવ્યો, તેને નવાબે પાછો માગ્યો, પણ અંગ્રેજોએ આપ્યો નહિ. તેથી નવાબે ગુસ્સે થઈ અંગ્રેજની કાસીમ બજારની વખારો લુટી કલકત્તાને ઘેરોઘાલ્યો. તેમાંથી કેટલાક માણુસ નાશી ગયા ને ૧૪૬ રહ્યા તેને એક ૧૮ ચોરસ ફૂટની અંધારી ઓરડી "બ્લેક હોલ" માં પુર્યા, જ્યાં સખત તાપને લીધે, પાણી તથા પવન વગર તેમાંના ૧૨૩ બીજે દિવસે મરી ગયા, ને ફકત ૨૩ જીવતા રહ્યા. આ વેર લેવાને ક્લાઇવ તથા વોટસન મદ્રાસથી આવ્યા, ને લડાઇની તૈયારી કરી પછી ૧૭૫૬ માં ઘેરીઆ ને ૧૭૫૭ માં ચંદનગર જીત્યા. ક્લાઇવે તેના સરદાર મીરજાફર વીગેરેને ફોડયા, ને તેને ગાદી આપવાનું કહી પોતાના પક્ષમાં લીધા. એ કાવતરૂં રચ્યું તે વાત અમીચંદ દલાલે જાણી તેથી તેને કહ્યું કે મને ૩૦ લાખ રૂપીઆ આપો, નહિતો બધીવાત નવાબને કહી દઇશ. આથી ક્લાઇવે એક ખોટો ને એક ખરો એવા બે દસ્તાવેજ બનાવ્યા. આ પછી ૧૭૫૭ ની ૨૩ મી જુને સુરાજા દૌલા સાથે પ્લાસી આગળ લડાઇ થઈ, તેમાં નવાબ હાર્યો ને નાશી ગયો. તેને મીરજાફરના છોકરા મીરાને પકડી મારી નાંખ્યો. મીરજાફરને નવાબ બનાવ્યો, ને અંગ્રેજો બંગાળાના ધણી થયા. પછી અમીચંદ રૂપીઆ લેવા આવ્યો ત્યારે ખોટો દસ્તાવેજ બતાવ્યો તેથી તે ગાંડો થઈ મરી ગયો. મીરજાફરે નવાબ થયા પછી કલકત્તાના ચોવીશ પરગણાની વસુલાતનો હક અને ૧ કરોડ રૂપીઆ કંપનીને આપ્યા, ને ક્લાઇવ ૧૭૫૮ માં બંગાળાનો પહેલો ગવર્નર થયો.

બંગાલાની બીજી લડાઈ ૧૭૫૮—૧૭૫૯—૧ અંગ્રેજ તથા મીરજાફર વચ્ચે.

દિલ્લીના શહેનશાહના છોકરા **શાહઆલમ** અને **અયોધ્યાના** હાકેમ **સુજાઉદોલાએ** **મીરજાફરને** નવાબ તરીકે ગણવાની નાપાડી પટણાપર ઘેરો ઘાલ્યો, પણ ક્લાઇવે તેમને પાછા હઠાવ્યા. પણ **મીરજાફર** છુપી રીતે વલંદાની મદદ માગતો હતો, તેથી અને લશ્કરનો પગાર ચડી જવાની બુમથી લશ્કર બળવો કરવાની તૈયારીમાં હતું, તેથી વલંદાને ૧૭૫૯ માં **ચીન્સુરા** આગળ હરાવ્યા ને **મીરજાફરને** ઉઠાડી મુકી તેના જમાઇ **મીરકાસીમને** બેસાડયો. અને તેની પાસેથી **બર્દવાન**, **ચિતાગોંગ** ઇત્યાદિ પરગણાં લીધા.

બંગાળાની ત્રીજી લડાઇ ૧૭૬૦—૧૭૬૪—૪ અંગ્રેજ તથા મીરકાસીમ વચ્ચે.

૧૭૬૩ માં **મીરકાસીમનો** ઇરાદો સ્વતંત્ર થવાનો હતો, તેથી પોતાની ગાદી **મુર્શીદાબાદથી** **મોંગીર** કરીને કવાયતી લશ્કર ઉભુ કર્યું; કંપનીના માલના હાંસલની માફીહતી, તેથી કંપનીના નોકરો પણ તેનો ઉપયોગ કરતા, તેથી નવાબની ઉપજને નુકસાન લાગ્યું. તેથી **મીરકાસીમે** બળવો કર્યો. વળી એણે પોતાના એક જર્મન સરદાર **સમરૂ** પાસે **પટણામાં** ૨૦૦૦ દેશી અને ૨૦૦ અંગ્રેજોની પલટણની કતલ કરાવી, તેથી અંગ્રેજ સરદાર **મેજર** **આદમ્સે** ૧૭૬૩ માં **ઘેરીઆ** આગલ હરાવી ફરી **મીરજાફરને** ગાદીઆપી. પછી **મીરકાસીમ**, **દિલ્લીનો** **શાહઆલમ**, અને **અયોધ્યાનો** **સુજાઉદોલા** એ ત્રણે મલીને **પટણાપર** ચડાઈ કરી. તેમાં **બકસરની** લડાઇમાં **મનરોએ** ત્રણેને હરાવ્યા. પછી ક્લાઇવ બીજીવાર ૧૭૬૫ માં આવ્યો ને **દિલ્લીના** પાદશાહ પાસેથી કેટલોક મુલક મેલવ્યો, અને

અયોધ્યાનું રાજ્ય ૫૦ લાખ રૂ. લઇ તેના નવાબને આપ્યું, તથા કંપનીના નોકરને યોગ્ય પગાર બાંધી આપ્યો. ૧૭૬૭ માં ત્રીજીવાર વિલાયત ગયો, ત્યાં એના શત્રુઓએ તહોમત મુક્યા. આખરે તેમાં એ જીત્યો પણ ૧૭૭૪માં આપઘાત કરી મુઓ. હિંદમાં અંગ્રેજી રાજ્યનો પાયો નાંખનાર એ હતો.

પ્રકરણ ૩૩ મું.

મૈસુરનો પહેલો વિગ્રહ ૧૭૬૭–૧૭૬૯–૨

મૈસુરમાં **કૃષ્ણરાય** નામે રાજા હતો, તેને **નંદરાય** નામે કારભારી હતો, તેના તાબામાં **હૈદરઅલી** કેટલાક સિપાઇઓનો સરદાર હતો. એણે કપટ કરીને એ રાજાને ગાદીએથી કહાડી મુકી પોતે બેઠો. એણે પછી **બેદનુર** તથા **નંદીદુર્ગ**ના કિલ્લા લીધા ને અંગ્રેજી મુલકપર આવવા માંડ્યું, તેથી **અંગ્રેજે નિજામ** તથા **મરેઠા** સાથે મલીને **હૈદર**ને ૧૭૬૭ માં કર્નલ **સ્મીથે ચંગામ** ને **ત્રીનામાલી** આગળ હરાવ્યો. પછી ૧૭૬૯ માં **મદ્રાસ** આગળ કરાર થયા કે એક બીજાનો લીધેલો મુલક પાછો આપવો, તથા સંકટ વખતે અરસપરસ મદદ કરવી.

મૈસુરનો બીજો વિગ્રહ ૧૭૮૦–૧૭૮૪–૪

પેહેલા **માધવરાવે** ૧૭૭૨ માં **ચેરકુલી** આગળ **હૈદર**ને હરાવ્યો તે વખતે ૧૭૬૯ ના **મદ્રાસ**ના તહનામાની સરત મુજબ અંગ્રેજની મદદ માગી, પણ તે લોકોએ આપી નહિ, તેથી બીજો વિગ્રહ થયો. એમાં **હૈદરે** પ્રથમ ૧૭૮૦ માં પોલીલોર આગળ કર્નલ **બેલી**ના લશ્કરપર તુટીપડી તેને હરાવ્યું. પણ ૧૭૮૧ માં **પોર્ટોનોવો**, **ચિલાંબ્રામ**, **પોલીલોર**ની બીજી, તથા **સોલીંગઢ** આગળ **કુટ** સાહેબે

હૈદરને હરાવ્યો. ૧૭૮૨ માં હૈદર મરી ગયો. આ વખતે ટીપુ મલબાર કિનારાપર હતો, તેણે આવીને લડાઇ જારી રાખી. તેમાં ૧૭૮૨ માં પનીઆની આગળ હરાવ્યો. આખરે ૧૭૮૪ માં માંગલોર આગળ તહનામું થયું કે પરસ્પર લીધેલો મુલક પાછો આપવો, તથા કેદી છોડી દેવા.

મૈસુરનો ત્રીજો વિગ્રહ ૧૭૯૦-૧૭૯૨-૨

ટીપુએ કેનેરા, કુર્ગ ને કોચીનના લોકોને ઇસ્લામી ધર્મ પાલવાની ફરજપાડી, તેના જુલમથી કંટાલી કેટલાકે ત્રાવણકોરના રાજાની મદદ માગી. એ અંગ્રેજનો મિત્ર હતો. તેનાપર ચડાઇ કરી તેથી લડાઇ થઇ. એમાં ૧૭૯૧ માં કોર્નવોલીસે જાતે સીમોગા ને એરીકેરાની લડાઇમાં ટીપુને હરાવ્યો, ને બેંગલોર તથા નંદીદુર્ગના કિલા લઇ લીધા. ૧૭૯૨માં શ્રીરંગાપટણ આગલ ઘેર્યો એટલે તાબે થઇને કરાર કર્યા કે પોતાનું અરધું રાજ અંગ્રેજને આપે, ને લડાઇના ખરચ બદલ ૩ કરોડ ૩૦ લાખ રૂપીઆ આપે, અને જ્યાં સુધી આ સરતો પુરી પડે, ત્યાં સુધી ટીપુના બે છોકરા અંગ્રેજના સ્વાધીનમાં રહે.

મૈસુરનો ચોથો વિગ્રહ ૧૭૯૮-૧૭૯૯-૧

ટીપુએ ફ્રેંચ સાથે ખટપટ કરી નેપોલીઅન બોનાપાર્ટને મદદ માટે લખ્યું, અને અંગ્રેજના એલચીનું અપમાન કર્યું, તેથી વિગ્રહ થયો. ઇ૦ સ૦ ૧૭૯૯ માં માલવેલી આગલ હેરીસે, સદાસીર આગળ સ્ટુઅર્ટે અને શ્રીરંગાપટણ આગલ બેયર્ડે હરાવ્યો. છેલ્લી લડાઇમાં ટીપુ માર્યોગયો ને લડાઇનો અંત આવ્યો. પછી મૈસુરનું રાજ ત્રણ ભાગે વહેંચી લીધું. શ્રીરંગાપટણને આજુબાજુનો ભાગ અંગ્રેજે રાખ્યો (૨) મૈસુરનો ભાગ મુલ માલીક હિંદુ રાજાના વંશજોને આપ્યો, (૩) અંગ્રેજને મદદ કરનાર નિઝામ તથા મરેઠાને આપ્યો.

પ્રકરણ ૩૪ મું.

મરેઠી પહેલો વિગ્રહ ૧૭૭૪-૧૭૮૨-૮

રાઘોબાએ ૧૭૭૩ માં પોતાના ભત્રિજા **નારાયણરાવને** મારી નાંખી ગાદી લીધી, પણ મરેઠા સરદારોએ **રાઘોબાને** ઉઠાડી સવાઇ **માધવરાવને** બેસાડયો, તેથી **રાઘોબાએ** ૧૭૭૫ માં **સુરત** આગળ મુંબાઇ સરકાર સાથે તહનામું કર્યું કે મને પુનાની ગાદી પાછી અપાવો તો **સાલસેટ** વીગેરે બેટ અંગ્રેજને આપું. આ કરાર **કલકત્તા** સરકારને પસંદ પડયા નહિ, તેથી ૧૭૭૬ માં **પુરંધર** મુકામે સવાઈ **માધવરાવ** તરફના **નાનાફડનવીશ** વીગેરે સાથે સલાહ કરી કે **રાઘોબાને** મદદ કરવી નહિ, અને અંગરેજને **સાલસેટ** આપવું. પણ એવામાં સાંભળ્યું કે **માધવરાવને** મદદ કરવા ફ્રેંચો આવેછે, તેથી **રાઘોબાને** મદદ કરવાને લખ્યું ને એક લશ્કર **બંગાલેથી** મોકલ્યું, પણ મરેઠી લશ્કરે તેમની પુંઠે પડીને ૧૭૭૯ માં **વારગામ** આગળ અંગ્રેજોએ લીધેલી જગ્યા પાછી આપવાના નામોશી ભરેલા કરાર કર્યા. એટલામાં બંગાલેથી આવેલા લશ્કરે ડભોઇ તથા **અમદાવાદ** જીતી લીધા. આખરે ૧૭૮૨ માં **સાલબાઇનું** તહનામું થયું. તેમાં એવું ઠર્યું કે **પુરંધરનું** તહનામું કબુલ રાખવું,ને **રાઘોબાને** ૨૫૦૦૦ નું માસીક પેન્સન આપવું. **સીંધીઆને** સારી મદદ માટે **ભરૂચ** આપવું.

મરેઠી બીજો વિગ્રહ ૧૮૦૨-૧૮૦૩-૧

અંગ્રેજ તથા દોલતરાવ સીંધીઆ ને રઘુજી ભોસલે **જસવંતરાવ હોલ્કરે** ૧૮૦૧ માં પુનાપર ચડાઈ કરી, તેથી **બાજીરાવ** પેશ્વાએ નાસીને ૧૮૦૨ માં **વસાઇ** મુકામે સંધી કરી કે પુનામાં અંગ્રેજ છાવણી રાખે ને તેના ખરચના ૨૬ લાખ રૂા. પેશ્વા આપે, કોઈ પરદેશી યુરોપીઅનને પોતાના મુલકમાં રાખવા નહી, અને સુરતની આસપાસની જગ્યાપરથી હક છોડવો. આ સંધીથી **સીંધીઆ**

અને ભોંસલે ગુસ્સે થયા ને લડાઇ થઇ. એમાં વેલેસ્લીએ ૧૮૦૩ માં અસાઇ, અલીગઢ ને દિલ્લી, લાસ્વારી ને આરગામ આગળ સીંધીઆ તથા ભોંસલેને હરાવ્યા આથી સીંધીઆએ સીરજી અંજેગામ આગળ સલાહ કરી. તેમાં એવું ઠર્યું કે સીંધીઆએ ગંગાને જમના વચ્ચેનો મુલક, જેપુર, જોધપુર, ગોહદની ઉત્તરનો મુલક, અહમદનગર, ભરૂચ અંગ્રેજને આપવા; અને અંગ્રેજના મિત્રો નિઝામ, ગાયકવાડ ને પેશ્વા સાથે વિરોધ રાખવો નહીં; ભોંસલે સાથે દેવગામ આગળ કરાર થયા કે કટક તથા વર્ધાનદીનો પશ્ચિમ ભાગ અંગ્રેજને આપવો; અંગરેજ સાથે દુસ્મનાઈ રાખનાર પારકી પ્રજાને પોતાના રાજમાં રાખવી નહીં; અને નિઝામ અને પેશ્વા સાથનો કાંઇપણ વાંધો હોય તે અંગ્રેજ પાસે કરાવવો.

મરેઠી ત્રીજો વિગ્રહ ૧૮૦૪–૧૮૦૫–૧

અંગ્રેજ તથા જશવંતરાવ હોલ્કર

હોલ્કરે પુનામાંથી પેશ્વાને નસાડયો, ને જ્યાંસુધી હોલ્કરનું જોર નરમ ન પડે ત્યાં સુધી પેશ્વા જે અંગ્રેજનો મિત્ર થયો હતો તે નિર્ભયપણે રાજ કરે નહી, તેથી લડાઈ થઈ. ૧૮૦૪ માં હોલ્કરે કંઇક જીત મેલવી, તેથી ફુલાઇને દિલ્લીપર હુમલો કર્યો, પણ તેનો બહાદુરીથી બચાવ થયો; અને ૧૮૦૪ માં મોન્સને દીગ તથા ફરૂકાબાદ આગળ હોલ્કરને હરાવી ૧૮૦૫ માં ભરતપુર પર હુમલો કર્યો, ને તેમાં અંગ્રેજને સલાહ થવાથી ૨૦ લાખ રૂપીઆ મલ્યા. આખરે હોલ્કરે ૧૮૦૫ માં રાયપુર ઘાટ આગલ સલાહ કરી કે ચંબલની ઊત્તરના ભાગપર હોલ્કરે દાવો કરવો નહિ, અને કોઈ બીજી યુરોપીઅન પ્રજાને પોતાના રાજ્યમાં રાખવી નહિ, અને હોલ્કરની જીતેલી જગ્યા પાછી આપવી.

મરેઠી ચોથો વિગ્રહ ૧૮૧૭-૧૮૧૮-૧
અંગ્રેજ તથા બાજીરાવ બીજો પેશ્વા

વસાઇના તહનામા પછી પેશ્વા અંગ્રેજ સાથે કાવત્રાં કરતો હતો, તથા એણે પુનાના રેસીડેંટપર હલ્લો કીધો, ને ગાયકવાડે મોકલેલા ગંગાધર શાસ્ત્રીને એના પ્રધાન ત્રીંબકજી ડેંગલેએ મારી નાંખ્યો. તેથી લડાઇ થઇ. ૧૮૧૭ માં ખડકી ને ૧૮૧૮ માં કોરેગામ ને આસ્ટી આગળ પેશ્વા હાર્યો. તેથી આખરે તાબે થયો. એને ૮ લાખ રૂપીઆનું પેન્સન બાંધીઆપી અંગ્રેજે બીઠુરના કિલામાં કેદ કર્યો, જ્યાં તે ૧૮૫૩ માં મરી ગયો ને પુનાની ગાદી પ્રતાપસિંહને આપી.

પ્રકરણ ૩૫ મું.
નેપાલ વિગ્રહ ૧૮૧૪-૧૮૧૬-૨

ગુરખા લોકે સરહદપરનો કેટલોક મુલક દબાવી કેટલાક અંગ્રેજ અમલદારને મારી નાંખ્યા તેથી લડાઇ થઈ તેથી ઓક્ટર્લોનીએ ૧૮૧૫ માં મલુન, ૧૮૧૬ માં હરીહરપુર ને મકવાનપુર આગળ ગુરખા લોકને હરાવ્યા. છેવટે ૧૮૧૬ માં સેગાઉલી આગલ સલાહ થઈ, તેમાં એવું ઠર્યું કે સરહદપરનો કેટલોક મુલક અંગ્રેજને આપવો.

પીંઢારી વિગ્રહ ૧૮૧૬-૧૮૧૭-૧

પીંઢારા એક જાતના લુટારા હતા, તેમના ત્રણ સરદાર અમીરખાન, કરીમખાન ને ચીતુ હતા. તેમનું રહેઠાણ મધ્ય હિંદમાં હતું. હેસ્ટીંગ્સે (મોયરાએ) સવાલાખ માણસનું લસ્કર હિસ્લોપની સરદારી નીચે મોકલ્યું. આખરે તેઓ શરણે આવ્યા. અમીરખાને ટોંક સંસ્થાન માગી લીધું; કરીમખાન જાગીરદાર થઇ રહ્યો, ને ચિતુ જંગલમાં નાઠો, જ્યાં તેના વાઘે પ્રાણ લીધા.

ભરતપુરની ચડાઈ ૧૮૨૫-૧૮૨૭-૨

એનો રાજા ૧૮૨૩ માં અપુત્ર મરી ગયો, તેથી તેનો ભાઇ **બલદેવસીંહ** ગાદીએ બેઠો, પણ એનો ભત્રિજો દુર્જનસાલ ગાદી માટે દાવો કરવા લાગ્યો. અંગ્રેજોએ **બલદેવસીંહનો** પક્ષ સ્વીકારી તે કિલ્લાને ઘેરો ઘાલ્યો અને સુરંગ ફોડી ૧૮૨૭માં તે કિલ્લો લઇ લીધો.

પહેલો બ્રહ્મી વિગ્રહ ૧૮૨૩-૧૮૨૬-૩

એ દેશના રાજાએ **શાહાપુરીના** બેટમાંના અંગ્રેજી રૈયતના બચાવ માટે રાખેલા ૧૩ સિપાઇને મારી, અંગ્રેજના મિત્ર **કાચા-રના** રાજાપર ચડાઈ કરી તેથી લડાઈ થઇ. તેમાં ૧૮૨૪માં **કેમ્પ-બેલે** **રંગુન**, પછી ૧૮૨૫માં **માર્ટાબાન**, **પ્રોમ** ને **આરાકાન** જીતી લીધાં; અને **પાગામ** આગળ ૧૮૨૬માં બ્રહ્મીઓને હરાવ્યા. આ લડાઇમાં તેમના પ્રખ્યાત સરદાર **મહાબંદુલા** તથા **નરકાધીપતિ** માર્યા ગયા. આખરે ૧૮૨૬માં **યાન્દેબો** આગળ સલાહ થઇ તેમાં લડાઇના ખરચ બદલ ૧ કરોડ રૂપીઆ તથા **આરાકાન**, તિનાસરીમ વીગેરે કેટલાક પ્રાંત મલ્યા.

બીજો બ્રહ્મી વિગ્રહ ૧૮૫૨—૧૮૫૩—૧

રંગુનના સુબાએ યુરોપીયન વેપારીને કેટલુંક નુકશાન કર્યું તે બાબત તેમણે **આવાના** રાજા પાસે વકીલ મોકલ્યો, તેનું નહિ માનતાં અપમાન કીધું તેથી વિગ્રહ થયો. ૧૮૫૨ માં **જનરલ ગોડવીએ** રંગુનથી **પેગુને** **પ્રોમ** સુધીનો મુલક જીતી લઇ અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધું. આખરે ૧૮૫૩ ના જુનમાં **પેગુ** આગળ સલાહ થઇ કે **પેગુમાંના** અંગ્રેજ કેદીને છોડી દેવા, ને **પેગુ** અંગ્રેજને આપવો.

ત્રીજો બ્રહ્મી વિગ્રહ ૧૮૮૫—૧૮૮૬—૧

બ્રહ્મદેશના રાજા **થીબો**એ અંગ્રેજની વેપારી કંપનીને નુકસાન કર્યું તેથી તેના રાજ્યપર હુમલો કર્યો. લોર્ડ ડફરીને જનરલ **પ્રે**ન્ડર ગાસ્તને મોકલ્યો, તેણે રાજાને હરાવી **માંદલેજ** તથા **ચીલન** ગઢ લઇ તાબે કર્યાં અને બ્રહ્મદેશ ખાલસા કરી રાજા **થીબો**ને રત્નાગીરીમાં કેદ કર્યો ૧૮૮૬.

પ્રકરણ ૩૬ મું.

પેહેલો અફગાન વિગ્રહ ૧૮૩૯—૧૮૪૨—૩

અફગાનિસ્તાનના રાજા **શાહાસુજા**ને તેના ભાઇ **દોસ્તમહમદે** ગાદીપરથી ઉઠાડી મુકયો, તેથી **શાહાસુજા**એ અંગ્રેજની મદદ માગી, તેથી અંગ્રેજે **પં**જાબના રાજા **રણજીતસિંહ** સાથે મળીને ૧૮૪૦ માં **પરવાન** આગળ ને ૧૮૪૧માં **જલાલાબાદ** આગળ **દો**સ્તમહમદને હરાવી કેદ કરી **કાબુલ**ની ગાદી **શાહાસુજા**ને આપી; પણ તેની રૈયત તેના રાજ્યથી રાજી નહોતી, તેથી **દોસ્તમહમદ**ના છોકરા **અકબરખાં**એ કેટલાક અંગ્રેજોપર પર્વતને રસ્તે તુટી પડી તેમને કેદ કર્યા, ને **શાહાસુજા**ને મારી નાંખી કોઇ ખાઇમાં ફેંકી દીધો. આ માઠા સમાચાર મળતાંજ લોર્ડ **એલેન્બરો**એ જનરલ **પોલોક**ને **સેલ**ને મદદ કરવા મોકલ્યો. તેમણે **કાબુલ**પર ચઢાઇ કરી ત્યાંનો બજાર દારૂથી ઉડાડી નાંખ્યો ૧૮૪૨. અને શત્રુઓને કેટલીક લડાઇમાં હરાવી અંગ્રેજ બંદીવાનોને છોડાવવા પાછા ફર્યા. **કાબુલ**ની ગાદી આખરે **દોસ્તમહમદ**ને આપી.

બીજો અફગાન વિગ્રહ ૧૮૭૮—૧૮૮૧—૩

રૂશીઅન ધાસ્તીને લીધે **અંગ્રેજો**એ **અફગાન** અમીર **શેરઅલી**

પાસે એક એલચી મોકલ્યો, પણ અમીરે તેને પેસવા દીધો નહિ અને રૂશીઅન એલચીને માન આપ્યું; આથી અંગ્રેજોએ કુરમ, ને બોલનઘાટને માર્ગે ચડાઇ કરી, અને ૧૮૮૦માં મૈવંદ આગળ અયુબને હરાવી ગંદામક મુકામે સલાહ કરી, અબદુલ રેહેમાનને ગાદી આપી, અંગ્રેજી મુલકની હદ વધારી એક રેસીડંટ નીમ્યો ૧૮૭૯. ફરી રેસીડંટ તથા તેના રસાલાને મારી નાંખ્યા તેથી લડાઇ થઇ. તેમાં જનરલ રોબર્ટે કાબુલ જીત્યું ને અયુબને હિંદમાં કેદ કર્યો, તેથી અફગાન ફોજના સરદાર મહમદ તથા મીર બુચાખાને કાબુલમાંના અંગ્રેજી લશ્કર સામે તોફાન કર્યું, તેમને ફ્રેડરીકે હરાવ્યા, ને યાકુબના છોકરા મુસાખાંનને સ્ટુઅર્ટે ૧૮૮૦માં હરાવ્યો. પછી દોસ્ત મહમદના કુલના અબદુલ રેહેમાનને કેટલીક સરતોથી અફગાનીસ્તાનની ગાદી આપી ૧૮૮૧.

સિંધ સાથે લડાઈ ૧૮૪૨—૧૮૪૩—૧

સિંધના અમીરોએ અફગાન લડાઇમાં જતાં અંગ્રેજોને હરકત કરી, માટે ઐાટરામે તેમની સાથે સલાહ કરવાનું કહેણ મોકલ્યું. અમીરોએ સ્વતંત્રપણું ખોઈ તાબે રહેવાનું કબુલ્યું નહિ, તેથી લડાઇ થઇ. તેમાં સર ચાર્લ્સ નેપીઅરે ૧૮૪૩માં મીઆની ને હૈદ્રાબાદની લડાઇમાં તેમને હરાવી ૧૮૪૩માંસીંધ દેશ ખાલસા કર્યો, ને અમીરને ચોકસ રકમ આપવા કરી.

સીંધીઆ સાથે લડાઇ ૧૮૪૩-૧૮૪૪

જંકોજી સીંધીઆ ૧૮૪૩માં અપુત્ર મરી ગયો, તેની ગાદી સારૂ તેની સ્ત્રી તારાબાઇ તથા તેના મામા વચ્ચે વાંધો ઉઠયો. તારાબાઇએ જીઆજીરાવને ખોળે લીધો, ને મામાને દુર કર્યો. મામાએ અંગ્રેજની મદદ માગી. અંગ્રેજોએ ૧૮૪૩માં માહારાજપુર

ને પનીઆની આગળ તારાબાઇના લશ્કરને હરાવ્યું. ૧૮૪૪ માં ગ્વાલીઅર આગળ સલાહ થઇ તેમાં એવું ઠર્યું કે સીંધીઆનું લશ્કર ઘટાડવું; ગ્વાલીઅરમાં રેસીડેંટના હાથ નીચે અંગ્રેજી લશ્કર રાખવું; રેસીડેંટની સલાહ પ્રમાણે પંચ કારભાર કરે ને તારાબાઈ પેન્સન લઇ દુર રહે.

પેહેલો શીખ વિગ્રહ ૧૮૪૫–૧૮૪૬–૧

ઈ. સ. ૧૮૩૯ માં પંજાબનો રાજા રણજીતસિંહ મરી ગયો, તેની જગાએ તેના નાના કુંવર દુલીપસિંહને બેસાડી તેની મા ચાંદકુંવર રાજકારભાર કરવા લાગી. એ વખતે લશ્કરી બળ વધી પડ્યું હતું ને તેથી અંગ્રેજી સરહદપર નુકસાન કરવા લાગ્યું તેથી લડાઇ થઇ. ઇ૦ સ૦ ૧૮૪૫માં સર હ્યુ ગોફે મુદકીને ફીરોજપુર આગળ ને ૧૮૪૬ માં સર હેરી સ્મીથે અલીવાલ, સોબ્રાન આગળ લડાઈ થઈ તેમાં કેટલેક ઠેકાણે અંગ્રેજને ઘણી હાની થઇ, તોપણ છેલ્લી લડાઇથી તેઓ શરણે આવ્યા; અને ફેબ્રરે ૧૮૪૬ માં લાહોર મુકામે સલાહ થઇ તેમાં લડાઇના ખરચ પેટે ૧ કરોડ ૫૦ લાખ રૂપીઆ અંગ્રેજને મળ્યા, અને રાજવહીવટ રેસીડેંટની આજ્ઞા પ્રમાણે ચાલે, ને લાહોરમાં અંગ્રેજી લશ્કર રાખવું.

બીજો શીખ વિગ્રહ ૧૮૪૮–૧૮૪૯–૧

મુલતાનના સુબા લાલા મુળરાજે બે અંગ્રેજ અમલદારોને મારી નાંખ્યા તેથી વિગ્રહ થયો. એમાં અંગ્રેજ સરદાર લેફ્ટનંટ એડવર્ડસ ને ગાફ હતા, ને શીખ સરદાર શેરશીંગ ને તેનો બાપ છત્રસીંગ હતા. ૧૮૪૮ માં કિનેરી, સદુસેન ને રામનગર આગળ ને ૧૮૪૯માં ચીલીઅનવાલા ને ગુજરાત આગળ લડાઇ થઇ, તેમાં ચીલીઅનવાળા આગળ અંગ્રેજને બહુ ખમવું પડ્યું, પણ બાકીની લડાઇમાં તેમાં મુખ્યત્વે છેલ્લી ગુજરાતનીલડાઇમાં અંગ્રેજોએ પુરી

ફ્તેહ મેળવી, આખરે ધુલીપસંહને ૫ લાખ ૮૦હજારનું વર્ષાસન બાંધી આપી ૧૮૪૯ માં પંજાબ પ્રાંત ખાલસા કર્યો.

ચીન સાથે લડાઇ ૧૮૪૦—૧૮૪૨—૨

ચીનના લોકો અફીણના વ્યસનથી ખરાબ થતા હતા, તેથી તેમના રાજાએ અફીણનો વેપાર બંધ પડાવ્યો, તોપણ અંગ્રેજો બળાત્કારે લઈ જતા, તેથી **ચીન**ના રાજાએ તેમની અફીણની પેટીઓ બાળી નાંખી, તેથી લડાઇ થઈ. ગાફ સાહેબે ૧૮૪૦માં તેમના લશ્કરને હરાવી હોંગકોંગ બેટ જીત્યો. ને કંતાન વીગેરે ચાર બંદરોમાં વેપાર કરવાની છુટ મેળવી. ૧૮૪૨

ચીનનો બીજો વિગ્રહ ૧૮૫૭

ચીન સરકારે અદાવત રાખી અંગ્રેજોનું એક વહાણ લુટયું, અને કંતાનના હાકેમે સઘળા અંગ્રેજને કાપી નાંખવા હુકમ કર્યો. તેથી **એલ્જીને** કંતાનપર તોપોનો મારો ચલાવી ત્યાંના રાજાને બંદીવાન કરી કલકત્તે મોકલી **શેનઘાઈ** આગળ સલાહ કરી તેમાં અંગ્રેજોને બીજા પાંચ બંદરમાં વેપાર કરવાની છુટ મલી ૧૮૫૭.

ઇરાન વિગ્રહ ૧૮૫૭

ઈરાનના શાહે અંગ્રેજ અમલદારોનું અપમાન કર્યું તેથી જનરલ **ઔટ્રામે** ચડાઇ કરી **બુશાયર** જીતી લીધું, તેથી તેણે માફ માગી, તેમાં શાહે **હેરાત** તથા **અફગાનિસ્તાન** પરનો પોતાનો દાવો રદ કર્યો.

ભુતાન વિગ્રહ ૧૮૬૪

આસામની પાસે આવેલા કેટલાક પરગણાને માટે અંગ્રેજ સરકાર **ભુતાન**ના રાજાને કેટલાક રૂપીયા આપતી હતી. પણ તેથી તે ખુશી નહોતો, માટે તેણે લડાઈ કરી. તેમાં અંગ્રેજને નુકસાન

થયું ને ૨૫ હજાર રૂપીઆ આપી પરગણું તાબે લેવું પડયું.

સીકીમ તથા કાળા પર્વતપર સ્વારીઓ ૧૮૮૮

સીકીમનો રાજા અંગરેજી વેપારને હરકત કરતો હતો, તેથી ડફ્રીને સ્વારી કરવા જનરલ ગ્રેહામને મોકલ્યો, તેણે ટીબેટી લોકનો લીંગટુ કિલ્લો તથા ટાંગનું થાણું જીત્યું. તેથી રાજા શરણે આવ્યો. વળી એજ વરસમાં હિંદની વાવ્ય તરફ રહેનાર પહાડી લોકે બે અંગરેજને મારી નાંખ્યા, તેથી તેમનાપર જનરલ મેક્કુઇનને મોકલ્યો તેમાં તેઓ શરણે આવ્યા.

પ્રકરણ ૩૭ મું.

કોલકરાર અથવા તહનામા.

(૧) મદ્રાસ ૧૭૫૪ અંગરેજ તથા ફ્રેંચ વચ્ચે—એમાં એક બીજાનો મુલક પાછો આપવો, તથા દેશી રાજાઓની ખટપટમાં ન પડવું, ને હૈદ્રાબાદના નિઝામ તથા કર્ણાટકના નવાબને કબુલ રાખવા.

(૨) કલકત્તા ૧૭૫૭ અંગરેજ તરફથી કલાઇવ ને બંગાળાનો નવાબ સુરાજાદોલા—કલકત્તામાં કિલ્લો બાંધવાની રજા આપવી ને અંગરેજી માલનું હાંસલ માફ કરવું, તથા બંગાળાના થાણાં અંગરેજોને આપવા.

(૩) મદ્રાસ ૧૭૬૯—અંગરેજ તથા હૈદરઅલી—એક બીજાનો જીતેલો મુલક પાછો આપવો ને અરસપરસ એક બીજાને મદદ આપવી.

(૪) બનારસ ૧૭૭૩—અંગરેજને અયોધ્યાના નવાબ—અંગરેજોએ રોહીલા જીતી આપવો.

(૫) સુરત ૧૭૭૫—અંગરેજ તથા રઘુનાથરાવ—જો અંગરેજ તેને પુનાની ગાદી પાછી અપાવે તો સાલસેટ વસાઇ વીગેરે બેટ

અંગરેજોને આપવા.

(૬) પુરંધર ૧૭૭૬–અંગરેજ તથા સવાઈ માધવરાવ–જો અંગરેજ રાઘોબાનો પક્ષ નકરે તો સાષ્ટિ તથા વસાઇ બેટ આપવા.

(૭) વારગામ–૧૭૭૯–મુંબાઇનું અંગ્રેજી લસ્કર તથા સવાઈ માધવરાવ–સાષ્ટિ વીગેરે બેટ અંગ્રેજ લેવાની ના પાડે તો સુખે જવા દેવા; મરેઠાનો જેટલો મુલક અંગ્રેજે લીધેલો હોય તેટલો પાછો આપવો.

(૮) સાલબાઇ–૧૭૮૨ -અંગ્રેજ તથા માધવરાવ–રાઘોબાને પેન્સન આપ્યું; ગુજરાત મરેઠાને પાછો આપ્યો; સાલસેટ વીગેરે બેટ અંગ્રેજને મલ્યા.

(૯) માંગલોર–૧૭૮૪–અંગ્રેજો તથા ટીપુ–પરસ્પર લીધેલો મુલક પાછો આપવો. તથા અંગ્રેજ કેદીઓને છોડીદેવા.

(૧૦) શ્રીરંગાપટ્ટણ–૧૭૯૨–અંગ્રેજ તથા ટીપુ-લડાઈના ખરચ બદલ ૩ કરોડ ત્રીશલાખ રૂપીઆ આપવા; ટીપુ પોતાનું અર્ધું રાજ અંગ્રેજને આપે; આ સરત પુરી પડે ત્યા સુધી ટીપુના બે છોકરા અંગ્રેજને ત્યાં રહે

(૧૧) હૈદરાબાદ–૧૭૯૮–અંગ્રેજ તથા નીઝામ–એમાં નિઝામ પોતાના રાજમાંથી ફ્રેંચોને કાઢીમુકે; તથા અંગ્રેજી લશકર પોતાના ખરચે પોતાના રાજમાં રાખે; ને અંગ્રેજની મંજુરી સિવાય બીજી કોઇ યુરોપીયન પ્રજાને પેસવા દે નહિ.

(૧૨) અયોધ્યા–૧૮૦૧–અંગ્રેજ તથા અયોધ્યાનો નવાબ અંગ્રેજ નવાબનું રક્ષણ કરે તેના બદલામાં વાવ્ય પ્રાંત મલે.

(૧૩) વસાઈ–૧૮૦૨–અંગ્રેજ તથા બાજીરાવ બીજો–પુનામાં પેશ્વાના ખરચે અંગ્રેજી લસ્કર રાખવું ને તેના ખરચ માટે વરસે ૨૬ લાખ રૂપીઆ આપવા; અંગ્રેજ સિવાય બીજી કોઇ યુરોપીયન પ્રજા

ને પેસવા દે નહિ; પરસ્પર વાંધા અંગ્રેજ પતાવે; સુરત ને તેની આસપાસની જગ્યા અંગ્રેજને આપવી.

(૧૪) દેવગામ—૧૮૦૩—અંગ્રેજ તથા રઘુજી ભોંસલે—એમાં રાઘોજીએ કટક પ્રાંત તથા વર્ધા નદીનો પશ્ચિમનો મુલક અંગ્રેજને આપ્યો; નિઝામને પેશ્વાનો વાંધો અંગ્રેજ પતાવે; બીજી યુરોપીયન પ્રજાને પોતાના રાજમાં રાખવી નહિ.

(૧૫) સીરજી અંજેગામ—૧૮૦૩—અંગરેજ તથા દોલતરાવ સીંધીઆ ગંગા ને જમના વચ્ચેનો મુલક, જેપુર જોધપુર, ગોહદ ની ઉત્તરનો પ્રદેશ, અહમદનગર, ભરૂચ, ને અજંટાની આગલનો કેટલોક મુલક અંગ્રેજને આપવો; નિઝામ, ગાયકવાડ ને પેશ્વાપર કંઇ રીતનો દાવો કરવો નહિ.

(૧૬) ભરતપુર—૧૮૦૫—અંગ્રેજ તથા ભરતપુરનો રાજા—અંગ્રેજને ૨૦ લાખ રૂપીઆ આપવા; હોલકર સાથેનો સંબંધ તોડવો; દીગ અંગ્રેજને સ્વાધીન કરવું ને જોરાજા અંગ્રેજનો મિત્ર થઇ રહે તો પાછું આપવું.

(૧૭) રાયપુર ઘાટ—૧૮૦૫—અંગ્રેજ તથા હોલકર (જસવંત રાવ) ચંબળ નદીના ઉત્તરના ભાગપર હોલકરે દાવો કરવો નહિ; બીજી યુરોપીયન પ્રજાને રાજમાં રાખવી નહિ; હોલકરના જીતેલા મુલકો પાછા આપવા.

(૧૮) સેગાઉલી ૧૮૧૬—અંગ્રેજ તથા ગુરખા—સિમલા, મસુરી ને નૈનિતાલ અંગ્રેજોને આપ્યા; પોતાના રાજમાં રેસીડેંટ રાખ્યો.

(૧૯) પુના—૧૮૧૭—અંગ્રેજ તથા બાજીરાવ બીજો—પુનામાં વધુ લશ્કર રાખવાને પેટે માલવા, ગુજરાત, અહમદનગર લીધા; રેસીડેંટ ની પરવાનગી સિવાય બીજા રાજા સાથે પત્ર વેહેવાર રાખવો નહિ; પ્રધાન ત્રિંબકજી ડેંગલેને રેસીડેંટને હવાલે કરવો.

(૨૦) ઇંદોર—૧૮૧૮—અંગ્રેજ તથા બાજીરાવ બીજો—બાજી રાવ તથા તેના કુટુંબને લાખ રૂપીઆનું પેન્સન બાંધી આપી તેને બીઠુરના કિલ્લામાં કેદ કીધો.

(૨૧) મંદેસર—૧૮૧૮—અંગ્રેજ તથા જસવંતરાવ હોલકર—હોલકરે રજપુત રાજાઓ પાસેથી ખંડણી લેવાનો દાવો કરવો નહિ; ને રાજ્યને અંગ્રેજના રક્ષણ નીચે રાખવું.

(૨૨) યાન્ડેબો—૧૮૨૬—અંગ્રેજ તથા બ્રહ્મદેશના રાજા—આરાકાન, આસામ, તીનાસરીમ કાચાર વીગેરેને અંગરેજોને આપવાં. લડાઇના ખરચ બદલ ૧ કરોડ રૂપીઆ આપવા.

(૨૩) ગ્વાલીઅર—૧૮૪૩—અંગરેજ તથા સીંધીઆની માહારાણી બાઇજાબાઈ—માહારાજા ઉમરનો થાય ત્યાં સુધી પંચ રેસીડંટની સલાહ પ્રમાણે કારભાર કરે અંગરેજોનું દેવું સીંધીઆએ જલદીથી ભરવું.

(૨૪) લાહોર—૧૮૪૬—અંગરેજ તથા શીખરાજા ધુલીપસિંહ—સતલજ તથા બીઆસ વચ્ચેનો જલંધર દોઆબ અંગરેજોને આપવો; લડાઇના ખરચ બદલ ૧ કરોડ ૫૦ લાખ આપવા; રાજકારભાર રેસીડંટની સલાહ પ્રમાણે ચાલે; રાજમાં અંગરેજી લસ્કર રાખવું.

(૨૫) પેગુ—૧૮૫૩—અંગરેજ તથા બ્રહ્મી—રાજાએ બધા અંગરેજ કેદીને છોડી દેવા; પેગુ અંગરેજોને આપવો.

(૨૬) હૈદ્રાબાદ—૧૮૫૩—અંગરેજ તથા નિઝામ—લસ્કરના ખરચ પેટે વરાડ પ્રાંત આપ્યો.

(૨૭) ગંદામક—૧૮૭૯અંગરેજ તથા અફગાન અમીર યાકુબખાન—અંગરેજી રાજની હદ વધારીને કાબુલમાં બ્રિટિશ લશકર રહેવા રજા આપી.

પ્રકરણ ૩૮ મું.

કાયદા (આકરા) બીલો.

રેગ્યુલેટીંગ એક્ટ–૧૭૭૩–એમાં એવું હતું કે કલકત્તાનો ગવર્નર હિંદુસ્તાનપર રાજકરે તેને ગવર્નર જનરલ કહેવો; તેને એક હજાર પૌંડનો પગાર મળે; તેને મદદ કરવાને ચાર માણસની કૌંસીલ સ્થાપી; મુંબઈ તથા મદ્રાસના હાકેમને ગવર્નર કહેવા: કલકત્તામાં સુપ્રીમ કોર્ટ સ્થાપી; સરકારી નોકરે કોઇ જાતની બક્ષીસ લેવી નહિ.

ઇ૦ સ૦ ૧૮૩૩ ના કાયદાથી કંપનીને વેપાર કરવાની મનાઈ કરવામાં આવી; **ચીન**ને **હિં**દુસ્તાનના બધા અંગરેજોને વેપાર કરવાની છુટ આપી; કાયદા સુધારવા લૉ કમીશન નીમ્યું.

ઇ૦ સ૦ ૧૮૫૮ ના કાયદાથી કંપનીનું રાજ ઇગ્લાંડની ગાદીને તાબે આવ્યું; ગવર્નર જનરલને વાઇસરૉયનો ઇલ્કાબ મળ્યો.

ઈ. સ. ૧૮૬૧ના કાયદાથી ગવર્નર જનરલ તથા મુંબાઇ ને મદ્રાસની કાયદા બાંધનારી કૌંસીલમાં ખાનગી ગ્રહસ્થો દાખલ કર્યા; ને બીજા કાયદાથી સુપ્રીમ કોર્ટોને બદલે હાઇકોર્ટો સ્થાપી.

ફૉકસનું બાલ ૧૭૮૩—એમાં એવું હતું કે કંપની માત્ર વેપાર કરે, ને રાજકારભાર પાર્લામેંટ ચલાવે, પણ તે નામંજુર થયું.

પીટનું બીલ ૧૭૮૪–કંપનીના ડીરેકટરોપર દેખરેખ રાખવા 'બોર્ડ ઓફ કન્ટ્રોલ' નામની સભા સ્થપાઇ; કલકત્તાની કૌંસીલમાં એક મેમ્બર ઓછો થયો; મુંબઈ તથા મદ્રાસમાં પણ કૌંસીલો સ્થાપી.

ઇંડીઆબીલ ૧૮૫૮–હિંદ કંપનીના હાથમાંથી લઈ ઇંગ્લાંડના ગાદીપતિને સોપ્યું; હિંદ માટે સેક્રેટરી ઓફ સ્ટેટ નીમ્યો; તેને મદદ કરવા ૧૫ માણસની ૧૦ વરસ ઓધ્ધો ભોગવનારી કૌંસીલ કીધી; ગવર્નર જનરલને વાઇસરાયનો ઇલકાબ મળ્યો, મુંબઇ, મદ્રાસ,

ને કલકત્તાની કૌંસીલમાં દેશી મેમ્બરો દાખલ કીધા; સુપ્રીમ કોર્ટોને બદલે હાઇકોર્ટો સ્થાપી.

ઇલબર્ટબીલ ૧૮૮૩ એ લોર્ડ રીપનના વખતમાં રજુ થયું તેમાં એવું હતું કે દેશી જડજો પણ યુરોપીઅનોનો ઇન્સાફ કરીશકે

જમાબંદીના ધારા—(૧) જમીનદારી ધારો-જમીનદારોએ પોતાની જમીનનો આંકડો સરકારમાં ભરવો; પ્રથમ બંગાળામાં દાખલ થયો. (૨) ગામવારી-ગામની ઉપજનો ભરવો; પ્રથમ મધ્ય પ્રાંત ને પંજાબમાં દાખલ. (૩) રૈયતવારી-દરેક ખેડુતે પોતાની જમીનનો આંકડો ભરવો; પ્રથમ મુંબઈ ને મદ્રાસમાં દાખલ થયો.

પ્રકરણ ૩૯ મું.

મુકાબલા તથા સરખામણી

મહમદ ગીજની તથા શાહાબુદીન ઘોરી-સ્વારીઓ કરવા તથા દેશ લુંટવામાં બંને સરખા હતા, પણ મહમદ ધન લોભી હતો ને શાહાબુદીન રાજલોભી હતો. તેથી મહમદે દેવસ્થાનેવાળાં નગરો લુંટી ધન ભેગું કર્યું, ને શાહાબુદીને દેશ જીતી રાજ્ય સ્થાપન કર્યું; પણ મહમદ વિદ્યાને ઉત્તેજન આપતો હતો.

અલાઉદીન ખુની ને મહમદ તઘલખ ૧લો—એ બંને ખુન કરવામાં સરખા હતા, તેમાં અલાઉદીન ડાહ્યો ને મહમદ ગાંડો હતો; અલાઉદીને દક્ષિણસુધી રાજ્ય વધાર્યું ને મહમદના વખતમાં બધા સુબા સ્વતંત્ર થઇ ગયા.

ફીરોજશાહ તથા **શીરશાહ**—એ બંને રૈયતના લાભ માટે સારા ને સરખા હતા; શીરશાહ લડાઇના કામમાં શુરો હતો; એ બંનેએ રૈયતના સુખનેસારૂ કુવા, તળાવ, વાવ, રસ્તા, ધર્મશાળાઓ ઇત્યાદિ બંધાવ્યા છે.

અકબર ને ઔરંગજેબ—એ બંને અક્કલવાન ને બહાદુર હતા તથા રાજ્ય પ્રકરણમાં દક્ષને ઉદ્યોગમાં સરખા હતા; અકબર પોતાનું કામ માણસને મેળવીને કાઢીલેતો, પરંતુ ઔરંગજેબ હુકમથી ને મારફાડથી લેતો; અકબર હોંશીઆરીથી કામ કરતો ને ઔરંગજેબ કાવત્રાંથી કરતો; અકબર ઉદાર ને શત્રુપર દયા રાખતો હતો, પણ ઔરંગજેબ ઘાટકી ને જુલમી હતો; અકબરે હિંદુઓને મોટી મોટી નોકરી આપી પોતપોતાનો ધર્મ પાલવા દીધો. ને ઔરંગજેબે જુલમકરી મુસલમાન બનાવવા ઇચ્છયું; અકબરે જજીઆવેરો માફ કર્યો ને હિંદુપર પ્રીતિ બતાવી, ને ઔરંગજેબે જજીઆવેરો પાછો નાંખી હિંદુપર કેર કર્યો; અકબર જીતાએલા શત્રુ શુરવીરોને મોટી પદ્વી આપતો, ને ઔરંગજેબ તેમને રીબાવતો.

ક્લાઇવ ને ડુપ્લી—આ બંને રાજ્યવિદ્યામાં, લડાઇમાં, સાહસમાં ને દાવપેચમાં સરખા હતા; ક્લાઇવે રાજ્યનું રક્ષણ તિક્ષણ બુદ્ધિથી કરી અંગ્રેજી રાજ્યની ચઢતી કરી, તે ગુણ ડુપ્લીમાં નહિ હોવાથી ફ્રેંચોનું રાજ્ય પડી ભાંગ્યુ; ક્લાઇવે અંગ્રેજોને તથા ડુપ્લીએ ફ્રેંચોને રાજ્ય મેળવી આપ્યું, તથાપિ આ બંને સ્વદેશ ગયા, ત્યાં એમનાપર હિંદમાં અન્યાય કર્યાના આરોપ મુકાયા ને ઘણું દુઃખ ભોગવી મરણ પામ્યા; અંગ્રેજોના ક્લાઇવ પછી હોંશીઆર અમલદારો આવ્યા તેથી તેમનું રાજ્ય વધ્યું. ને ફ્રેંચોના અજાણ્યા અમલદારો આવવાથી તેમનું રાજ્ય પડી ભાંગ્યું.

વૉરન હેસ્ટીંગ્સ તથા ક્લાઇવ—ક્લાઇવે અંગ્રેજી રાજ્યનો પાયો નાંખ્યો, તેને હેસ્ટીંગ્સે પોતાની અક્કલ હોંશીઆરીથી વધાર્યું; ક્લાઇવને રાજ્ય વધારવામાં જેવાં કાવત્રાં કરવા પડ્યાં, તેવાંજ હેસ્ટીંગ્સને રાજ્ય આબાદ કરવામાં તથા સાચવવામાં કરવાં પડ્યાં; વિલાયતમાં જેમ ક્લાઇવપર આરોપ મુકાયા, તેવાજ હેસ્ટીંગ્સપર પણ મુકાયા, તેથી તેપણ ક્લાઇવની પેઠે દુઃખ ભોગવી મરણ પામ્યો.

શિવાજી ને હૈદર—એ બંને કપટી ને સ્વાર્થી હતા; બંને દગાખોર, બહાદૂર ને ખટપટીઆ હતા; તફાવત એટલોજ કે શિવાજીના જેવો સ્વદેશાભિમાન આખી મરેઠી જાતમાં હોવાથી તેનું રાજ્ય ઘણા વરસ ટક્યું; ને હૈદરને તેવી કાંઈ મદદ ન હોવાથી તેનું રાજ્ય જલદી પડી ભાંગ્યું.

વેલેસ્લી ને ડેલહાઉસી—આ બંને દાવપેચમાં, રાજવિદ્યામાં ને દઢતામાં સરખા હતા; બંનેની ઇચ્છા અંગ્રેજી રાજ્ય વધારવાની ને દેશી રાજ્ય ઘટાડવાની હતી; તથાપિ ડેલહૌસીની કાલજી રૈયતના સુખની ને દેશની ચડતી તથા પૈસાની વૃદ્ધિ કરવામાં વધારે હતી, તેથી તે વધારે માન લાયક છે.

પ્રકરણ ૪૦ મું.

પ્લાસીની લડાઈ—આ લડાઇ ઇ૦ સ૦ ૧૭૫૭ ના જુનની ૨૩ મી તારીખે બંગાલાના નવાબ સુરાજદૌલા તથા અંગ્રેજ સરદાર ક્લાઇવ વચ્ચે થઈ એનું કારણ એ હતું કે નવાબ અંગ્રેજની ચડતી જોઇ બળતો હતો, અને તેવામાં તેની રૈયતનો એક શ્રીમંત સાહુકાર એના જુલમથી કંટાળી અંગ્રેજને શરણે આવ્યો, તેને પાછો માગ્યો, પણ અંગ્રેજોએ ના આપ્યો, તેથી નવાબે અંગ્રેજોની કાશીમબજારમાંની વખારો લુંટી, ને ૧૪૬ અંગ્રેજોને કલકત્તાની ૧૮ ચો-ફુટની અંધારી કોટડી " બ્લેક હોલ " માં પુર્યા, તેમાંથી પવન તથા પાણીને લીધે બીજે દિવસે ૧૨૩ મરીગયા. આ ખબર મલતાં ક્લાઇવ ને વૅાટસન મદ્રાસથી વેર લેવા આવ્યા, પણ નુકસાનીનો બદલો લઇ સલાહ કરી; તે છતાં નવાબ છુપીરીતે લશ્કર ભેગું કરવા લાગ્યો. તેથી ક્લાઇવે એના સેનાપતિ મીરજાફરને ફોડયો. એ વાત અમીચંદ દલાલના જાણવામાં આવી, તેણે ક્લાઇવને ધમકી આપી,

તેથી એણે બોટું ખત બનાવી તેને છેતર્યો. આખરે પ્લાસીના મેદાનમાં નવાબ અને અંગ્રેજી લશ્કરને લડાઇ થઇ, તેમાં નવાબનું લશ્કર હારી નાસી ગયું, ને નવાબ મીરજાફરના છોકરા મીરાનના હાથમાં પકડાયો, જેણે એને મારી નાંખ્યો. પછી ક્લાઇવે બંગાલાની ગાદી મીરજાફરને આપી, ને નવાબનો ખજાનો વહેંચી લીધો, તેમાં ક્લાઇવને હિસ્સે ૩ લાખ રૂ. આવ્યા. કંપનીને ૧ કરોડ રૂ નુકસાન પેટે મલ્યા, ને કલકત્તાની આસપાસનો દેશ (ચોવીશ પરગણા) મલ્યા. આથી અંગ્રેજો બંગાલાના ધણી થયા. અમીચંદને કાંઇ ન મલવાથી કાલજી ફૂટકવાથી મરીગયો.

પાણીપતની છેલ્લી લડાઈ ૧૭૬૧—અફ્ગાનીસ્તાનના અહમદશાહ અબદલીએ હિંદપર ૭ સ્વારીઓ કરી છેલ્લે ૧૭૪૬ માં પંજાબમાં એક હાકેમ મુકયો હતો, તેને ૧૭૫૮ માં મરેઠા લોકોએ મારી હાંકી કાઢયો, તેથી ૧૭૬૧ માં અહમદ દુરાની એક મોટું લશ્કર લઇ ચઢી આવ્યો; ને પાણીપતના મેદાનમાં મરેઠા તથા અફ્ગાનો વચ્ચે મોટી લડાઈ થઈ. એમાં ભરતપુરનો રાજા સુરજમલ તથા રજપુતો મરેઠાની મદદે આવ્યા, ને દુરાનીની મદદે રોહીલા તથા અયોધ્યાના નવાબ વગેરે હતા. મરેઠી લશ્કર ઘણું હતું, પણ સદાશીવ ભાઉની મુરખાઇથી તેમની હાર થઈ. એમાં સદાશીવરાવ, બાજીરાવનો પુત્ર વિશ્વાસરાવ, જંકોજી સીંધીઆ, ઇબ્રાહીમ ગાર્દી વીગેરે ઘણા સરદારો મરાયા, ને મરેઠી લશ્કરનો ઘણોઘાણ વલ્યો, તેથી દક્ષિણમાં ઘેરઘેર રડારોલ થઈ. આ લડાંઇ ભાઉ ગાર્દીની કહેવાયછે. આ હારથી ખેદપામી બાલાજી ૧૭૬૧ માં મરી ગયો.

ઇ૦ સ૦ ૧૮૫૭ નો સીપાઈઓનો મોટો બળવો—એ બળવો ૧૮૫૭ ના મે માસની ૧૦ મી તારીખે થયો. એ બળવો ઉઠવાના ખરા કારણ એ દેખાયછે કે ડેલહૌસીની રાજ્ય ખાલસા

કરવાની રીતથી દેશી રાજાઓ, અને કારતુસો દાંતમાં ઘાલીને ખોલવાથી દેશી સિપાઇઓ ના રાજ થયા. તે વખતે એવી ગપ ચાલીકે કારતુસો એટલે દારૂની ટોટીઓ જે દાંતવડે ખોલી બંદુકમાં નાંખવામાં આવેછે તેને અંગ્રેજોએ લોકોને બલાત્કારે વટલાવી ખ્રિસ્તી ધર્મમાં લેવા, એનાપર ગાય તથા ડુક્કરની ચરબી ચોપડી છે. તેથી પહેલાં બરાનપુરમાં ૧૯ મી બંગાલી પલટણે બંડ કર્યું, પછી મીરતમાં બંડ થયું ને જે યુરોપીઅન મલ્યા તેમને કાપી નાંખ્યા. પછી દિલ્લીમાં બંડ ઉઠયું, પછી વાવ્ય પ્રાંતોની ને બંગાલાની પલટણે પોતાના અમલદારોને કાપી નાંખ્યા. એમને જોઈ ફીરોજપુર, કાનપુર, ઝાંસી, શાહજહાંપુર, બનારસ, અલાહબાદ, મોરાદાબાદ, જલંધર, બરેલી અને બીજી ઘણી જગ્યામાં બંડ થયા. સર્વથી ત્રાસદાયક બનાવ કાનપુરમાં થયો. ત્યાંના લશ્કરે સઘળા અગ્રેજ અમલદારો તથા તેમના બાયડી છોકરાંને કાપીનાંખ્યા. એમાં મુખ્ય આગેવાનો પેશ્વાનો દત્તક નાનાસાહેબ, તેનોસગો તાત્યા ટોપી; ઝાંસીની રાણી, અયોધ્યાની બેગમ, દિલ્લીનો મહમદ બહાદુરશાહ હતા. પંજાબના શીખ લોકો તથા અમીરો, ને મુંબઇ મદ્રાસની દેશી ફોજના સિપાઇઓ સામેલ થયા નહિ; તેમજ નિઝામ પણ વફાદાર રહ્યો. સર હેન્રી લોરેન્સે હુવલોકની મદદથી લખનોરનો બચાવ કર્યો. દિલ્લી વિલ્સન વગેરેએ સપ્ટેંબરમાં લીધું, ને મહમદ બહાદુરશાહ તથા તેના છોકરા વીગેરેને બંદીવાન કરી રંગુન મોકલ્યો, જ્યાં તે ૧૮૬૨ માં મરીગયો. કેમ્બેલે ગુરખાની મદદથી અયોધ્યામાંથી બળવા ખોરોને વીખેરી નાંખ્યા. સરહ્યુ રોઝે ઝાંસી જીત્યું. તાત્યાટોપી ૧૮૫૯ માં પકડાયો, તેને ફાંસીદીધી. નાનાસાહેબ નેપાલના જંગલમાં નાઠો.

બળવો સમ્યાપછી૧૮૫૮ના આગષ્ટમાં હિંદકંપનીના હાથમાંથી લઈ ઇગ્લાંડના ગાદી પતિને સોંપ્યું; હિંદમાટે એક ' સેક્રેટરી ઓફ

સ્ટેટ ' નીમ્યો, ને તેને મદદ કરવા ૧૫ માણસની દશવર્ષ ઓધ્ધો ભોગવનારી કૌંસિલ કીધી; ગવર્નર જનરલને વાઇસરોયનો ઇલ્કાબ આપ્યો; મુંબઇ, મદ્રાસ ને કલકત્તાની કૌંસીલમાં દેશી મેમ્બરો દાખલ કીધા; સુપ્રીમ કોર્ટ ને બદલે હાઇકોર્ટ સ્થાપી.

૧૮૫૮ની ૧લી નવેંબરે અલાહબાદમાં મોટું દરબાર ભરી કેનીંગે મહારાણીનો ઢંઢેરો વાંચી સંભળાવ્યો. આ ઢંઢેરામાં હિંદના દેશીઓને ધર્મ સંબંધી છુટ આપી; બળવામાં ભાગ લઇ ખુન કરનારા તથા આગેવાનો સિવાય બધાને છુટ આપી; દત્તકપુત્ર લેવાનો હક આપ્યો; ધર્મનો ભેદ ન રાખતાં યોગ્ય પુરૂષોને મોટા દરજ્જાની નોકરી આપવી; વારસા તથા જમીન સંબંધી હકવિષે કોઇને નારાજી ના કરવા; કંપનીના નોકરોને બહાલ રાખ્યા.

પ્રકરણ ૪૧ મું.

કંપનીના પટામાં ફેરફારો

(૧) ઇ૦ સ૦ ૧૬૦૦ માં કંપનીને હિંદમાં વેપાર કરવાની સનંદ ઇંગ્લાંડની રાણી એલીઝાબેથે આપી. તેનું નામ ઇસ્ટ ઇંડીઆ કંપની પડયું.

(૨) ઇ૦ સ૦૧૭૦૮ માં બીજી કંપની ઉભી થઇ, તે બંને જોડાઇ ગઇ, ને તેનું નામ યુનાઇટેડ ઈસ્ટ ઇંડીઆ કંપની પડયું.

(૩) ઇ૦ સ૦ ૧૭૭૩ માં રેગ્યુલેટીંગ એકટથી કંપનીને સત્તાસત્તા મલી

(૪) ઇ૦ સ૦ ૧૭૮૪ માં પીટના ઇંડીઆ બીલથી કંપનીના ઉપર ' બોર્ડ ઓફ કંટ્રોલ ' નામે સભા ઇંગ્લાંડમાં નીમાઇ, ને કંપનીના પટાની મુદત ૨૦ વરસની ઠરાવી.

(૫) ઇ૦ સ૦ ૧૮૧૩ માં લોર્ડ મીન્ટોના વખતમાં વીસ વરસ

પુરાં થવાથી સનંદમાં ફેરફાર થયો, ને કંપનીને હિંદમાં વેપાર કરવાનો બંધ પડાવ્યો તથા રાજ્યમાં વધારે લક્ષ દેવા ઠરાવ્યું. માત્ર કંપની ચીનમાં વેપાર કરે.

(૬) ઇ૦ સ૦ ૧૮૩૩ માં ફરી ૨૦ વરસ પુરાં થવાથી કંપની એ બીલકુલ વેપાર બંધ કરવો ને માત્ર રાજ્યમાંજ લક્ષ રાખવું એમ ઠરાવ્યું.

(૭) ઇ૦ સ૦ ૧૮૫૩ માં બીજાં ૨૦ વરસ પુરાં થવાથી ફરી ફેરફાર થયો. એ વખતે કંપનીના ડીરેકટરો ૩૦ હતા તે ઘટાડી ૧૮ કર્યા ને પટાની હદ પાર્લામેંટની મરજીપર રાખી.

(૮) ઇ૦ સ૦ ૧૮૫૮ માં છેલ્લો ફેરફાર થયો, તે એ કે કંપની પાસેથી રાજસત્તા પાર્લામેંટે લઇલીધી, ને રાજાના નામથી સિક્કા પાડ્યા.

પ્રકરણુ ૪૨ મું.

મહાન પુરૂષોના વૃતાંત

ગૌતમ, અશોક, શિલાદીત્ય, કનિશ્ક—પ્રકરણ ૫ મું જુઓ

વિક્રમાદિત્ય, શાલિવાહાન, શંકરાચાર્ય, કબીર, ચૈતન્ય, વલ્લભ સ્વામી—પ્રકરણુ ૬ ઠું જુઓ

દરાયસ, હિસ્તારપીશ, શિકંદર, ચંદ્રગુપ્ત, સેલ્યુકસ, મેગાસ્થેનસ--પ્રકરણુ ૭ મું જુઓ

મહમદ પેગંબર, મહમદ કાસમ—પ્રકરણુ ૮ મું જુઓ

ભોજ—એ વિક્રમ પછી કેટલેક વરસે માલવાના ધારા નગરમાં થયો. એપણુ પરાક્રમી ને પરમાર્થી હતો. એણે પણુ વિક્રમ ની પેઠે વિદ્વાનોને આશરો આપ્યો.

જંઘીશખાં—એ ઇ૦ સ૦ ૧૨૧૭ માં ગુલામવંશના અલ્તમશના વખતમાં ચઢી આવ્યો. એ મોગલ લોકનો સરદાર હતો. એ

એક મોટું લશ્કર લઇ ચઢી આવ્યો, પણ સિંધુ નદીને લીધે પાછું ફરવું પડ્યું.

તૈમુર—એ ૧૩૩૬ માં સમરકંદમાં જન્મ્યો હતો—૧૩૯૮ માં સિંધુ સુધી ધસી આવી કેટલાક શહેરોનો નાશકરી દિલ્હીપર ધસ્યો. આ વખતે મહમદશાહ તઘલખ રાજ્ય કરતો હતો, તેને ગુજરાત નાશી જવું પડ્યું. એણે ૫ દિવસ લુંટ ચલાવી હજારો માણસને કતલ કરી પુષ્કળ દોલત લઈ પાછો ફર્યો. ૧૪૦૫ માં ચીનપર સ્વારી કરવાની તૈયારી કરતો હતો એવામાં મરી ગયો.

બહેરામખાં—એ અકબરનો વજીર હતો. અકબર નાનોહતો તેથી એ રાજકારભાર ચલાવતો હતો. એને ખાનબાબા કહેતા. એણે અદીલશાહના વજીર હેમુને ૧૫૫૬ માં પાણીપત આગળ હરાવ્યો. બહેરામ પાછલથી અહંકારી ને તીખા સ્વભાવનો થવાથી અકબરે રાજ્યની લગામ લીધી; તેથી એણે બંડ ઉઠાવ્યું, પણ અકબરે તરત તે સમાવ્યું. પછી એ મક્કે હજ કરવા જતો હતો, પણ ગુજરાતમાં તેને મુબારકખાં નામના અફગાન પઠાણે મારી નાંખ્યો ૧૫૬૦

ચાંદબીબી—એ આશરે ૧૫૭૫ માં અહમદનગરની રાણી હતી. ૧૫૯૫ માં અહમદનગર જીતવાને અકબરે પોતાના છોકરા મોરાદ તથા વજીર બહેરામના છોકરા મિરજાખાંને મોકલ્યો, ત્યારે ઘણી બહાદુરીથી શહેરનો બચાવ કર્યો, ને મોગલ લશ્કરને મારી કાઢ્યું. ૧૫૯૯ માં એને કોઇ વેરીએ મારીનાંખી, ત્યારે અહમદનગર મોગલના હાથમાં ગયું.

નુરજહાં—એ અયાઝ નામના ગરીબી હાલતના એક ઇરાની ની છોકરી હતી. એ અકબરના જનાનખાનામાં એની મા સાથે જતી, ત્યારે એ બહુ રૂપાળી હોવાથી જહાંગીર લલચાયો ને પરણવા માગ્યું; પણ અકબરે તેને શીરઅફગાનસાથે પરણાવી. જહાંગીર

ગાદીએ બેઠા પછી તેને મારીનાંખી નુરજહાં પોતે પરણ્યો ૧૬૧૧. એના બાપને વજીર બનાવ્યો ને ભાઇને લશ્કરનો ઉપરી બનાવ્યો. નુરજહાંએ જહાંગીરના નાના છોકરા શેહેરીઆર જેનીસાથે પોતાના આગલા ધણીની છોકરી પરણાવી હતી, તેને ગાદી અપાવવામાં નિષ્ફળ ગઇ. એને મહોબતખાં સાથે કજીઓ થયો, તેથી તેણે ૧૬૨૬ માં જહાંગીરને કેદ કર્યો, તેને નુરજહાંએ યુક્તિથી છોડવ્યો, જહાંગીરના મરણપછી એકાંતવાસ પકડયો ને ૧૬૪૬ માં મરીગઈ.

મલીક અંબર—જયારે અકબરે ૧૫૯૯ માં અહમદનગર લીધું ત્યારે આ ચાંદબીબીના હબસી ઉમરાવે અહમદનગરનો બાકીનો ભાગ બચાવી રાખ્યો. થોડા વખત પછી બધું જીતી લીધું. ૧૬૧૬ માં શાહાજહાંએ તાબે કર્યો ને પાછો મોગલોને હરાવી સ્વતંત્ર થયો. ૧૬૨૬ માં સ્વતંત્રપણે રાજ કરવા લાગી મરી ગયો. ૧૬૩૭ માં શાહાજહાંએ અહમદનગર મોગલ રાજ્ય સાથે જોડી દીધું.

મોહોબતખાં—એ જહાંગીરના રાજયમાં મોટો સરદાર હતો. જહાંગીર એશ આરામમાં પડવાથી રાજ્યમાં પોતાનો વગ વધારી શાહજાદા પરવીઝસાથે દોસ્તી કરી. ૧૬૫૨ માં નુરજહાંસાથે શેહેરીઆરને ગાદી આપવા બાબત કજીઓ થયો. નુરજહાંએ સરકારી નાણાં ખાઇજવાનું તોહોમત મુકી સતાવ્યો તેથી તેણે ૧૬૨૬ માં લશ્કરલઇ સલીમને કેદ કર્યો, પણ નુરજહાંએ યુક્તિથી છોડાવ્યો. ૧૬૨૭ માં સલીમ મરીગયો, ત્યારે શાહાજહાંને ગાદી મેળવવામાં મદદ કરી.

નિઝામ ઉલ મુલ્ક—એ ઔરંગજેબના એક માનીતા સરદારનો છોકરો હતો, અને ૧૬૪૪ માં જન્મ્યો હતો. ૧૭૧૩ માં એ દક્ષિણ નો સુબો થયો; પણ સૈયદોની અદેખાઇથી ૧૭૧૪માં એને ગુજરાત ને પછી માળવાનો સુબો નીમ્યો. એણે ૧૭૨૦ ની શાહાપુરની

લડાઇમાં અયોધ્યાના નવાબ સાથે મળી સૈયદોને હરાવ્યા. ૧૭૨૪ માં દક્ષિણમાં સ્વતંત્ર રાજ્ય કરવા લાગ્યો. બાજીરાવ પેશ્વાથી ૧૭૩૬ માં ભોપાળ આગળ હરાયો. એ ૧૭૪૮ માં મરી ગયો.

નાદિરશાહ—એ ૧૭૩૭ માં ઈરાનનો બાદશાહ થયો. ૧૭૩૮ માં હિંદપર ચડાઇ કરી કર્નાલની લડાઇમાં મોગલોને હરાવી દિલ્લી જીતીલઇ ત્યાં ભારે કતલ ચલાવી. પુષ્કળ દોલત લઇ પાછો ફર્યો. એ ૧૭૪૭ માં મરી ગયો.

અહમદશાહ અબ્દલ્લી—એ ૧૭૨૨ માં જન્મ્યો હતો. એને દુરાની કહેતા. ૧૭૪૭ માં પેહેલી વખત મોગલોએ હરાવ્યો; બીજીવાર ૧૭૫૨ માં અહમદશાહે લાહોર ને મુલતાન દુરાનીને આપી સ્વારી કરતાં અટકાવ્યો; ૧૭૫૬ માં ત્રીજીવાર દિલ્લી આવી લુંટ કરી; ૧૭૫૯ માં ચોથીવાર આવ્યો; ૧૭૬૧ માં પાંચમીવાર આવી મરેઠાઓને અને તેની કુમકે આવનારને પાણીપત આગળ સખત હાર આપી. એ ૧૭૭૩ માં મરી ગયો.

કલાઇવ—એ ૧૭૨૫ માં જન્મ્યો હતો. બચપણથી તોફાની હોવાથી એના બાપે ઇસ્ટઇંડીઆ કંપનીમાં કારકુનની નોકરી અપાવી પણ થોડા વખતમાં લશ્કરમાં જોડાયો. જ્યારે ત્રિચિનાપલ્લીમાં મહમદઅલીને ચંદાસાહેબે ઘેર્યો, ત્યારે કલાઇવે થોડું લશ્કરલઇ આર્કોટ ને ઘેરો ઘાલ્યો, ને ૧૭૫૧ માં રાજાસાહેબને આર્ની ને ૧૭૫૨ માં કોવરેપાક આગળ હરાવી ડુપ્લીના કીર્ત્તિસ્થંભ ને શહેર તોડી નાંખ્યા ૧૭૫૩ માં ઇંગ્લાંડ ગયો. ફરી આવી ૧૭૫૬ માં ચાંચીઆને હરાવી ઘેરીઆ ગઢ લીધો. ૧૭૫૭ માં કલકત્તાની અંધારી કોટડીનું વેર લેવા જઈ સુરાજાદૌલાને પ્લાસી આગળ હરાવ્યો, ને ફ્રેંચોનું ચંદ્રનગર લીધું. મીરજાફરને ગાદી આપી, ને અમીચંદને ખોટું ખત આપી છેતર્યો. આથી અંગ્રેજો બંગાળાના ધણી થયા. ૧૭૬૦ માં ફરી

ઇંગ્લાંડ ગયો. ફરી ૧૭૬૫ માં પાછા આવી નોકરોનો પગાર વધાર્યો ને સુધારા કર્યા. એ ૧૭૬૭ માં પાછો ઇંગ્લાંડ ગયો, જ્યાં એનાપર ઘણા તહોમત મુકયા, પણ નિર્દોષ ઠર્યો. એ ૧૭૭૪ માં મરીગયો.

ડુપ્લી—એ ફ્રેંચ વેપારી હતો. એ ૧૭૪૨ માં પોંડીચરીનો હાકેમ થયો. ૧૭૪૬ માં મદ્રાસ લીધું, ને ૧૭૪૮ માં પોંડીચરી લેવા આવેલા અંગ્રેજોને હંફાવ્યા. ૧૭૫૦ માં હૈદ્રાબાદને આર્કાટની ગાદીના વારસા બાબતની લડાઇમાં ભારે હિંમત બતાવી, ને ચંદા સાહેબને આર્કાટની ને નિઝામની ગાદીએ મુજફ્ફરજંગને બેસાડયા. આ કીર્તિથી ફુલાઇને 'ડુપ્લી-ફતેહ-આબાદ' શહેર વસાવ્યું ને કીર્ત્તિસ્થંભ ચણાવ્યો, જેનો કલાઇવે આર્નીની ૧૭૫૧ ની લડાઇ પછી નાશ કર્યો. ૧૭૫૪ માં એને ફ્રાંન્સ બોલાવી લીધો, જ્યાં એના પર રાજ સતાનો ગેરઉપયોગ કરવાનું તહોમત મુકી કેદ કર્યો; જ્યાંથી ત્રણ વરસે છુટી ૧૭૬૪ માં ગરીબી હાલતમાં મરી ગયો.

લાલી—એ આઇરીશ હતો. એની બહાદુરી જોઇ એને પોંડીચરીનો હાકેમ બનાવ્યો. ૧૬૫૮ માં ફોર્ટ સેન્ટ ડેવીડ જીત્યો, ને પછી બુસીને બોલાવી ફોર્ટ સેન્ટ જયોજપર હલ્લો કર્યો. ૧૭૬૦ માં વાંદીવાસ આગળ એ બંને સરદારોને કુટે હરાવ્યા. ૧૭૬૧ માં અંગ્રેજોએ પોંડીચરી લીધું ને લાલીને કેદકરી મદ્રાસ મોકલ્યો; પણ ૧૭૬૩ની ફ્રેંચ ને અંગ્રેજોની સલાહથી પોંડીચરી પાછું આપી એને છુટો કીધો. એને ફ્રેંચ સત્તા ખોવાથી ફ્રાન્સ બોલાવ્યો, જ્યાં તેને ૧૭૬૬ માં ફાંસીદાધી.

બુસી—એ ફ્રેંચ સરદાર હતો. એ ૧૭૧૮ માં જન્મ્યો હતો. એણે મરેઠા સાથે બેવાર લડી સલાબતજંગને મદદ કરી, તેના બદલામાં ૧૭૫૩ માં ઉતર સરકાર આવ્યો; પણ થોડા વખતમાં અંગ્રેજ સરદાર ફોર્ડે તે જીતીલીધો. ૧૭૬૦ માં વાંદીવાસ આગળ

અંગ્રેજોપર હુમલો કર્યો, પણ તેમાં એ હારીગયો ને કેદ પકડાયો. એ મૈસુરના બીજા વિગ્રહમાં ટીપુને મદદ કરવા આવ્યો. એ ૧૭૮૩ માં કર્ણાટકમાં મરી ગયો.

લાબોર્ડોને—એ ફ્રેંચ નૌકાસેનાધિપતિ હતો. ૧૭૨૫ માં એણે મહીલીધું. એણે અંગ્રેજનો ફોર્ટ સેન્ટ જયોર્જ જીત્યો, પણ તે ૪ લાખ રૂપીઆએ પાછો આપ્યો. એણે મોરિશિયસમાં રહી બહુ સુધારા કર્યા. એ ફ્રાન્સ ગયો ત્યારે ફોર્ટ સેન્ટ જયોર્જ પાછો આપવા માટે ૩ વરસ બંદીખાને રહ્યો એ ૧૭૫૩ માં મરીગયો.

મેજર લોરેન્સ—એ ૧૭૪૮માં હિંદમાં આવ્યો. એણે ૧૭૪૯ માં શાહુને ગાદી આપી, તેના બદલામાં દેવીકોટા આપ્યું. ૧૭૫૦ માં સ્વદેશ ગયો. ૧૭૫૨માં કલાઇવ સાથે પછો આવ્યો ને ફ્રેંચોને બાહુર આગળ હરાવ્યા. ૧૭૫૫માં જે ફ્રેંચ ત્રિચિનાપ્લીપર ઘેરો લાવ્યા હતા, તેમને હરાવ્યા. ૧૭૫૯માં બીમારીને લીધે સ્વદેશ ગયો, જ્યાં ૧૭૭૫માં મરી ગયો.

સર ઈ. કુટ—આ અંગ્રેજ સરદાર આયર્લાંડમાં ૧૭૨૬ માં જન્મ્યો હતો. એણે ૧૭૫૭માં ચંદ્રનગર ને પ્લાસી, ૧૭૬૦ વાંદીવાસની લડાઈમાં નામ કાઢયું. ૧૭૮૧ માં હૈદરને પોર્ટોનોવો, પોલીલોર બીજી, સોલીંગઢ આગળ હરાવ્યો. એ ૧૭૮૪માં મદ્રાસમાં મરી ગયો.

સર આર્થર વેલેસ્લી—એ લોર્ડ વેલેસ્લીનો ભાઇ હતો. એને ડયુક ઓફ વેલીંગ્ટનનો ઇલ્કાબ મળ્યો. એણે ૧૭૯૯ની ટીપુ સાથેની લડાઇમાં ઘણીજ બહાદુરી બતાવી હતી. એણે બીજા મરેઠી વિગ્રહમાં સીંધીઆ તથા ભોંસલેને ૧૮૦૩ માં હરાવ્યા.

સર જોન માલ્કમ—એ અંગ્રેજ સરદાર હતો. એ સલાહ કરવામાં કાબેલ હતો. એણે ૧૮૦૩ માં સીંધીઆ તથા ભોંસલે સાથે સીરજી અંજનગામ અને દેવગામ, તથા ૧૮૦૮ માં ઇરાન સાથે ને

૧૮૧૮માં પેશ્વા સાથે સલાહ કરી.

લોર્ડ લેક—એ અંગ્રેજ સરદાર ૧૭૪૪ માં જન્મ્યો હતો. યુરોપની ને અમેરિકાની લડાઇમાં એણે બહાદુરી બતાવી. ૧૮૦૦ માં હિંદુસ્તાનમાં સેનાપતિ નીમાયો. એણે દોલતરાવ સીંધીઆ તથા રઘુજી ભોંસલેને ૧૮૦૩માં અલીગઢ, દિલ્લી, લાસ્વારી આગળ હરાવ્યા. પછી જસવંતરાવ હોલ્કર તથા ભરતપુરના રાજાને ૧૮૦૪ માં ફર્રુકાબાદ ને દીગ આગળ હરાવ્યા. ને ભરતપુરને ઘેરો ઘાલ્યો. ૧૮૨૬ માં કોમ્બરમેરે એ કિલ્લો જીત્યો. ૧૮૦૭ માં એ વિલાયત ગયો. ત્યાં તેને બહુ માન મળ્યું. એ ૧૮૦૯ માં મરી ગયો.

જનરલ ઔટ્રામ—એ અંગ્રેજ સરદાર હતો. એણે ઇરાનની લડાઇમાં ને લખનોરના બંડમાં બહાદુરી બતાવી ૧૮૫૬–૫૭

રોબર્ટસેલ—એ ૧૭૯૫ માં કંપનીમાં નોકર રહ્યો. એ ૧૭૯૯ના શ્રીરંગાપટ્ટણના ઘેરામાં, ૧૮૧૬માં મોરિશિયસમાં, ૧૮૨૪ માં રંગુનમાં લડયો હતો. એણે ૧૮૪૦ માં દોસ્તમહમદને પરવાનની લડાઇમાં હરાવ્યો ૧૮૪૨ માં અકબરખાં સાથે ટકાવ કરી હરાવી કાબુલ જીત્યું, ને અંગ્રેજ કેદીને છોડવ્યા. ૧૮૪૮ માં શીખ લોક સાથે મુદકી આગળ લડતાં મરી ગયો.

સર હ્યુ ગોફ—એણે ૧૮૪૩માં સીંધીઆ સાથે પનીઆરીની લડાઇમાં, શીખ સાથે ૧૮૪૫માં મુદકીને ફીરોજપુરની લડાઇમાં, ૧૮૪૯માં શીખ વિગ્રહમાં રામનગર, ચીલીઆનવાલા ને ગુજરાતની લડાઇમાં બહાદુરી બતાવી એ ચીન વિગ્રહમાં પણ હતો.

નાસીરજંગ—એ નિઝામનો પુત્ર હતો. ડુપ્લીની મદદથી એના ભાઇ મુજફ્ફરે ઉઠાડી મુકયો, પણ મુજફ્ફર માર્યો જવાથી મુસીએ એને ગાદી આપી.

મુજફ્ફરજંગ—એ નિઝામનો પુત્ર હતો. ડુપ્લીની મદદે

પોતાના ભાઈ **નાસીરજંગ**ને ઊઠાડી મુકી ગાદી લીધી. ૧૭૫૦ માં **નાસીરજંગે** હરાવી કેદ કર્યો, તેને બુસીએ છોડવ્યો. એ ૧૭૫૧માં મરી ગયો, પછી એની ગાદી **નાસીરજંગને** આપી.

ચંદા સાહેબ--એ કર્ણાટકના નવાબ દોસ્તઅલીનો જમાઇ હતો. ૧૭૩૬માં **ત્રિચિનાપલ્લી**નો રાજા સંતાન વગર મરી જવાથી તેની વિધવા રાણીએ **આર્કાટ**ના નવાબ દોસ્તઅલીની મદદ માગી, જેણે ચંદા સાહેબને મોકલ્યો. ચંદા સાહેબે સઘળાને હરાવી રાણીને કેદ કરી પોતે ધણી થઇ પડયો. થોડા વખત પછી મરેહા રાજા પાસેથી કારિકલ જીતી લઇ પોતાના મિત્રને આપ્યું, ત્યાથી **રઘુજી** ભોંસલે ને **મોરારીરાવે** ગુસ્સે થઈ કર્ણાટકપર ચડાઈ કરી ૧૭૪૧ની **અંબુર**ની લડાઇમાં દોસ્તઅલીને હરાવી બધાને કેદ કર્યા. પછી **ત્રિચિનાપલ્લી**પર હુમલો કરી **ચંદા** સાહેબને કેદ પકડી સતારે લઇ ગયા. સાત વરસે ફ્રેંચોએ ૭ લાખ રૂ. આપી છોડવ્યો. ૧૭૪૮ માં **નિઝામ**ના નીમેલા **અનવરૂદીન**ને હાંકી પોતે નવાબ થવાનો વિચાર કરી હૈદ્રાબાદની ગાદીવાળા મુજફ્ફર સાથે મલી જઇ ફ્રેંચોની મદદથી ૧૭૫૦ની **અંબુર**ની લડાઇમાં તેને હરાવી પોતે કર્ણાટકનો નવાબ થયો. **અનવરૂદીન**નો છોકરો **મહમદઅલી** આ હારથી નાસી જઈ અંગ્રેજની મદદથી ફરી લડયો. આખરે એ **તંજોર**ના રાજાને શરણે આવ્યો, જેણે એને મારી નાંખ્યો ૧૭૫૨.

સુરાજા દૌલા—એ **બંગાળા**નો નવાબ હતો. એની રૈયતનો એક શ્રીમંત હિંદુ અંગ્રેજને શરણે રહ્યાથી તેમની પાસે પાછો માગતાં ન આપવાથી ૧૭૫૬માં કલકત્તા પર હુમલો કરી કાસીમ બજારની વખારો લુંટી ૧૪૬ અંગ્રેજને ૧૮ ચો. ફુટ વાળી અંધારી કોટડી 'બ્લેક હોલ'માં પુર્યા, જેમાંથી પવન તથા પાણીને લીધે બીજે દિવસે ૨૩ જીવતા રહ્યા. આ વેર લેવાને મદ્રાસથી કલાઇવ તથા

વૉટસન આવ્યા, જેમણે નવાબના સરદાર મીરજાફરને ફોડીને નવાબને ૧૭૫૭ની પ્લાસીની લડાઈમાં હરાવ્યો. ત્યાંથી એ નાઠો, તે મીરજાફરના દીકરા મીરાનના હાથમાં સપડાયો. જેણે દગાથી મારી નાંખ્યો. પછી મીરજાફરને બંગાલાની ગાદી મલી ને અંગ્રેજો બંગાલાના ધણી થયા.

મીરજાફર—એ સુરાજાદૌલાનો સરદાર હતો, પણ પ્લાસીની લડાઈ વખતે ફુટી અંગ્રેજોને મલ્યો, તેથી નવાબના મરણ પછી બંગાલાની ગાદી મલી; ને અંગ્રેજોને ચોવીશ પરગણા વાળો મુલક મલ્યો. પાછળથી નિમક હરામ થવાથી, ને વલંદાના પક્ષમાં જવાથી વલંદાને ૧૭૬૦ ચીન્સુરા આગળ હરાવ્યા, ને તે સાથે એનાથી એની ફોજનો પગાર ન અપાયાથી અંગ્રેજોએ તેના ધનવાન જમાઇ મીરકાસીમને ગાદી આપી. મીરકાસીમે બીજા રાજાઓ સાથે મલી સ્વતંત્ર થવાની ઇચ્છા બતાવ્યાથી તેને ઉઠાડી ૧૭૬૩માં ફરી મીરજાફરને બેસાડ્યો. એ ૧૭૬૫માં મરી ગયો.

મીરકાસીમ—એ મીરજાફરનો જમાઇ હતો. અંગ્રેજોએ ખાનગી માલનું હાંસલ ન આપ્યું તેથી તેમનાથી સ્વતંત્ર થવાનો ઇરાદો કરી બળવો કર્યો, તેથી અંગ્રેજોએ તેને તથા તેના મદદગાર દિલ્હીના શાહઆલમ ને અયોધ્યાના નવાબ સુજાદૌલાને ૧૭૬૩માં ઘેરીઆ આગળ તથા પટના ને બક્સર આગળ હરાવ્યા. ૧૭૬૩માં પટણામાં એક જર્મન સરદાર સમરૂ પાસે અંગ્રેજોની કતલ કરાવી હતી.

અમીચંદ—એ બંગાલાના નવાબનો દલાલ હતો. નવાબને ગાદી પરથી ઉઠાડી મીરજાફરને બેસાડવાના કાવત્રાં વખતે એ હાજર હતો. એણે કલાઇવને કહ્યું કે ૩૦ લાખ રૂ. આપ, નહિ તો બધી વાત નવાબને કહી દઇશ, તેથી કલાઇવે એક ખરો ને એક ખોટો દસ્તાવેજ બનાવી, જ્યારે મીરજાફરને ગાદી મલી ને એ રૂ-

પીઆ લેવા આવ્યો, ત્યારે ખોટા દસ્તાવેજ બતાવ્યો, જેથી કાળજી ૫ટકવાથી એ ગાંડો થઇ મરી ગયો.

ચૈયતસિંહ—એ કાશીનો રાજા હતો. હેસ્ટીંગ્સે તેની પાસે લડાઇના ખરચ બદલ ૫ લાખ રૂપીઆ માગ્યા, જે તેણે આપ્યા નહિ, તેથી ૧૭૮૧માં પદભ્રષ્ટ કરી કેદ પકડયો ને તેના ભત્રિજાને વધારે ખંડનીની સરતે ગાદી આપી. ૧૭૮૧ માં કાસીના લોકે તેને છોડવ્યો. એ ૧૮૧૦માં ગ્વાલીઅરમાં મરી ગયો.

હૈદરઅલી—એ ૧૭૦૨ માં જન્મ્યો હતો. એણે લુચ્ચાઇથી મૈસુરના હિંદુ રાજાને ઉઠાડી મુકી ૧૭૬૧માં ગાદી લીધી. ૧૭૬૩ માં બેદનુર કિલ્લો લીધો. માધવરાવે ૧૭૬૫માં મૈસુરપર ચડાઈ કરી એને સખત હાર આપી, જેથી એણે મરેઠાને ૩૨ લાખ રૂ. આપ્યા. ૧૭૬૬માં એણે કલીકટ લીધું. એને સ્મિથે ૧૭૬૭ ચંગામ ને ત્રીનોમાલી આગળ હરાવ્યો. ૧૭૭૨ માં ચેરકુલી આગળ મરેઠા એ સખત હાર આપી ૧૭૬૯ની મદ્રાસની સંધી પ્રમાણે અંગ્રેજોએ મદદ ન કરી તેથી મોટું લસ્કર લઈ કર્નલ બેલીના લસ્કરપર પોલીલોર આગળ તુટી પડી ૧૭૮૦ માં કેદ પકડયો. ૧૭૮૧ માં કુટે પોર્ટોનોવો, પોલીલોર બીજી, સોલીંગઢ આગળ હૈદરને હરાવ્યો. ૧૭૮૨ માં તેલીચરિપર હુમલો કર્યો, પણ ત્યાંના લોકે બહાદુરીથી બચાવ કર્યો. એને ભણતાં ગણતાં આવડતું નહોતું, પણ ઘણી બહાદુરી થી રાજ્ય વધાર્યું એ ૧૭૮૨માં ચિતોડમાં મરી ગયો.

ટીપુ—એ હૈદરનો છોકરો હતો ને ૧૭૪૯ માં જન્મ્યો હતો. હૈદર મરી ગયો ત્યારે એ મલબાર કાંઠે હતો. એણે ૧૭૮૨ માં બેલીના લસ્કરને ઘેરી ભારે દુઃખ દીધું. મેથ્યુસે બેદનોર કિલ્લો લીધો તે સાંભળતાંજ ત્યાં જઇ તે પાછો જીતી લઈ તેને કેદ કર્યો. પછી ૧૭૮૪ માં કોચીનના લોકને ઇસ્લામી પંથના કર્યા. પછી ત્રાવણકોરપર હલ્લો કર્યો. તે અંગ્રેજનો મિત્ર હોવાથી કોર્નવોલીસે નિઝામ,

મરેઠાની મદદથી બેંગલોર લીધું ને ૧૭૯૧ માં એરીકેરા આગળ હરાવ્યો, ને પછી શ્રીરંગાપટ્ટણ પર હુમલો કર્યો. ટીપુએ આથી ઘભરાઈ પોતાનું અર્ધું રાજ્ય ને ૩ કરોડ રૂ. તેમજ તેના બે છોકરાને અંગ્રેજને આપ્યા. પછી એણે ફ્રેંચ સાથે ખટપટ કરવા માંડી તેથી લડાઈ થઇ. તેમાં હેરીસે સદાસીર, માલવેલી ને શ્રીરંગાપટ્ટણ આગળ ૧૭૯૯માં હરાવ્યો; છેલ્લી લડાઇમાં એ માર્યો ગયો. એનું રાજ્ય પછી અંગ્રેજ, મરેઠા ને નિઝામે વહેંચી લીધું.

રાઘોબા—(રઘુનાથરાવ) એણે ૧૭૫૮માં ગુજરાતપર ફતેહ મેલવી. એ **નારાયણરાવના** ખુનમાં સામેલ હતો. એને ગાદી ન મલી તેથી ૧૭૭૫માં **સુરત** આગળ મુંબાઇ સરકાર સાથે સલાહ કરી ને **સાલસેટ** વીગેરે બેટ આપવા કબુલ્યા. આ એક મરેઠાની પડતીનું કારણ હતું. આખરે તેને અંગ્રેજોએ વરસાસન બાંધી આપ્યું. એ ૧૭૮૪ માં મરી ગયો.

નાનાફડનવીશ—એ રાજ વિદ્યામાં ખબરદાર હતો. પહેલા **માધવરાવ** પેશ્વાના વખતમાં સાડાત્રણ ડાહ્યામાંનો એ અર્ધો હતો. એ જીવ્યો ત્યાં સુધી પેશ્વાઈ રાજ્યને અંગ્રેજને આધીન થવા ન દીધું. પહેલા મરેઠી વિગ્રહમાં બહાદુરી બતાવી રાઘોબાને ગાદી ન આપી. ૧૭૬૧ની **પાણીપતની** લડાઇ વખતે એ હાજર હતો. ૧૭૯૫ માં કુર્દલા આગળ **નિઝામઅલીને** હરાવ્યો. એ ૧૮૦૦માં મરી ગયો એના મરણ પછી પેશ્વાનો અંત આવ્યો.

દોલતરાવ સીંધીઆ—એ ગ્વાલીઅરમાં રાજ્ય કરતો હતો. **હોલ્કરના** ત્રાસથી **બાજીરાવે** **વસાઇ** આગળ સલાહ કરી તે એને પસંદ ન પડવાથી લડાઇ કરી. તેમાં લોર્ડ **લેકે** **દિલ્લી**, **લાસ્વારી** ને **આરગામ** આગળ સીંધીઆના લશ્કરને ૧૮૦૩ માં હરાવ્યું ને **સીરજીઅંજેગામ** આગળ સલાહ કરવાની જરૂર પાડી; જેમાં અં-

અંગ્રેજને ઘણાક મુલક મલ્યા. ફરી સીંધીઆએ હોલ્કરને મલીજઇ લડાઇ કરી ને ૧૮૦૫ માં ફરી સંધીથઈ તેમાં કેટલોક મુલક સીંધી આને મલ્યો એ ૧૮૨૭ માં અપુત્ર મરી ગયો.

રઘુજી ભોંસલે—એ વરાડમાં રાજ્ય કરતો હતો. એણે પણ વસાઈની સંધીથી નારાજ થઇ લડાઇ કરી, પણ સીંધીઆની હારોથી લાચાર થઇ દેવગામ આગળ ૧૮૦૩ માં સંધી કરી ને તેમાં કેટલીક જગ્યા અંગ્રેજને મલી.

યશવંતરાવ હોલ્કર—એણે ૧૮૦૧ માં પુના લુટ્યું, તેથી બાજીરાવે નાસી ૧૮૦૨ માં વસાઈ આગળ સલાહ કરી. એણે માલવામાં લુંટ ચલાવી કર્નલ મોન્સનનો સરસામાન મુકાવી નસાડયો. ૧૮૦૪ તેથી ફ્રેઝર ને મોન્સને ૧૮૦૪ માં દીગ ને ફરૂકાબાદ આગળ એને હરાવ્યો, ને તેને મદદ કરનાર ભરતપુના રાજાપર હુમલો કર્યો, તેથી એણે હોલ્કરનો પક્ષ છોડી સલાહ કરી. પછી હોલ્કરના જાલના, ચંદોરી, ઉજ્જન, ઇંદોર વીગેરે જીત્યાથી નારાજ થઇ ૧૮૦૫ માં રાયપુરઘાટ આગળ સલાહ કરી તેમાં અંગ્રેજને કેટલોક મુલક મલ્યો ને હોલ્કરના જીતેલા મુલકો સ્વાધીનકીધા. એ ૧૮૧૧ માં મરી ગયો.

બાપુ ગોખલે—એ છેલા બાજીરાવનો સેનાપતિ હતો. એ બહાદુર ને હિંમતવાન હતો. એના નાકહેવાછતાં બાજીરાવ કોરેગામ ખડકી ને આશ્ટીની લડાઇમાંથી નાઠો. એ ૧૮૧૮ માં આસ્ટીની લડાઈમાં મરાયો.

ત્રીંબકજી ડેંગલે—એ બાજીરાવ બીજાનો પ્રધાન હલકી વરણનો હતો. એ અંગ્રેજસાથે દ્વેષ રાખતો હતો. જ્યારે ગાયકવાડને પેશ્વાસાથે માગતા લેણાનો કજીઓ થયો, ત્યારે તેનો નીવેડો લાવવાને ગાયકવાડે પોતાના પ્રધાન ગંગાધર શાસ્ત્રીને ૧૮૧૫ માં મોકલ્યો;

પણ આ પ્રધાને તેને પંઢરપુરમાં મારી નાંખ્યો. એને પછી પેશ્વાએ સરત મુજબ રેસીડેંટને સ્વાધીન કર્યો, જેણે એને થાણામાં કેદકર્યો, જ્યાંથી એ નાઠો તે ફરી પકડાયો ને ચુનારગઢમાં કેદ કર્યો, જ્યાં તે મરી ગયો.

મહાદજી સીંધીઆ—એ ૧૭૪૩ માં જનમ્યો હતો. ૧૭૬૧ ની પાણીપતની લડાઈ વખતે હાજર હતો. એણે પહેલા મરેઠી વિગ્રહમાં અંગ્રેજોપાસે વારગામ આગળ ૧૭૭૯ માં નામોશી ભરેલા કરાર કરાવ્યા પણ પાછલથી અંગ્રેજની સેવા બજાવવાથી સાલબાઇની સંધી વખતે એને ભરૂચ મલ્યું.

તારાબાઈ—એ મરેઠી રાજ્ય સ્થાપનાર શિવાજીના બીજા દીકરા રાજારામની સ્ત્રી હતી. એ બહાદુર હતી. એણે પોતાના દીકરા શીવાજી બીજાના તરફથી રાજ્ય ચલાવી ઔરંગજેબ સામે ટક્કર ઝીલી, તથા શાહુસામે થઇ મરેઠી રાજ્યનો ભાગ પડાવ્યો. એની ગાદી સતારામાં પછીથી થઇ. **તારાબાઇ** (બીજી) જંકોજી સીંધીઆની વિધવા રાણી હતી. એણે ભગીરતરાવને ખોલે લઇ રાજ્ય ચલાવ્યું. ગાદીબાબત જંકોજીના મામાસાથે વાંધો ઉઠયો, મામાએ અંગ્રેજની મદદ માગી, તેથી લડાઇથઇ, તેમાં મહારાજપુર ને પનીઆર આગળ ૧૮૪૩ માં મરેઠી ફોજને હરાવી તેથી મહારાણીએ સલાહ કરી, તેમાં ઠર્યું કે પંચ કારભાર કરે ને ગ્વાલીઅરમાં રેસીડેંટ રહે.

અહલ્યાબાઈ—એ હોલ્કરના રાજ્યના મુલ પુરૂષ મલ્હારરાવના દીકરા ખંડેરાવની સ્ત્રી હતી. એ નાનપણમાં રાંડી હતી, તેથી તુકાજીરાવને ખોલે લઇ રાજકારભાર ચલાવ્યો. એ બાઈ બહાદુર ભલી, પતિવૃતા ને ધર્મિષ્ટ હતી, ને ઈન્સાફનું કામ પોતે કરતી હતી. એને હજી લોકો સંભારેછે.

રણજીતસિંહ—એ ૧૭૮૦ માં જન્મ્યો હતો. એણે પોતાના રાજ્યના બાર જુદા જુદા સ્વતંત્ર રાજ્યોને એક કરવાનો વિચાર કર્યો, તેથી શીખ સરદારોએ અંગ્રેજની મદદ માંગી. ૧૮૦૯ માં અંગ્રેજે સંધી કરી, તે તેણે કદી તોડી નહિ. ૧૮૩૧ માં બેન્ટીક એની મુલાકાતે ગયો, જ્યાં તેને પુષ્કળ માન મળ્યું. એણે અફગાનિસ્તાનની લડાઇ વખતે અંગ્રેજોને મદદ કરી હતી. એ 'પંજાબનો સીંહ' કહેવાયછે. એ ૧૮૩૯ માં મરી ગયો.

માહારાણી વિકટોરીઆ—હિંદના સહેનશાહબાનુ એમનો જન્મ ૧૮૧૯ ના મે માસની તા૦ ૨૪ મીએ થયો હતો. એ ૧૮૩૭ ના જુનની ૨૦ મીએ ઇંગ્લાંડની ગાદીએ બેઠા, ને ૧૮૫૮ માં બળવા પછી હિંદનું રાજ્ય પોતાના હાથમાં લીધું. ૧૮૭૭ માં 'કૈસરેહિંદ' પદ ધારણ કર્યું. એમને રાજ્ય કરતાં ૧૮૮૭ માં ૫૦ વરસ પુરા થવાથી બધે અંગ્રેજી રાજ્યમાં જ્યુબીલી ઓચ્છવ થયો હતો.

પ્રકરણ ૪૩ મું.

હિંદપર પરદેશીઓએ કરેલી ચડાઇઓ

(૧) ઈ. સ. પુર્વે ૨૦૦૦ એસિરિયાની રાણી સેમિરિસે કરી

(૨) ઇ. સ. પુર્વે ૧૩૦૮ મિસરદેશના રાજા સિસોસ્ત્રીસે કરી, પણ કોઇ જગ્યાપર સત્તા ચલાવી નથી.

(૩) ઇ. સ. પુર્વે ૫૧૮ ઇરાનના રાજા દરાયસ હીસ્તાસ્પીસે કરી, સિંધુ નદીના કાંઠાનો કેટલોક મુલક જીતી ત્યાં એક હાકેમ મુકી પુષ્કળ દોલત લઇ ગયો.

(૪) ઇ. સ. પુર્વે ગ્રીસના રાજા મહાન સીકંદરે કરી

પંજાબના પોરસ રાજાને જેલમ આગળ હરાવ્યો.

(૫) ઈ. સ. પુર્વે ૩૧૨ સિંકદરના મરણ પછી તેનો સરદાર સેલ્યુકસે આવી મગધના રાજા ચંદ્રગુપ્તને પોતાની દીકરી પરણાવી.

(૬) ઇ. સ. પુર્વે ૧૮૧-૬૧ બાક્ત્રીઅન લોકો આવ્યા.

(૭) ઇ. સ. પુર્વે ૧૦૦ થી ઇ. સ. ૪૦૦ સુધી સીથીઅન (શાકલોકો)આવ્યા.

(૮) ઈ. સ. ૬૩૬ ઉસમાન ખલીફાએ થાણા, ભરૂચ, ને સિંધપર લશ્કર મોકલ્યા.

(૯) ઇ. સ. ૭૧૨ બસરાના સુબા મહમદ કાસમે ચડાઈ કરી સિંધના દાહીર રાજાને હરાવ્યો

(૧૦) ઈ. સ. ૯૭૭ સબકતગીને લાહોરપર ચડાઈ કરી.

(૧૧) ઈ. સ. ૧૦૦૧ થી ૧૦૨૪ સુલતાન મહમદની હિંદપર ૧૭ સ્વારીઓ થઈ.

(૧૨) ઈ. સ. ૧૧૭૬ થી ૧૧૯૫ શાહાબુદીન ઘોરીની હિંદપર ૯ સ્વારીઓ.

(૧૩) ઇ. સ. ૧૨૧૭ અલ્તમશના વખતમાં મોગલસરદાર જંગીશખાં આવ્યો.

(૧૪) ઇ. સ. ૧૨૯૭થી ૧૩૦૪ પુતલુગખાં વીગેરે મોગલોએ હુમલા કર્યા.

[૧૫] ઇ. સ. ૧૩૯૮ તૈમુરે બીજા મહમદ તઘલખના વખતમાં દિલ્લીપર ચડીઆવી લુંટકરી ખરાબી કરી.

[૧૬] ઈ. સ. ૧૫૨૬ ઇબ્રાહીમ લોદીના વખતમાં બાબરે ચડાઇ કરી તેને હરાવી મોગલ રાજ્ય સ્થાપ્યું.

[૧૭] ઈ. સ. ૧૭૩૮ મહમદશાહ મોગલના વખતમાં

નાદિરશાહની સ્વારી, લુંટ તથા કતલ, ખુરાસન વીગરે અથાક દોલત લઇ પાછો ફર્યો.

[૧૮] ઈ. સ. ૧૭૪૮ થી ૧૭૬૧ અહમદશાહ દુરાનીની ૬ સ્વારી ને છેલ્લી પાણીપતની લડાઇમાં મરેઠાની સખત હાર.

પ્રકરણ ૪૪ મું.

અંગ્રેજ સરકારને હિંદમાં મળેલો મુલક.

મદ્રાસ ૧૬૩૯ ચંદ્રગીરીના રાજાપાસેથી વેચાતું લીધું.

મુંબાઈ ૧૬૬૮ ઇંગ્લાંડના રાજા બીજા ચાર્લ્સે ઇસ્ટ ઈંડીઆ કંપનીને આપ્યું. [ફોર્ટ વીલીઅમ બાંધ્યો.

કલકત્તા ૧૬૯૮ ઇસ્ટ ઇંડીઆ કંપનીએ જમીન વેચાતી લઇ

ચોવીસ પરગણા ૧૭૫૭ પ્લાસીની લડાઇ પછી મીરજાફરને ગાદી અપાવાથી મળ્યા.

મછલી પટ્ટણ ૧૭૫૯ નિજામે બક્ષીસ આપ્યું.

બર્દવાન, મીદનાપોર, ચીતાગોંગ ૧૭૬૦ મીરકાસીમને નવાબ બનાવવાથી બક્ષિસ મળ્યા.

બંગાળા, બહાર, ઉત્તર ઓઢીઆ ૧૭૬૫ રૂપીઆ ૨૬ લાખ ની સરતે શાહઆલમે આપ્યા.

દક્ષિણ ઓઢીઆ ૧૭૬૫ નીજામ પાસેથી સલાહમાં મળ્યો.

ઉત્તર સરકાર ૧૭૬૬ નિજામ અલીએ બક્ષીસ આપ્યો.

બનારસ ૧૭૭૫ અસોફદોલા સાથે સલાહ કરવાથી મળ્યું.

સાલસેટ ૧૭૭૬ પુરંધરના તહનામાથી મરેઠા પાસેથી મળ્યું.

નેગા પટમ ૧૭૮૧ વલંદા પાસેથી જીતી લીધું.

મલબાર ૧૭૯૨ શ્રીરંગા પટ્ટણની સલાહથી ટીપુ પાસેથી મળ્યું.

મૈસુર ૧૭૯૯ ટીપુ સાથની લડાઇમાં મળ્યો.

તંજાવર ૧૮૦૦ ખાલસા કરી રાજાને પેન્સન બાંધી આપ્યું.

કર્ણાટક ૧૮૦૧ ખાલસાકરી નવાબને પેન્સન બાંધી આપ્યું.

ગાબ્યપ્રાંતો ૧૮૦૧ સહાય કરી ફોજના નીભાવ માટે સાદત અલીએ આપ્યા.

બાલાઘાટ ૧૮૦૧ લશ્કરના ખરચપેટે નિજામ પાસેથી મળ્યો.

કટક, બાલાસોર ૧૮૦૩ દેવગામની સંધીથી વરાડના ભોંસલે તરફથી મળ્યા. [સલાહથી મળ્યા.

ભરૂચ વીગેરે ૧૮૦૩ સીરજી અંજેગામની સીંધીઆ સાથેની

લંકા ૧૮૧૬ વલંદા પાસેથી સલાહમાં મળ્યો. [આવ્યો.

ગુજરાત ૧૮૧૭ બાજીરાવ પેશ્વાનું રાજય જીતવાથી તાબામાં

અજમેર ૧૮૧૭ પેશ્વા સાથેની સંધીથી મળ્યો.

માહારાષ્ટ્ર ૧૮૧૮ બાજીરાવ પેશ્વાને હરાવી લીધો.

આસામ, આરાકાન, તીનાસરીમ ૧૮૨૬ યાન્દેબોની સલાહથી બ્રહ્મી પાસેથી મળ્યા.

કુર્ગ ૧૮૩૪ રાજયમાં અંધેર ચાલવાથી ખાલસા.

સિંધ ૧૮૪૩ સિંધના અમીરો પાસેથી જીત્યો.

સતારા ૧૮૪૯ વારસ ન હોવાથી ખાલસા.

પંજાબ ૧૮૪૯ બીજા શીખ વિગ્રહથી મળ્યો.

પેગુ ૧૮૫૨ બીજા બ્રહ્મી વિગ્રહથી મળ્યો. [મળ્યો.

વરાડ ૧૮૫૩ નિજામપાસેથી મદદગારી સૈન્યના ખરચ માટે

ઝાંસી, નાગપુર ૧૮૫૩ વારસ ન હોવાથી ખાલસા.

અયોધ્યા ૧૮૫૬ અંધેર ચાલવાથી ખાલસા.

પંચમહાલ ૧૮૬૧ સિંધીઆ પાસેથી બદલામાં મળ્યો.

ઉપલો બ્રહ્મદેશ ૧૮૮૫ અંધેર ચાલવાથી ખાલસા.

પ્રકરણ ૪૫ મું.

દરેક રાજ્યની પડતીના કારણ.

હિંદુ રાજ્યની પડતીના કારણો-(૧) રાજ્ય અને કન્યા લોભથી માંહોમાંહે ફગટ કરી નાખતા હતા. (૨) પાદશાહમાં ઝનુની મુસલમાનોની સ્વારીઓ, અને તે માટે ચાંપતા ઉપાયો ના લેતા. (૩) તેઓ મુસલમાનના કપટ રૂપી વચનપર વિશ્વાસ રાખતા. (૪) લડવાની કળામાં ગુંતાને ન કર્યો.

મુસલમાનોની પડતીના કારણ-(૧) તેમનામાં રાજનીતિનું બીલકુલ ધોરણ ન હોતું. (૨) મુલક જીતી ખાલસાકરી મરજી મુજબ કર લેતા તેથી પ્રજા નાખુશ થતી. (૩)તાબાના સરદારો ને હિંદુ રાજા બંડકરે તેમની સામે કુરતા વાપરતા. (૪) મોગલોની વારંવાર સ્વારીઓ (૫) રાજ્ય લોભથી સગાવહાલાંને મારી નાંખવા (૬) મોજશોખી થઇ જવાથી સરદારો સ્વતંત્ર થઇ જતા.

મોગલ રાજ્યની પડતીના કારણ-બાબરથી ઔરંગજેબ સુધીના રાજા સમર્થ હતા, અને તેની પછીના પાદશાહો ઘણાજ નબળા હોવાથી, ને મરેઠાનું જોર વધતું જવાથી, તેમજ ઔરંગજેબના રજપુતો ને મરેઠાપરના જુલમને લીધે ઘણાક રાજ્યો સામાથઇ સ્વતંત્ર થયાં; અફગાન તરફથી દુરાની ચડીઆવ્યો ને ખરાબી કરી; તેમજ ઇરાનથી નાદિરશાહ ચડી આવ્યો ને ધુલધાણી કરી; દક્ષિણમાં નિઝામ, મૈસુરમાં હૈદર. અયોધ્યા ને બંગાળામાં નવાબો, પંજાબમાં શીખ, દક્ષિણ ને પુર્વ કાંઠાપર અંગ્રેજ ને ફ્રેંચ રાજ્યો થયા; છેલ્લો પાદશાહ ૧૮૫૭ના બળવામાં સામેલ થયો, તેથી અંગ્રેજે રાજકારભાર લઇ લીધો ને તેને રંગુનમાં કેદ કીધો, જ્યાં તે ૧૮૬૨ માં મરી ગયો.

મરેઠી રાજ્યની પડતીના કારણ–પાણીપતની લડાઇ પછી મરેઠા આંહામાંહે લડયા ને આપમતલબી થઇ જઇ પાંચ મુખ્ય જુદી જુદી જગ્યામાં પોતાની સત્તા સ્થાપી. (૧) પેશ્વાની પુનામાં (૨) ભોંસલાની નાગપુરમાં (૩) સિંધીઆની ગ્વાલીઅરમાં (૪) હોલ્કરની ઇંદોરમાં (૫) ગાયકવાડની વડોદરામાં થઇ; બીજું નારાયણરાવના ખુનને લીધે મરેઠાનો સંપ તુટી ગયો; ત્રીજું વસાઈની સલાહથી મરેઠી રાજ્યની સ્વતંત્રતાનો નાશ થયો; ચોથું અંગ્રેજો સાથેની લડાઈમાં તેમની સખત હાર–આ કારણથી પડતી થઇ.

પોર્ટુગીઝની પડતીના કારણ–એ ધર્માંધ હતા ને રાજ કાજમાં હોંશીઆર નહોતા; જીતેલા મુલકપર ક્રુરતા વાપરતા; ૧૫૮૦ માં સ્પેનના હાથનીચે આવ્યા પછી નબળા પડયા; પાછલથી બીજી પ્રજા હિંદમાં આવી ને તેમને ફાવવા દીધા નહિ.

વલંદાની પડતીના કારણ–કલાઇવે વલંદાને હરાવી ચીન્સુરા લીધું તથા તેમના બીજાં જાફનાપટમ, નેગાપટમ, પુલીકટ વીગેરે શહેરો અંગ્રેજોએ લઇ લીધા; તેઓ બીજી પ્રજાપર અદેખાઇ રાખતા ને દેશી પ્રજાપર પ્રીતિ નહોતા રાખતા; તેમને અંગ્રેજ તથા ફ્રેંચે બીલકુલ ફાવવા દીધા નહિ; હાલ એકે સંસ્થાન નથી.

ફ્રેંચની પડતીના કારણ–૧૭ મી સદીની અધવચમાં હિંદમાં અંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે હરીફાઇ ચાલી, બંનેએ એક બીજાને કાઢવાના ઉપાયો લીધા; કર્ણાટકમાં બે મોટી લડાઇ થઈ તેમાં આખરે અંગ્રેજનો જય થયો; ડુપ્લે, લાલી તથા બુસી સરદારોએ ફ્રેંચ સત્તા ખોઇ નાંખી.

અંગ્રેજી રાજ્યથી ફાયદા–(૧) લોકોના જાનમાલનું રક્ષણ

(૨) જોઇતો ઇન્સાફ (૩) ગુનેહગારને યોગ્ય શિક્ષા (૪) દેશીરાજાને દત્તક લેવાનો, ને તાબામાં રહી સુખે રાજ્ય કરવાનો ભરોસો (૫) મુલકનો બંદોબસ્ત, રાજ્ય વ્યવસ્થા, વસુલાતનો વહીવટ જાહેર હોવાથી મિલકતનો ભોગવટો સ્વતંત્રપણે થાયછે (૬) લોકોની બુધ્ધિ ને નીતિ સુધરી સાર્વજનીક સુખ વધે એવા ઉપાયો લેવાયછે (૭) દેશમાં વેપાર હુન્નર વધે એવી ગોઠવણો થાયછે (૮) લોકો પોતાના મત જાહેર કરી શકેછે (૯) સરકારપાસેથી હક માગી શકાય છે (૧૦) સ્વ રાજ્યનો હક (૧૧) વર્તમાન પત્રોની છુટ ને સ્વતંત્રતા (૧૨) કેળવણી માટે સ્કુલો ને કોલેજો (૧૩) રેલ્વે, તાર, આગબોટ ટપાલખાતું, વર્તમાનપત્રો, હોસ્પીટાલ, સુધરાઇ વીગેરે ખાતાં ઉઘડ્યાં.

પ્રકરણ ૪૬ મું.

પરચુટણ ઉપયોગી.

મોગલો—એ લોકો અસલ તાતાર લોકના રાજકર્તા હતા, અને પ્રથમ જંઘીશખા અને તૈમુરની સાથે હિંદમાં આવ્યા હતા.

મરેઠા—એ મુલ ઉદેપુરના રાણાના વંશના હતા, કારણકે ઉદેપુરના ઉસ્સી રાણાનો એક છોકરો દક્ષિણમાં નાશી ગયો હતો. તેના વંશનો ૧૧ મો પુરૂષ જે થયો તે શિવાજીનો શાહાજી હતો.

પેશ્વા—એ મરેઠી રાજાના મુખ્ય પ્રધાન જાતે બ્રાહ્મણ હતા. તેઓએ પુનામાં જુદી ગાદી સ્થાપી. મુલ ગાદીપતિ બાલાજી વિશ્વનાથ એ સેનાપતિ ધનજી જાદવનો કારકુન હતો.

ભોંસલા—એ શિવાજીના કુલના હતા, એમની રાજ્યધાની નાગપુરમાં હતી.

ગાયકવાડ—બાજીરાવના સરદાર પીલાજી ગાયકવાડે વડોદરામાં રાજ્ય સ્થાપ્યું.

હોલ્કર—બાજીરાવ પહેલાનો ઘોડેસ્વાર મલારજી ભરવાડ હતો; તેણે ઇંદોરમાં રાજ્ય સ્થાપ્યું.

સીંધીઆ- પેહેલા બાજીરાવના જોડા ઉપાડનાર રાણોજીએ ગ્વાલીઅરમાં રાજ્ય સ્થાપ્યું.

અફ્ગાન—એ લોકો કીશના છોકરા સાલના વંશજ અસલ જયુ લોકના વંશના હતા. હાલ તેઓ સુન્ની પંથના મુસલમાનછે.

રોહીલા-એ લોકો જે મુસલમાનો અસલ કાબુલ ને ગીજનીથી આવ્યા તેમના વંશજ હતા. તેઓએ મોગલ લોકની સારી સેવા કીધાથી અયોધ્યા ને હીમાલયની વચ્ચેનો મુલક આપ્યો હતો.

સુન્ની-મહમદના મોત પછી જે ચાર ખલીફાએ રાજ્ય કીધું તેઓ તેના હકદાર વારસ હતા. કારણ કે તેમને મદીનામાં મલેલી સભાએ પસંદ કીધા હતા એવું માનનારા એ પંથના છે.

શીઆ-એ પંથના લોક કહેછે કે મહમદ પેગંબર પછીના ત્રણ ખલીફ વગર હકના ને ચોથો ખલીફ અલ્લી હકદાર વારસ હતો. તેઓ વલી કહેછે કે અલ્લી પેગંબરની છોકરી ફુતીઆ સાથે પરણ્યો હતો, અને તે હુસન અને હુસેનનો બાપ હતો. તેઓ ધર્મમાં શુન્ની જેવા નઠારા નથી.

પઠાણ-૧૩ મા સૈકામાં એક અફ્ગાન કુટુંબે પઠાણ નામ ધારણ કરી દિલ્લીમાં રાજય કરવા માંડયું. એક અફ્ગાને પટણામાં રાજય કરવા માંડયું તેથી પઠાણ નામ પડયું છે.

રજપુત—તેઓ ક્ષત્રી વંશના કહેવાય છે. તેઓ લડવૈયા હતા. મુખી કહે ત્યારે હથીઆર લઇ લડવા તૈયાર થતા, અને મુખીને રાજા કહે ત્યારે તૈયાર થવું પડતું. જયારે હારી જતા ત્યારે બૈરા છોકરાંને મારીનાંખી મરણીઆ થઇ પડતા. અસલ આખા હિંદમાં રજપુત રાજા રાજય કરતા હતા.

શીખ– એટલે ચેલો. તેઓ અસલ નાનકશાહ નામના ધર્મ સુધારનારના ચેલા હતા. તેનો મત હિંદુ અને મુસલમાનને એક ધર્મમાં કરવાનો હતો. હિંદુઓને એક ઈશ્વર પુજવાનો, મુસલમાનોને ગાય નહીં મારવાનો, ધર્મબાબત બીજાનો જીવ નહી લેવાનો ઇશ્વર તથા માણુસપર પ્યાર રાખવો એવો મત હતો. તેમના ત્રીજા ગુરૂને મુસલમાને મારી નાંખ્યો, ત્યારે જેમનાપર વહેમ આવ્યો તેમને કાપી નાંખ્યા. દશમા ગુરૂ, ગુરૂ ગોવીંદના હાથ નીચે તેઓ લડવૈયા હતા.

ગુરખા—કાશ્મીરના ગુરખા લોક જાતે રજપુત ને બ્રાહ્મણ લડવૈયા હતા. તેઓએ માહારાજા પૃથ્વી નારાયણના હાથ નીચે રહી નેપાલ જીત્યું ને ત્યાં રહ્યા. તેઓએ લડાઇના કામમાં બહુ કીર્ત્તિ મેલવી છે.

જાટ—તેઓ અસલ સીથીઅન હતા. તેમનામાંના કેટલાક પંજાબમાં રહી શીખ થયા, અને હિંદુસ્તાનમાં આવ્યા. તેમણે અલીવાલ ને ભરતપુર આગળ રાજ્ય સ્થાપ્યા.

પીંઢારા—તેઓ હલકી વર્ણના લુંટારા હતા. ૧૮ મા સૈકામાં મરેઠી સરદારો પાસે રહી લડાઇનું કામ કરતા, તે લડાઇઓ બંધ પડી, ત્યારે એકલા અથવા બાહારવટીઆ સરદારના હાથનીચે રહ્યા તેમની મતલબ જેને દેખે તેને લુંટવાની હતી.

ઠગ–તેઓ બહારવટીઆ રજપુત કે બંડખોર હતા. તેઓ મુસાફરોને લુંટી વેરો લેતા. તેઓ ચોરીનો ધંધો કરતા. એ દિલ્હી તથા આગ્રા વચ્ચેના રસ્તાપર સારા માણુસનો વેશ લઇ વટેમાર્ગુને લુંટતા. તેઓ એકદમ તેમનો માતાને ભોગ આપતા ને પકડાય નહી માટે દાટી દેતા.

કીંગ મેકર–એટલે 'બાદશાહ બનાવનાર' બહાર તથા

અલાહબાદના સુબા સૈયદ હુસન તથા સૈયદ અબદલ્લા કહેવાય છે. એમણે ફરૂકશીઅરને ગાદી અપાવી. ને તેણે સ્વતંત્ર થવાની ઇચ્છા બતાવ્યાથી તેને મારીનાંખી એ બાળકને વારાફરતી ગાદી આપી, ને આખરે મહમદશાહને આપી. એમના વખતમાં સઘળી રાજ સત્તા એમના હાથમાં હતી; પણ પહેલો દગાથી માર્યો જવાથી તથા બીજો શાહાપુર આગળ હારીજવાથી નરમ પડયા.

જઝીઆવેરો–જે માણસો મુસલમાન ધર્મના ના હોય તે દરેક પાસેથી લેવાતો. **અકબરે** તે કાઢીનાંખ્યો, પણ ઔરંગઝેબે તે ફરી દાખલ કર્યો.

ચોથ શિવાજી જીતાએલા રાજાપાસેથી તેમની મહેસુલનો ચોથો ભાગ ઉઘરાવતો તેને ચોથ કહેતા.

સરદેશમુખી–એ મુજબ જે દશમો ભાગ ઉઘરાવતો તેને સરદેશમુખી કહેતા.

ઘાસદાન-રાજારામના વખતમાં જીંજીના પ્રતિનીધીએ મોગલો પાસેથી જે ઘાસ ચારાના નામે પૈસા લીધા તેને ઘાસદાન કહેછે.

ષડ્દર્શન- હિંદુઓને તત્વજ્ઞાનનો અભ્યાસ કરવાને જે છ શાળા સ્થાપી તેને ષડ્દર્શન કહેછે.

આઇને અકબરી–અકબરના વજીર અબુલ ફાજલે અકબરના કાયદા ને નીયમોનું પુસ્તક લખ્યું તેને આઇને અકબરી કહેતા. તેમાં મોગલ રાજ્યની માપણી તથા અકબરની હમેશની જીંદગીના તથા કોર્ટના ચિતાર આપેલા હતા. આથી ગેર વ્યાજબી કર નીકળી ગયા, અને ગુલામગીરી તથા સતી થવાના ચાલ બંધ પડયા.

ટોડરમલનો મહેસુલધારો–આથી ખેડાયલી ને બીનખેડાયલી બધી જમીન માપવામાં આવતી, ને દરેક વાર્ષીક રૂપીઆ

૨૫૦૦૦ ની આવકવાળી જમીનપર એક અમલદાર નીમતા તેને કરોરી કહેતા.

સહાયકારી ધારો—લોર્ડ વેલેસ્લીએ દાખલ કીધો. આથી દેશી રાજા પોતાના રાજ્યમાં એક મદદગાર લશ્કર રાખવાનું, અંગ્રેજની કબુલાત વગર બીજો કોઇ સાથે સલાહસંપ ન રાખવાનું, અને અંગ્રેજસત્તાને હિંદમાં સર્વોપરી ગણવાનું કબુલ કરતાં.

હિંદમાં બ્રિટીશ રાજ્ય રચના—૧૮૫૭ના બળવાપછી આ દેશપર સેક્રેટરી ઓફ સ્ટેટ મારફત માહારાણી વિકટોરીઆ રાજ્ય ચલાવેછે. સેક્રેટરી અને તેને મદદ કરવાને કૌંસીલની ઓફીસ લંડનમાં છે. તેની નીમણુંક પાર્લામેન્ટ કરેછે. એ પંદર અનુભવી અમલદારની બનેલીછે. ૫ પ્રાંતોના ગવર્નર, ૫ લશ્કરી અમલદાર ૧ ઇજનેર, ૧ સાહુકાર અને ૩ ડીપ્લોમા મેલવેલા અનુભવી માણસો હોયછે. એ ગવર્નર જનરલનું કામ ના મંજુર કરી શકેછે.

પ્રકરણ ૪૭ મું.

વંશાવળી.

ગિઝનીવંશ ૯૬૨ ૧૧૮૬ ૨૨૪

નામ.	બેઠો.	ઊઠયો.	રાજકર્યું.
અલપ્તગીન	૯૬૨	૯૭૭	૧૫
સબકતગીન	૯૭૭	૯૯૭	૨૦
સુલતાન મહમદ	૯૯૭	૧૦૩૦	૩૩
મસાઉદ—૧	૧૦૩૦	૧૦૪૦	૧૦
મોદુદ	૧૦૪૦	૧૦૪૯	૯
અબદુલ હુસેન	૧૦૪૯	૧૦૫૧	૨

અબદુલ રસીદ	૧૦૫૧	૧૦૫૧	૪૦ દી.
ફેરૂકઝાદ	૧૦૫૧	૧૦૫૮	૭
ઇબ્રાહીમ	૧૦૫૮	૧૦૮૯	૩૧
મસાઉદ-૨	૧૦૮૯	૧૧૧૪	૨૫
અરસલાંડ	૧૧૧૪	૧૧૧૮	૪
બહેરામ	૧૧૧૮	૧૧૫૨	૩૪
ખુશરૂ	૧૧૫૨	૧૧૫૯	૭
ખુશરૂમલેક	૧૧૫૯	૧૧૮૬	૨૭
ઘોરીવંશ	**૧૧૫૨**	**૧૨૧૨**	**૬૦**
અલાઉદીન	૧૧૫૨	૧૧૫૬	૪
સૈફુદીન	૧૧૫૬	૧૧૫૭	૧
ગ્યાસુદીન	૧૧૫૭	૧૨૦૨	૪૫
શાહાબુદીન	૧૨૦૨	૧૨૦૬	૪
મહમદ	૧૨૦૬	૧૨૧૨	૬
ગુલામવંશ	**૧૨૦૬**	**૧૨૯૦**	**૮૪**
કુતબુદીન	૧૨૦૬	૧૨૧૦	૪
આરામ	૧૨૧૦	૧૨૧૧	૧
અલ્તમશ	૧૨૧૧	૧૨૩૬	૨૫
ફેરૂજુદીન	૧૨૩૬	૧૨૩૬	૭ માસ.
રઝીઆબેગમ	૧૨૩૬	૧૨૩૯	૩
બહેરામ	૧૨૩૯	૧૨૪૧	૨
મસાઉદ	૧૨૪૧	૧૨૪૬	૫
નાશરૂદીન	૧૨૪૬	૧૨૬૫	૧૯
ગ્યાસુદીન બલબન	૧૨૬૫	૧૨૮૭	૨૨
કૈકુબાદ	૧૨૮૭	૧૨૯૦	-

ખીલજીવંશ	**૧૨૯૦**	**૧૩૨૦**	**૩૦**
જલાલદીન	૧૨૯૦	૧૨૯૫	૫
અલાઉદ્દીન	૧૨૯૫	૧૩૧૫	૨૦
ઉમર	૧૩૧૫	૧૩૧૬	૧
મુબારક	૧૩૧૬	૧૩૨૦	૪
ખુસરૂ ખાં	૧૩૨૦	૧૩૨૦	૦
તઘલખવંશ	**૧૩૨૦**	**૧૪૧૪**	**૯૪**
ગ્યાસુદીન	૧૩૨૦	૧૩૨૫	૫
મહમદ (૧]	૧૩૨૫	૧૩૫૧	૨૬
ફીરોજશાહ	૧૩૫૧	૧૩૮૮	૩૭
ગ્યાસુદીન (૨)	૧૩૮૮	૧૩૮૯	૧
અબુબકર	૧૩૮૯	૧૩૮૯	૧૫ માસ
નાસરૂદીન	૧૩૮૯	૧૩૯૨	૩
મહમદ (૨)	૧૩૯૨	૧૪૧૨	૨૦
દોલતખાં	૧૪૧૨	૧૪૧૪	૨
સૈયદ વંશ ૧૪૧૪–૧૪૫૦–૩૬			
સૈયદ ખીજરખાં	૧૪૧૪	૧૪૨૧	૭
,, મુબારક	૧૪૨૧	૧૪૩૩	૧૨
,, મહમદ	૧૪૩૩	૧૪૪૩	૧૦
,, અલાઉદ્દીન	૧૪૪૩	૧૪૫૦	૭
લોદીવંશ ૧૪૫૦–૧૫૨૬–૭૬			
બહીલોલખાં	૧૪૫૦	૧૪૮૮	૩૮
સીકંદર	૧૪૮૮	૧૫૧૭	૨૯
ઇબ્રાહીમ	૧૫૧૭	૧૫૨૬	૯

મોગલવંશ	**૧૫૨૬**	**૧૮૫૭**	**૩૩૧**
બાબર	૧૫૨૬	૧૫૩૦	૪
હુમાયુ	૧૫૩૦	૧૫૫૬	૨૬
અકબર	૧૫૫૬	૧૬૦૫	૪૯
જહાંગીર	૧૬૦૫	૧૬૨૭	૨૨
શાહાજહાં	૧૬૨૭	૧૬૫૮	૩૧
ઔરંગઝેબ	૧૬૫૮	૧૭૦૭	૪૯
બહાદુરશાહ	૧૭૦૭	૧૭૧૨	૫
જહાંદારશાહ	૧૭૧૨	૧૭૧૩	૧
ફરૂકશીઅર	૧૭૧૩	૧૭૧૯	૬
મહમદશાહ	૧૭૧૯	૧૭૪૮	૨૯
અહમદશાહ	૧૭૪૮	૧૭૫૪	૬
આલમગીર (૨)	૧૭૫૪	૧૭૫૯	૫
શાહઆલમ	૧૭૫૯	૧૮૦૬	૪૭
અકબર (૨)	૧૮૦૬	૧૮૩૭	૩૧
મહમદબહાદુરશાહ	૧૮૩૭	૧૮૫૭	૨૦
શુરવંશ	**૧૫૪૦**	**૧૫૫૬**	**૧૬**
શીરશાહ	૧૫૪૦	૧૫૪૫	૫
સલીમશાહ	૧૫૪૫	૧૫૫૩	૮
અદીલશાહ	૧૫૫૩	૧૫૫૬	૩
મરેઠીવંશ	**૧૬૬૪**	**૧૮૪૮**	**૧૮૪**
શિવાજી	૧૬૬૪	૧૬૮૦	૧૬
સંભાજી	૧૬૮૦	૧૬૮૯	૯
રાજારામ	૧૬૮૯	૧૭૦૦	૧૧

શિવાજી (૨)	૧૭૦૦	૧૭૦૮	૮
શાહુ (૧)	૧૭૦૮	૧૭૪૮	૪૦
રામરાજા	૧૭૪૮	૧૭૭૭	૨૯
શાહુ (૨)	૧૭૭૭	૧૮૧૮	૪૧
પ્રતાપસિંહ	૧૮૧૮	૧૮૪૦	૨૨
શાહાજી	૧૮૪૦	૧૮૪૮	૮

પેશ્વાવંશ ૧૭૧૪ ૧૮૧૮ ૧૦૪

બાલાજી વિશ્વનાથ	૧૭૧૪	૧૭૨૦	૬
બાજીરાવ (૧)	૧૭૨૦	૧૭૪૦	૨૦
બાલાજી (૨)	૧૭૪૦	૧૭૬૧	૨૧
માધવરાવ (૧)	૧૭૬૧	૧૭૭૨	૧૧
નારાયણરાવ	૧૭૭૨	૧૭૭૪	૨
સવાઇ માધવરાવ	૧૭૭૪	૧૭૯૫	૨૧
બાજીરાવ (૨)	૧૭૯૫	૧૮૧૮	૨૩

ગવર્નરો

ક્લાઇવ	૧૭૫૭	૧૭૬૦	૩
વાન્સી ટાર્ટ સ્પેન્સર	૧૭૬૧	૧૭૬૫	૪
ક્લાઇવ બીજીવાર	૧૭૬૫	૧૭૬૭	૨
વેરેલ્સ્ટ	૧૭૬૭	૧૭૭૦	૩
કાર્ટીઅર	૧૭૭૦	૧૭૭૨	૨
વોર્ન હેસ્ટીંગ્સ	૧૭૭૨	૧૭૭૪	૨

ગવર્નર જનરલો

વોર્ન હેસ્ટીંગ્સ	૧૭૭૪	૧૭૮૫	૧૧
લોર્ડ કોર્નવોલીસ	૧૭૮૬	૧૭૯૩	૭

સરજોનશોર	૧૭૯૩	૧૭૯૮	૫
લોર્ડ વેલેસ્લી	૧૭૯૮	૧૮૦૫	૭
લોર્ડ કોર્નવોલીશ બીજીવાર	૧૮૦૫	૧૮૦૫	૦
સરજયોર્જ બાર્લો	૧૮૦૫	૧૮૦૭	૨
લોર્ડ મીન્ટો	૧૮૦૭	૧૮૧૩	૬
લોર્ડહેસ્ટીંગ્સ(મોયરો)	૧૮૧૪	૧૮૨૩	૯
લોર્ડ આમ્હર્સ્ટ	૧૮૨૩	૧૮૨૮	૫
લોર્ડવીલીયમબેન્ટીંક	૧૮૨૮	૧૮૩૫	૭
લોર્ડ ઓકલાંડ	૧૮૩૬	૧૮૪૨	૬
લોર્ડ એલેન્બરો	૧૮૪૨	૧૮૪૪	૨
લોર્ડ હાર્ડીંગ	૧૮૪૪	૧૮૪૮	૪
લોર્ડ ડેલહાઉસી	૧૮૪૮	૧૮૫૬	૮

વાઇસરાય

લોર્ડ કેનીંગ	૧૮૫૬	૧૮૬૧	૫
લોર્ડ એલ્ગીન	૧૮૬૨	૧૮૬૩	૧
લોર્ડ લોરેન્સ	૧૮૬૪	૧૮૬૯	૫
લોર્ડ મેયો	૧૮૬૯	૧૮૭૨	૩
લોર્ડ નોર્થબ્રુક	૧૮૭૨	૧૮૭૬	૪
લોર્ડ લીટન	૧૮૭૬	૧૮૮૦	૪
લોર્ડ રીપન	૧૮૮૦	૧૮૮૪	૪
લોર્ડ ડફ્રીન	૧૮૮૪	૧૮૮૮	૪
લોર્ડ લેન્સડાઊન	૧૮૮૮	૧૮૯૩	૫
લોર્ડ એલ્ગીન	૧૮૯૪	હાલમાં છે.	

પ્રકરણ ૪૮ મું.

હિંદમાં થયેલી લડાઇઓ.

ઇ. સ. પુ.	૫૦૦૦	પાણીપત (૧)	પાંડવોએ કૌરવોને હરાવ્યા
,,	૩૨૭	જેલમ	સીકંદરે પૌરસને હરાવ્યો
ઇ. સ.	૭૧૨	દેવલગામ	મહમદકાસીમે દાહીરને હરાવ્યો
	૯૭૭	પેશાવર	સબકતગીને જયપાળને હરાવ્યો
	૧૦૦૧	પેશાવર (૨)	મહમદ ગીઝનીએ ,, ,,
	૧૦૨૪	સોમનાથ	,, ,, ભીમને હરાવ્યો,
	૧૧૯૧	થાનેશ્વર	પૃથુરાજે શાહાબુદીનને હરાવ્યો
	૧૧૯૩	પાણીપત (૨)	શાહાબુદીને પૃથુરાજને હરાવ્યો
	૧૧૯૪	ચંદ્રવાડા	,, કનોજના જયચંદને હરાવ્યો
	૧૨૯૩	ઇલીચપુર	અલાઉદીન ખીલજીએ રામદેવનો પરાજયકર્યો
	૧૫૨૬	પાણીપત (૩)	બાબરે ઇબ્રાહીમ લોદીને હરાવ્યો.
	૧૫૨૭	સીકરી	,, મેવાડના સંગને હરાવ્યો.
	૧૫૨૮	ચંદેરીનો ઘેરો	,, મેદનીરાયને હરાવ્યો.
	૧૫૩૫	ગુજરાત	હુમાયુએ બહાદુરશાહને હરાવ્યો.
	૧૫૩૯	બકસર	શીરશાહે હુમાયુને હરાવ્યો.
	૧૫૪૦	કનોજ	,, ,, ,,
	૧૫૫૬	પાણીપત (૪)	બહેરામે હેમુને હરાવ્યો.
	૧૬૫૭	કાશી	દારાએ સુજાને ,,
	૧૬૫૭	આગ્રા	ઔરંગજેબે દારાને ,,
	૧૬૫૭	ઉર્જન	મોરાદ તથા ઔરંગજેબે જસવંતસીંહને હરા.
	૧૬૫૯	કજવા	ઔરંગજેબે સુજાને હરાવ્યો.
	૧૬૬૫	સીંઘર	મોગલે શીવાજીને ,,
	૧૭૦૭	આગ્રા (૨)	મોઆજીમે આજીમને ,,

૧૭૧૩	આગ્રા (૩)	ફરૂકશીયરે જહાંદારશાહને હરાવ્યો
૧૭૨૦	શાહાપુર	નિઝામે સૈયદ અબદલ્લાને ,,
૧૭૨૪	શકકર	,, મુબારક ખાનને ,,
૧૭૩૪	ડભોઇ	બાજીરાવે ત્રીંબકરાવને હરાવી માર્યો.
૧૭૩૬	ભોપાળ	,, નીઝામ-ઉલ-મુલ્કને હરાવ્યો.
૧૭૩૮	કર્નાલ	નાદિરશાહે મોગલોને હરાવ્યા.
૧૭૪૧	અંબુર (૧)	મરેઠાએ દોસ્તઅલીને હરાવ્યો.
૧૭૪૬	મદ્રાસ	ફ્રેંચોએ કર્ણાટકના નવાબને હરાવ્યો.
૧૭૪૮	સરહીંદ	મોગલોએ અહમદ દુરાનીને ,,
૧૭૫૦	ત્રીચીનાપલી	મુજફ્ફરજંગે નાસીરજંગને ,,
૧૭૫૦	અંબુર (૨)	દુપ્લીએ અનવરૂદીનને ,,
૧૭૫૧	આર્કોટ, આર્ની	ક્લાઇવે રાજા સાહેબને ,,
૧૭૫૨	કોવરેપાક	,, ,, તથા ફ્રેંચોને હરાવ્યા
૧૭૫૨	બાહુર	મેજર લોરેન્સે ફ્રેંચોને હરાવ્યા.
૧૭૫૭	પ્લાસી	ક્લાઇવે સુરાજા દૌલાને હરાવ્યો.
૧૭૫૯	ચીનસુરા	કર્નલ ફોર્ડે વલંદાને હરાવ્યા.
૧૭૬૦	વાંદીવાસ	કર્નલ કુટે ફ્રેંચ લાલી ને બુસીને હરાવ્યા
૧૭૬૦	ઉદગીર	મરેઠાએ નિઝામને હરાવ્યો.
૧૭૬૦	પટણા (૧)	અંગ્રેજે મીરકાસીમને ,,
૧૭૬૧	પાણીપત (૫)	દુરાનીએ મરેઠાને હરાવ્યા
૧૭૬૧	પટણા (૨)	મેજર કર્નાકે શાહઆલમને હરાવ્યો.
૧૭૬૩	કતવા	અંગ્રેજે મીરકાસીમને ,,
૧૭૬૩	ઘેરીઆ	મેજર આદમ્સે ,, ,,
૧૭૬૪	પટણા (૩)	કર્નાકે મીરકાસીમ, સુજાદૌલાને શાહ આલમને હ.
૧૭૬૪	બકસર (૨)	મનરોએ ,, ,, ,, ,,

૧૭૬૪	કાલ્પી	મેજર કર્નાકે સુજાદૌલા ને મરેઠાને હરાવ્યા.
૧૭૬૭	ચંગામ, ત્રીનોમાલી, અંબુર	સ્મિથે હૈદરને હરાવ્યો.
૧૭૭૨	ચેરકુલી	મરેઠા ત્રીંબકરાવે હૈદરને હરાંવ્યો.
૧૭૭૯	વાડગામ	મરેઠાએ અંગ્રેજને હરાવ્યા.
૧૭૮૦	પોલીલોર (૧)	હૈદરે કર્નલ બેલીનો પરાભવ કર્યો.
૧૭૮૧	ચિલામ્બ્રમ	હૈદરે કુટનો પરાજય કર્યો.
૧૭૮૧	પોર્ટોનોવો, પોલીલોર (૨), શોલીંગઢ	સર ઇ-કુટે હૈદરને હરાવ્યો.
૧૭૮૨	પનીઆની	અંગ્રેજે ટીપુને ,,
૧૭૯૧	સીમોગા, એરીકેરા	કોર્નવોલીસે ,, ,,
૧૭૯૨	અજમેર	સીંધીઆએ હોલ્કરને
૧૭૯૫	કુર્દલા	નાનાફડનવીશે નિજામને હરાવ્યો.
૧૭૯૯	સદાસીર, માલવેલી શ્રીરંગા પટ્ટણ	હેરીસે ટીપુને હરાવ્યો. ,, ,,
૧૮૦૧	ઇંદોર	સીંધીઆએ હોલ્કરને ,,
૧૮૦૨	પુના	હોલ્કરે સીંધીઆ તથા પેશ્વાને હરાવ્યા.
૧૮૦૩	અલીગઢ, દિલ્હી, લાસ્વારી	લોર્ડ લેકે સીંધીઆને હરાવ્યો.
૧૮૦૩	અસાઇ, આરગામ	વેલેસ્લીએ સીંધીઆ તથા ભોંસલેને હરાવ્યા.
૧૮૦૪	દીગ, ફરૂકાબાદ	મોન્સન અને લેકે હોલ્કરને હરાવ્યો.
૧૮૦૪	ભરતપુરનો ઘેરો	લેકે ભરતપુરના રાજાને ,,
૧૮૧૫	મલુન	અંગ્રેજે ગુરખાને હરાવ્યા.
૧૮૧૬	મકવાનપુર, હરીહરપુર	ઓકટર્લોનીએ ,, ,,
૧૮૧૭	ખડકી	અંગ્રેજે બાજીરાવ બીજાને હરાવ્યો.

૧૮૧૭	સિતાબલ્દી	,, મરેઠાનો પરાજય કર્યો
૧૮૧૭	નાગપુર, જબલપુર	,, ભોંસલેને હરાવ્યો.
૧૮૧૭	મહીદપુર	માલ્કમે મલાવરાવ હોલ્કરને હરાવ્યો.
૧૮૧૮	આસ્ટી, કોરેગામ	સ્મીથે મરેઠા બાપુ ગોખલેને ,,
૧૮૨૪	રંગુન,	કેમ્બેલે બ્રહ્મીઓને હરાવ્યા.
૧૮૨૫	પ્રોમ, પાગામ	,, ,, ,,
૧૮૩૯	પરવાન	રોબર્ટસેલે દોસ્ત મહમદને હરાવ્યો.
૧૮૪૨	કંદહાર	જનરલ નોટે અફગાનોને હરાવ્યા.
૧૮૪૨	ટેઝીનઘાટ,નેદાન	અંગ્રેજે ,, ,,
૧૮૪૩	મીઆની, હૈદ્રાબાદ	નેપીઅરે સીંધના અમીરોને ,,
૧૮૪૩	માહારાજપુર, પનીઆર	ગોફ અને ગ્રેએ સીંધીઆને હરાવ્યો.
૧૮૪૫	મુદકી, ફીરોજપુર	ગોફે શીખને હરાવ્યા.
૧૮૪૫	બદીવાલ	શીખફોજે અંગ્રેજને હાની પહોંચાડી.
૧૮૪૬	અલીવાલ,સોબ્રોન	સ્મીથે શીખોને હરાવ્યા.
૧૮૪૮	સદુસામ,કિનેરી	એડવર્ડે શીખ લાલા મુલરાજને હરાવ્યો.
૧૮૪૮	રામનગર	ગોફે શીખ શેરસીંગને હરાવ્યો.
૧૮૪૯	ચિલિયનવાલા	શીખ તરફથી અંગ્રેજને બહુ ખમવું પડયું.
૧૮૪૯	ગુજરાત	ગોફે શીખ શેરસંગને હરાવ્યો.
૧૮૫૨	રંગુન, પેગુ	ગોડવીએ બ્રહ્મીઓને હરાવ્યા.
૧૮૫૭	કાનપુર, લખનો કાલ્પી	મોટા બળવામાં હેવલોકે નાનાસાહેબને હરાવ્યો
૧૮૫૭	ગ્વાલીઅર	અંગ્રેજે તાત્યા ટોપીને હરાવ્યો.
૧૮૮૦	કંદહાર (૨)	ફ્રેડરીક રોબર્ટસે અફગાન અયુબખાનને હરાયો

પ્રકરણ ૪૯ મું.

ઈ. સ. પુ.	સાલવાર મુખ્ય બનાવો.
૫૦૦૦	પાંડવ કૌરવની લડાઈ ને કૌરવોની હાર
૧૩૦૮	મિસરના સિસોસ્ત્રીશની હિંદપર ચઢાઈ
૬૦૦	સીથીઅન લોકની હિંદપર ચઢાઈ
૫૪૩	બુધ્ધ ધર્મનો ઉદય
૫૧૮	ઇરાનના રાજા દરાયસ હિસ્તા સ્પીસની ચઢાઇ
૫૦૦	મનુ સ્મૃતિ નામનું પુસ્તક રચાયું
૪૭૭	બુધ્ધ મરીગયો
૩૬૦	કૌમોદી સંસ્કૃત વ્યાકરણ રચાયું
૩૨૭	મહાન સિકંદરે હિંદપર ચઢાઈ કરી પોરસને જેલમ આગળ હરાવ્યો
૩૨૩	સીકંદરનું બાબીલનમાં મરણ
૩૧૫	ચંદ્રગુપ્ત પટના લઈ મગધનો રાજાથયો
૨૬૦–૨૨૩	અશોકે મગધપર રાજ કર્યું
૨૫૭	મગધનો રાજા અશોક બૌધ પંથમાં ભેલાયો
૫૭	વિક્રમાદિત્યનો સંવત ચાલુ થયો.
ઈ. સ.	
૭૮	પૈઠણના રાજા શાલિવાહનનો શક ચાલુ થયો
૫૭૦	હજરત મહમદ પેગંબરનો જન્મ
૬૦૯	હીજરીસન શરૂ થયો
૬૨૯–૬૪૮	બોધ ધર્મની પડતી ને ચીનનો હિયોનસંગ હિંદમાં આવ્યો
૬૩૨	મહમદ પેગંબરનો કાળ થયો
૭૧૨	મહમદ કાસમે દાહીરને હરાવી સિંધ લીધું
૯૭૬	અલ્પતગીને ગિઝનીમાં રાજ્ય સ્થાપ્યું

૯૭૭	અલ્પતગીનનું મરણ ને સબક્તગીનનું ગાદીએ બેસવું
૯૯૭	સબક્તગીનનું મરણ ને સુલતાનમહમદનું ,,
૧૦૦૧	મહમદ ગિઝનીની લાહોરના રાજા જયપાલપર સ્વારી
૧૦૦૪	,, ,, ભાટીઆના રાજા વિજય રાયપર ,,
૧૦૦૮	,, ,, લાહોરના અનંગપાળપર ચોથી સ્વારી
૧૦૧૦–૧૧	,, ,, મુલતાન થાનેશ્વરપર પાંચમી છઠ્ઠી સ્વારી
૧૦૧૪	,, ,, કાશ્મીરપર સાતમી આઠમી સ્વારી
૧૦૧૯–૨૨	,, ,, કનોજ ને કલીંજરપર નવમી ને દશ અગીઆર સ્વારીઓ
૧૦૨૪	,, ,, સોમનાથપર બારમી સ્વારી ને મુર્ત્તિનો નાશ
૧૦૩૦	સુલતાન મહમદનું મરણ
૧૧૫૨	અલાઉદીન ઘોરીએ ગિઝની બાલી નાખ્યું
૧૧૮૬	ગીજનીવંશની સમાપ્તિ ને ઘોરીવંશની સ્થાપના
૧૧૮૬	મહમદ ઘોરીએ લાહોર લીધું
૧૧૯૧	થાનેશ્વરની લડાઇ ને શાહાબુદીનની હાર
૧૧૯૩	પાણીપતની લડાઇ ને પૃથુરાજની હાર ને કેદ પકડાવું
૧૧૯૪	મહમદ ઘોરીએ કનોજ તથા બનારસ લીધાં
૧૨૦૩	,, ગુજરાત, અયોધ્યા, બંગાળા ને બહાર (લીધાં
૧૨૦૬	,, ને ગક્કર લોકે માર્યો; ઘોરી વંશની સમાપ્તિ ને ગુલામવંશની સ્થાપના
૧૨૧૦	કુતબુદીનનું મરણ ને આરામ પછી અલ્તમશ બેઠો
૧૨૧૭	મોગલસરદાર જંઘીશખાંની હિંદપર ચઢાઇ
૧૨૨૯	મુસલમાની રાજ્યના સિક્કા પડ્યા
૧૨૭૯	બંગાળામાં બંડ
૧૨૯૦	ગુલામવંશની સમાપ્તિ ને ખીલજીવંશનો જલાલુદીન બેઠો

૧૨૯૪ અલાઉદ્દીન ખીલજીની દક્ષિણપર ચઢાઈ
૧૨૯૭ અલાઉદ્દીન ખુનીએ ગુજરાત જીત્યું
૧૨૯૮ મોગલસરદાર પુતલુગખાંની સ્વારી
૧૩૦૦ અલાઉદ્દીને રણસ્થંભોરનો કિલ્લો લીધો
૧૩૦૩ ,, ચિતોડ જીત્યું
૧૩૦૬-૧૨ કાફુરની દક્ષિણપર ચઢાઇ
૧૩૨૦ ખીલજીવંશની સમાપ્તિ ને તઘલખવંશની સ્થાપના
૧૩૪૭ બ્રાહ્મણીવંશની સ્થાપના
૧૩૫૧ મહમદ તઘલખનું ઠઠ્ઠામાં મરણ ને ફીરોજશાહ બેઠો
૧૩૯૮ તૈમુર હિંદપર ચઢાઇ કરી ઘણો પૈસો લઇ ગયો
૧૪૦૫ તૈમુરનું સમરકંદમાં મરણ
૧૪૧૨ તઘલખવંશની સમાપ્તિ ને દોલતખાં બેઠો
૧૪૫૦ સૈયદવંશની સમાપ્તિ ને લોદીવંશની સ્થાપના
૧૪૬૯ શીખલોકનો ધર્મ સ્થાપનાર નાનકશાહ જન્મ્યો
૧૪૮૨ બાબરનો જન્મ [હિંદમાં આવ્યો
૧૪૮૭ પોર્ટુગીઝ વહાણવટી બાર્થો લોમ્યુ ડીઆઝ પહેલો
૧૪૯૨ કોલમ્બસે અમેરિકાખંડ શોધી કાઢયો
૧૪૯૭ વાસ્કોડી ગામા આવી કલીકટ ઉતર્યો
૧૫૦૦ કાબ્રાલે બ્રાઝીલ શોધી કાઢયો
૧૫૦૨ વાસ્કોડી ગામાએ બીજી સફરમાં વેપાર માટે કોચીનને
કાનનોર પસંદ કર્યા [થયો.
૧૫૦૫ ફ્રાન્સીસ્કો આલ્મૈડા હિંદમાં પોર્ટુગીઝ સંસ્થાનનો સુબો-
૧૫૦૭ હુમાયુ જન્મ્યો
૧૫૧૦ આલ્ફાન્સોએ ગોવા ને ઓર્મઝ જીત્યા
૧૫૧૫ આલ્ફાન્સો આલ્બુકર્ક ગોવામાં મરણ પામ્યો

૧૫૨૬	પાણીપતની લડાઇ ને ઇબ્રાહીમની હાર ને મોગલવંશની
૧૫૨૭	ફતેપુર સીક્રીની લડાઇને રજપુતોની હાર (સ્થાપ્ના
૧૫૨૮	બાબરે ચંદેરીને ઘેરોઘાલી તે કિલ્લો લીધો
૧૫૨૯	,, બંગાળા ને બહાર જીત્યો
૧૫૩૫	હુમાયુએ બહાદુરશાહને હરાવી ચાંપાનેરનો કિલ્લો લીધે
૧૫૩૯	નાનકશાહ મરણ પામ્યો
૧૫૩૯	શીરશાહે હુમાયુને બક્સર આગળ ઘેરીને હરાવ્યો
૧૫૪૦	,, ,, કનોજ ,, ,, ,, ને
૧૫૪૨	અકબરનો ઉમરકોટમાં જન્મ [ગાદીએ બેઠો
૧૫૪૪	હુમાયુ નાસી ઇરાન ગયો
૧૫૪૫	શિરશાહ રેંઝીનના કિલ્લામાં દાઝી મરીગયો
૧૫૪૭	હુમાયુએ કાબુલને કંદહાર લીધા
૧૫૫૩	,, પોતાના ભાઈ કામરાનની આંખો ફોડાવી
૧૫૫૬	,, પાછી ગાદી મેલવી; હુમાયુનું મરણ ને અકબરનું ગાદીએ બેસવું
૧૫૫૬	પાણીપતની લડાઇ ને અદીલશાહના વજીર હેમુની હાર
૧૫૬૦	અકબરે રાજ્યની લગામ હાથમાં લીધી
૧૫૬૧	બહેરામે બંડ કીધું ને ગુજરાત તરફ નાઠો
૧૫૬૫	ટાલીકોટ આગળ વીજાપુરના રાજાએ વીજયનગરના રાજાને હરાવ્યો, ને તેનું રાજ્ય પડી ભાગ્યું.
૧૫૬૭	અકબરે ચિતોડ, જેપુરને જોધપુરના રાજાને હરાવ્યા
૧૫૭૩	અકબરે ગુજરાત લીધું
૧૫૭૬	,, બંગાળા પાછું જીતીલીધું
૧૫૭૯	સ્ટિવન્સ પહેલો હિંદુસ્તાનમાં આવ્યો
૧૫૮૬	અકબરે કાસ્મીર લીધું

૧૫૯૨ „ સીંધને ઓઢીઆ લીધા
૧૫૯૪ „ કંદહાર લીધું
૧૫૯૫ „ અહમદનગર જીતવા લશ્કર મોકલ્યું
૧૫૯૬ હોટમેને સુમાત્રામાં કોઠી ઘાલી
૧૫૯૯ અકબરનો છોકરો મોરાદ ને અહમદનગરની રાણી ચાં દબીબી મરણ પામ્યા
૧૬૦૦ ઇસ્ટ ઇંડીઆ કંપની હિંદમાં વેપાર કરવા આવી
૧૬૦૧ અકબરે ખાનદેશજીતી દાનીઆલને સુબો નીમ્યો
૧૬૦૪ અકબરનો છોકરો દાનીઆલ મરીગયો; ફ્રેંચો હિંદમાં [આવ્યા
૧૬૦૫ અકબર મરીગયો ને જહાંગીર ગાદીએ બેઠો
૧૬૦૭ કપ્તાન હોકીન્સ જહાંગીરની દરબારમાં આવ્યો
૧૬૧૦ ડચલોકે પોર્ટુગીઝપાસેથી મસાલાના બેટ જીતીલીધા; અ ંગ્રેજે મછલીપટ્ટણમાં થાણું કીધું
૧૬૧૧ જહાંગીર શેરઅફગાનને મારીનાખી નુરજહાં પરણ્યો
૧૬૧૨ અંગ્રેજોએ સુરત, અમદાવાદ, ને ખંબાતમાં કોઠી ઘા લી; ડેન્સ હિંદમાં આવ્યા.
૧૬૧૫ ઇગ્લાંડના પહેલા જેમ્સ તરફથી સર ટામસરો એલચી જહાંગીરની દરબારમાં આવ્યો
૧૬૧૬ અંગ્રેજોએ એન્ડમમાં કોઠી ઘાલી
૧૬૨૧ સલીમનો છોકરો ખુશરૂ મરીગયો
૧૬૨૩ આમ્બોયનામા અઢાર અંગ્રેજની કતલ; શાહાજહાંનું જહાંગીરસામે બંડ
૧૬૨૬ જહાંગીરના છોકરા પરવીઝનું મરણ; મોહોબતખાંએ જહાંગીરને કેદ કર્યો; મલીકંબર સ્વતંત્ર થયો; અંગ્રે જોના આરગામમાં થાણા

૧૬૨૭ **જહાંગીરનું મરણ ને શાહાજહાંનું ગાદીએ બેસવું; શિવાજીનો જન્મ**
૧૬૨૯ ખાંજહાં લોદીનું **શાહાજહાં** સામે બંડ
૧૬૩૦ અહમદનગરનુ રાજ્ય મોગલ રાજ્યસાથે જોડાયું
૧૬૩૧ **શાહાજહાંએ** બંગાળામાંના પોર્ટુગીઝ થાણા લીધા
૧૬૩૯ અંગ્રેજે ફોર્ટ સેન્ટ જ્યોર્જ કિલ્લો બાંધ્યો
૧૬૪૦ ડચલોકે મલાક્કા જીત્યું
૧૬૪૬ નુરજહાં મરણપામી; **શિવાજીએ** ટોરનીઆ ટેકરી લીધી ને તેમાંના ધનથી રાયગઢ કિલ્લો બંધાવ્યો
૧૬૫૨ વલંદાએ કલીકટમાં કોઠી ઘાલી
૧૬૫૭ **શાહાજહાં** માંદો પડયો, એના છોકરા માંહોમાંહે લડયા: બીડરનું રાજ્ય મોગલ રાજ્ય સાથે જોડાયું.
૧૬૫૮ **ઔરંગજેબે શાહાજહાંને** કેદકરી પોતાની દુવાઇ ફેરવી; વલંદાએ જાફના પટ્ટમ લીધું
૧૬૫૯ **ઔરંગજેબે** દારાને મારી નાંખ્યો; **શિવાજીએ અફ્ઝલખાનને** દગાથી માર્યો.
૧૬૬૦ **સુજા** આરાકાનમાં મરીગયો
૧૬૬૧ **મુરાદને ઔરંગજેબે** મારીનાખ્યો
૧૬૬૨ **અંગ્રેજોને** પોર્ટુગાલનાં રાજાપાસેથી મુંબઈ મલ્યું; **ઔરંગજેબના** સરદાર **શાહીસ્તેખાનને શિવાજીએ** જખમી [કર્યો.
૧૬૬૩ **શિવાજીએ** સુરત લુટયું
૧૬૬૪ „ રાજ્યપદ ધારણ કીધું-
૧૬૬૫ „ સીંધર આગળ મોગલોને હરાવ્યા
૧૬૬૮ „ વિજાપુરને ગોવલકોંડાના રાજાપાસેથી ખંડણી લીધી; કંપનીને મુંબઇ મલ્યું

૧૬૬૮	ફ્રેંચોએ મછલીપટ્ટણ આગળ સંસ્થાન કીધું
૧૬૭૩	શિવાજીએ સતારા જીતી લીધું
૧૬૭૪	માર્ટીન નામના ફ્રેંચે પોંડીચરી વસાવ્યું; શિવાજીનો રાયગઢમાં રાજ્યાભિષેક
૧૬૭૬	નારોલમાં બંડ; શિવાજીની કર્ણાટકપર ચડાઈ
૧૬૭૭	જોધપુરના જસવંતસિંહનું મરણ
૧૬૮૦	શિવાજીનું મરણ ને સંભાજીનું ગાદીએ બેસવું
૧૬૮૩	ઔરંગઝેબની દક્ષિણપર ચઢાઇ
૧૬૮૬	ઔરંગઝેબે બીજાપુર લીધું
૧૬૮૭	,, ગોવલકોંડા લીધું; અંગ્રેજે મુંબઈમાં પ્રથમ થાણું કીધું.
૧૬૮૮	ફ્રેંચોએ ચંદ્રનગર વસાવ્યું
૧૬૮૯	ઔરંગઝેબે સંભાજીની આંખો ફોડી મારીનાખ્યો; રાજારામ ગાદીએ બેઠો
૧૬૯૧	અંગ્રેજોએ ફોર્ટસેન્ટ દેવીડ કિલ્લો બાંધ્યો
૧૬૯૮	'હરીફ' કંપની ઉભી થઈ
૧૭૦૦	ઔરંગઝેબે સતારા લીધું; અંગ્રેજે ફોર્ટ વીલીયમ બાંધ્યો; રાજારામનુ મરણ ને શિવાજી [૨]નું બેસવું.
૧૭૦૧	સર વીલીયમ નોરીસ ઔરંગઝેબની દરબારમાં આવ્યો
૧૭૦૨	હૈદર જન્મ્યો
૧૭૦૭	ઔરંગઝેબનુ અહમદનગરમાં મરણ; બહાદુરશાહ બેઠો
૧૭૦૮	બંને કંપની જોડાઈ 'યુનાઇટેડ ઇસ્ટ ઇંડીઆ કંપની' નામ પાડયું; શાહુ ૧લો ગાદીએ બેઠો
૧૭૧૩	ફરૂખસીયર બેઠો; આગ્રા આગળ એણે જુલ્ફીકરખાંને હરાવ્યો; નીજામ ઉલ-મુલ્ક દક્ષિણનો સુબેદાર નીમાયો
૧૭૧૪-૨૦	બાલાજી વિશ્વનાથે પેશ્વાપદ ધારણ કીધું

૧૭૧૬ ફેરૂકસીયરે હેમીલ્ટનને જાગીર આપી
૧૭૧૯ બાલાજીએ ચોથ તથા સરદેશ મુખી હક મેલવ્યા
૧૭૨૦ નિજામ-ઊલ-મુલ્કે દક્ષિણમાં ગાદી સ્થાપી; શાહાપુર ની લડાઇમાં સૈયદોને હરાવ્યા
૧૭૨૨ દુરાનીનો જન્મ [લાગ્યો.
૧૭૨૪ નિજામ-ઉલ-મુલ્ક દક્ષિણમાં સ્વતંત્રપણે રાજ્ય કરવા
૧૭૨૫ કલાઇવ જન્મ્યો, ફ્રેંચોએ માહીવસાવ્યું; જાફ્રરખાંનું મરણ
૧૭૩૧ ત્ર્યંબકરાવ ડાભાડેને બાજીરાવે ડભોઈ આગળ હરાવ્યો
૧૭૩૨ હેસ્ટીંગસનો જન્મ
૧૭૩૮ નાદીરશાહની હિંદપર સ્વારી
૧૭૩૯ મરેઠાએ પોર્ટુગીઝપાસેથી વસાઇલીધું; કર્નાલની લડાઇ માં નાદિરશાહે મહમદશાહને હરાવી ઘણા માણસને કતલકરી ઘણું દ્રવ્યને ખુરાસન લઇ ગયો
૧૭૪૦ અલીવર્દીખાન બંગાળાનો ધણીથયો, સુજાખાનું મરણ
૧૭૪૧ મરાઠાએ ચંદાસાહેબને સતારામાં કેદ કીધો
૧૭૪૨ ડુપ્લી પોંડીચરીનો હાકેમ થયો
૧૭૪૪ કલાઇવ હિંદમાં આવ્યો; અલીમહમદે ઓઢીઆમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું
૧૭૪૬ ફ્રેંચે ફોર્ટ સેન્ટ જ્યોર્જ તથા દેવીડપર હુમલા કર્યા
૧૭૪૭ નાદિરશાહને મારીનાંખ્યો
૧૭૪૮ નિજામ-ઊલ-મુલ્કનુ મરણ; દુરાનીની બીજી સ્વારી રામરાજા ને અહમદશાહ ગાદીએ બેઠા; ડુપ્લીએ ચંદાસાહેબને છોડવ્યો, અંગ્રેજને દેવીકોટા મલ્યું
૧૭૫૦ હૈદ્રાબાદને આર્કાટની ગાદી બાબત તકરાર ઉઠી
૧૭૫૧ કલાઇવે આર્કાટ છાપો મારી લીધું, ડુપ્લીએ 'ડુપ્લી

ફ-તેહ આબાદ ' શેહેર વસાવ્યું; કલાઇવે કંજીવરમ લીધું;રાજાસાહેબને આર્ની આગળ હરાવ્યો

૧૭૫૨ ચંદાસાહેબને તંજોરના લશ્કરે મારીનાખ્યો; કલાઇવે કોવલોંગને ચિંગલપટ લીધા; કાવરેપાકની લડાઇમાં રાજાસાહેબને હરાવ્યો

૧૭૫૩ લાબોર્ડોને મરીગયો; કલાઇવ પ્રથમ ઇંગ્લાંડ ગયો

૧૭૫૪ ડુપ્લીને ફ્રાન્સ બોલાવી લીધો; આલમગીર (૨) ગાદીએ બેઠા [ડીચરીના કરાર

૧૭૫૫ ગોધ્યુ ગવર્નર નીમાયો; અંગ્રેજ તથા ફ્રેંચ વચ્ચે પોં-

૧૭૫૬ સુરાજાદૌલા બંગાલા, બહાર ને ઓઢીઆનો નવાબ થયો; મરેઠાએ શ્રીરંગાપટ્ટણને ઘેરો ઘાલ્યો; સુરાજાદૌલાએ ફોર્ટવીલીયમ લીધો; કલાઇવે ઘેરીઆગઢ લીધો; કલકત્તાની ' અંધારી ઓરડી '

૧૭૫૭ કલાઇવે ચંદ્રનગર લીધું; દુરાનીની દિલ્હીપર ચઢાઈ; પ્લાસીની લડાઇ; સુરાજાદૌલાને મીરાને માર્યો; અંગ્રેજો બંગાળાના ધણી થયા; મીરજાફર નવાબ થયો

૧૭૫૮ ફોર્ટસેન્ટ દેવીડ ફરેંચે તોડયો; રાઘોબાની પંજાબપર ચઢાઈ; કલાઇવ બંગાળાનો હાકેમ થયો

૧૭૫૯ શાહઆલમ [૨] ગાદીએ બેઠો કર્નલફોર્ડે ડચને હરાવ્યા ને મછલીપટણ લીધું

૧૭૬૦ વાંદીવાસની લડાઇ; કલાઇવ ફરી ઇંગ્લાંડ ગયો; બુસી કેદ પકડાયો; મીરાનનું મરણ

૧૭૬૧ હૈદર મસુરનો ધણી થયો; માધવરાવ ગાદીએ બેઠો;પાણીપતની લડાઇ ને અબદલ્લીથી મરેઠાની સખત હાર; અંગ્રેજે પોંડીચરી લીધું

૧૭૬૩ હૈદરે બેડનોર લીધું; પટણામાં અંગ્રેજોની કતલ; અંગ્રેજે મોંગીર લીધું; ઘેરીઆની લડાઈ
૧૭૬૪ મનરોના હાથનીચેના સિપાઇઓનું બંડ; દુપ્લીનું મરણ
૧૭૬૫ કલાઇવિના બંગાળામાં સુધારા; **મીર**જાફરનું મરણ
૧૭૬૬ લાલીની ફાંસી; હૈદરે કાલીકટ લીધું; મલ્હાવરાવ હોલ્કરનું મરણ; નીજામપાસેથી ઉત્તર સરકાર મળ્યો
૧૭૬૭ કલાઇવ છેલ્લીવાર વિલાયત ગયો; ચંગામ ને ત્રીનોમાલીની લડાઇને હૈદરની હાર
૧૭૬૯ મદ્રાસની સંધી
૧૭૭૨ નારાયણરાવ ગાદીએ બેઠો; ચેરકુલીમાં હૈદરની હાર
૧૭૭૩ રેગ્યુલેટીંગ ઍક્ટ; બનારસની સંધી
૧૭૭૪ કલાઇવનું મરણ; હેસ્ટીંગ્સ પહેલો ગવર્નર જનરલ; રોહીલાને હાંકી કાઢ્યા; સવાઈ માધવરાવ ગાદીએ બેઠો
૧૭૭૫ સુરતનું તહનામું; નંદકુમારની ફાંસી; મેજર લોરેન્સનુ મરણ
૧૭૭૬ પુરંધરનું તહનામું
૧૭૭૯ વારગામની સલાહ ને અંગ્રેજના નામોશીભરેલા કરાર
૧૭૮૦ અંગ્રેજે વસાઇ લીધું; ગોડાર્ડે ડભોઇને અમદાવાદ લીધા; બેલીનો પોલીલોર આગળ પરાજ્ય; રણજીતનો જન્મ
૧૭૮૧ ડચના નેગાપટણ ને ત્રીકોમાલી લીધાં: પોર્ટોનોવો, પોલીલોર (૨), શોલીંગઢની લડાઈ ને હૈદરની. હાર
૧૭૮૨ સાલબાઇનું તહનામું; હૈદરનું મરણ.
૧૭૮૩ બુસીનું મરણ; સર. ઇ. કુટનું મરણ; ફોકસનું બીલ.
૧૭૮૪ માંગલોરની સલાહ; પીટનું બીલ
૧૭૮૫ હેસ્ટીંગ્સ ઇંગ્લાંડ ગયો
૧૭૮૮–૯૫ હેસ્ટીંગ્સની વિલાયતમાં તપાસ.

૧૭૮૯-૯૦ ટીપુનો ત્રાવણકોટપર હલ્લો
૧૭૯૦ કોર્નવોલીસે બેંગલોર લીધું
૧૭૯૧ અંગ્રેજોએ નંદીદુર્ગ ને શીમોગા લીધા
૧૭૯૨ શ્રીરંગા પટ્ટણની સલાહ
૧૭૯૩ બંગાળામાં જમાબંધીનો ધારો બંધાયો
૧૭૯૪ માહાદજી સીંધીઆનું મરણ [અલીનું મરણ
૧૭૯૫ બાજીરાવ બીજો પેશ્વા થયો; કર્ણાટકના નવાબ મહમદ
૧૭૯૭ અયોધ્યાના નવાબ અસોફદોલાનું મરણ
૧૭૯૮ રણજીતસિંહ પંજાબનો હાકેમ થયો; લોર્ડ વેલેસ્લી ગવર્નર જનરલ થયો.
૧૭૯૯ સદાસીર, માલવેલી ને શ્રીરંગાપટ્ટણની લડાઈ ને ટીપુની હાર; છેલીમાં ટીપુનું મરણ; તંજાવર અંગ્રેજી રાજસાથે જોડી નાંખ્યું સાથે સંધી
૧૮૦૦ લેક સેનાધીપતિ થયો; નાનાફડનવીશનું મરણ; નિઝામ
૧૮૦૧ કર્ણાટક ખાલસા; અયોધ્યામાં સુધારો; જસવંતરાવ હોલકરે પુના લુટયું.
૧૮૦૨ મરેઠાનું વસાઈનું તહનામું.
૧૮૦૩ લેક દિલ્લીના શાહને છોડવ્યો; વેલેસ્લીએ અહમદનગર જીત્યું; પેશ્વાને ફરી ગાદીએ બેસાડયો; અસાઇ આરગામ, દિલ્લી, આગ્રાને લાસ્વારીની લડાઈ; સીંધીઆ ને ભોંસલેની હાર; દેવગામ ને સીરજી અંજેગામની સલાહ
૧૮૦૪ મોન્સન મુકંદાની નાળમાં ઘેરાયો; અંગ્રેજે દીગ લીધું; દીગને ફરૂખાબાદની લડાઈ
૧૮૦૫ ભરતપુરનો ઘેરો; કોર્નવોલીસનું મરણ
૧૮૦૬ વેલોર, સીકંદરાબાદ વીગેરેમાં બંડ

૧૮૦૭	લોર્ડ મીન્ટો ગવર્નર થયો; મદ્રાસમાં બંડ; રણજીતસિંહની સરહીંદપર ચઢાઇ
૧૮૦૯	લેકનું મરણ, રણજીતસિંહ સાથે સંધી; અંગ્રેજોએ જાવા, બુર્બોન વીગેરે જીત્યા
૧૮૧૦	અંગ્રેજે મોરીશીયસ લીધું
૧૮૧૩	ગંગાધર શાસ્ત્રીનું પંઢરપુરમાં ખુન [લીધા
૧૮૧૫	અંગ્રેજોએ મલુન, રામગઢ ને અલ્મોરા ગુરખાપાસેથી
૧૮૧૬	સેગાઉલીની સલાહ
૧૮૧૭	હોલ્કરના સરદારોનુ બંડ; પેશ્વાસાથે પુનાનું તહનામું; પીંઢારાનો નાશ; માહીદપુરની લડાઇ; ખડકીને કોરેગામની લડાઇ ને બાજીરાવ (૨) ની હાર
૧૮૧૮	આસ્ટીની લડાઈ ને મરેઠાની હાર; પુના ખાલસા; બાજીરાવને પેન્સન ને બીથુરમાં કેદ; હેસ્ટીંગ્સનું મરણ; અંગ્રેજે સતારા લીધું
૧૮૧૯	અંગ્રેજે આસીરગઢ લીધું; પીંઢારાના સરદાર ચીતુનું મરણ; શીંગાપુર મલ્યું
૧૮૨૩	બ્રહ્મીએ શાહાપુરી કબજે કર્યું. હાર
૧૮૨૪	અંગ્રેજે રંગુન જીત્યું; રંગુનને પ્રોમની લડાઇ ને બ્રહ્મીની
૧૮૨૫	અંગ્રેજે માર્ટાબાન, તીનાસરીમ, આરાકાન જીત્યા; પાગામની લડાઇ
૧૮૨૬	યાન્ડેબોની સલાહ; ભરતપુર જીત્યું
૧૮૨૭	દોલતરાવ સીંધીઆનું મરણ; જંકોજી બેઠો
૧૮૩૦	ઠગ લોકનો નાશ; સતી થવાનો ચાલ બંધ
૧૮૩૩	કંપનીની ફરી સનંદ; કાયદા સુધારવા કમીશન
૧૮૩૪	કુર્ગ ખાલસા

૧૮૩૯ અંગ્રેજે કરાંચી લીધું; રણજીતસિંહનું મરણ; અંગ્રેજે ગિઝની લીધું; શાહાસુજાને ફરી બેસાડયો; ચીનના ચાર બંદરમાં વેપારની છુટ [ગયો

૧૮૪૦ દોસ્ત મહમદ શરણ થયો; નાગપુરનો આપાસાહેબ મરી

૧૮૪૧ કાબુલમાં દંગો; મેકનૅટન ને બર્ન્સને માર્યા

૧૮૪૨ શાહાસુજાને બલવાખોરોએ માર્યો; જલાલાબાદનો બચાવ; જંકોજીનું મરણ

૧૮૪૩ મીઆની ને હૈદ્રાબાદની લડાઇ ને સીંધના અમીરની હાર; સીંધ ખાલસા

૧૮૪૪ પનીઆનીની લડાઈ ને તારાબાઇને પેન્સન

૧૮૪૫ મુદકી ને ફીરોજશહેરની લડાઇ ને શીખની હાર; રોબર્ટ સેલનું મરણ; ધુલીપસિંહની દુવાઇ

૧૮૪૬ અલીવાલ ને સોબ્રોનની લડાઇ; અંગ્રેજને હાની પણ આખરે ફ્તેહ; લાહોરના કરાર

૧૮૪૮ રામનગર, કિનેરી, સદુસામની લડાઇ ને શીખની હાર; અર્લઓફ ડેલ હોસી

૧૮૪૯ ચીલીયનવાળામાં અંગ્રેજની હાર; ગુજરાતમાં ફતેહ; પંજાબ ને સતારા ખાલસા; લાલા મુલરાજને કેદ

૧૮૫૨ રંગુન ને પેગુઆગળ બ્રહ્મીની હાર; પેગુ ખાલસા

૧૮૫૩ નાગપુર ને ઝાંસી ખાલસા; તાર, રેલવે, પાઠશાળા સ્થપાયા; છેલ્લા બાજીરાવનું મરણ

૧૮૫૬ અયોધ્યા ને તંજોર ખાલસા; ઇરાન સાથે લડાઈ; બુશાયર જીત્યું (કંતાન જીત્યું

૧૮૫૭ સિપાઇઓનો મોટો બળવો; અંગ્રેજની કાનપુરમાં કતલ;

૧૮૫૮ મહારાણીનો ઢંઢેરો; ઇંગ્લાંડની ગાદીને હાથ કંપનીનું

રાજય ગયું, બળવો બેસાડ્યો

૧૮૫૯ તાત્યા ટોપીને ફાંસી; ઇન્કમટેક્ષ તથા લાઇસેન્સ ટેક્ષ; નોટોના નાણાં ચાલ્યા

૧૮૬૦ ડેલ હાઉસીનું મરણ; મેકોલેનો ફોજદારી કાયદો મંજુર

૧૮૬૧ દીવાની કાયદો મંજુર (મોગલવંશની સમાપ્તિ

૧૮૬૨ કેનીંગનું મરણ; મહમદ બહાદુરશાહનું રંગુનમાં મરણ;

૧૮૬૩ લોર્ડ એલ્જીન ને દોસ્ત મહમદના મરણ; રૂના સટ્ટા

૧૮૬૪ ભુતાન વિગ્રહ

૧૮૬૬ ઓઢીઆમાં દુકાળ

૧૮૬૭ આફ્રિકાના એબીસીનીઆ સાથે લડાઈ કરી તેમને હરાવ્યા

૧૮૬૮ બુંદેલખંડ ને ઉપલા હિંદમાં દુકાળ

૧૮૬૯ કાઠીઆવાડના વાઘેર લોકનુ બંડ; ડયુક ઓફ એડીનબરોની હિંદમાં મુલાકાત

૧૮૭૨ આન્ડામાન બેટમાં લોર્ડ મેયોની કતલ

૧૮૭૪ બંગાળામાં દુકાળ

૧૮૭૫ ગાયકવાડ મલ્હાવરાવને રેસીડન્ટ કર્નલ ફેરને ઝેરદેવાના તહોમતથી રાજભ્રષ્ટને મદ્રાસમાં કેદ; પ્રીન્સ ઓફ વેલ્સ હિંદમાં આવ્યો

૧૮૭૭ મહારાણીએ 'કૈસરે હિંદ' પદ ધારણ કર્યું

૧૮૭૯ લોરેન્સનું મરણ; ગંદામકની સલાહ ને અફગાન રાજ્યમાં રેસીડેંટ નીમાયો; યાકુબને કેદ; અફગાન વિગ્રહ

૧૮૮૦ લોર્ડ રીપન; લીટનનું રાજીનામું

૧૮૮૧ અફગાનો પર જય; બીજી અફગાન લડાઇનો અંત

૧૮૮૨ મલ્હાવરાવનું મરણ; ઇજીપ્તની લડાઈ ને આરબ પાદશાહ પકડાયો

૧૮૮૩ ડ્યુક ઑફ કૅનોટે હિંદમાં આવી મીરતના લશ્કરનું ઉપરીપણું લીધું; ઇલબર્ટ બીલ

૧૮૮૪ રીપન સાહેબ ભારે માનથી સ્વદેશ ગયા

૧૮૮૫ અફગાન અમીરને વરસાસન; ગુધ્ધ બ્રહ્મદેશ ખાલસા ને થીબાજીને કેદ

૧૮૮૬ જીઆજીરાવ સીંધીઆ ને તુકાજી હોલ્કરનું મરણ

૧૮૮૭ જ્યુબીલી ઓરછવ

૧૮૮૮ સીકીમ ને કાલા પર્વતપર સ્વારીઓ (હિંદમાં આવ્યો

૧૮૮૯ કાશ્મીરમાં કૌંસીલ નીમી; પ્રીન્સ આલબર્ટ વીકટર

૧૮૯૦ રૂશીઆના ઝારનો પાટવીપુત્ર નીકલસ હિંદમાં આવ્યો; સેન્સસ (પુરની ચઢાઇ

૧૮૯૧ રાહવાટનું બીલ પસાર; કારખાનાનો કાયદો; મણી-

૧૮૯૨ પ્રીન્સ ઑલ્બર્ટ વીકટરનું મરણ; પાર્લામેન્ટની ચુંટણી-માં મી૦ દાદાભાઇ નવરોજી ફીન્સબરી તરફથી ચુંટાયા

૧૮૯૩ દુલીપસિંહનું વિલાયતમાં મરણ; પોરબંદરને મુંબઇનું હિંદુ મુસલમાનનું હુલ્લડ

૧૮૯૪ લૅન્સડાઉન વિલાયત ગયા; વિલાયતી સુતરાઉ કાપડ સિવાયના માલપર પાંચટકા જકાતઃ એક્સચેન્જ કામ્પેન્સેશન; એલ્ગીન આવ્યા (અંગ્રેજોની કતલ

૧૮૯૫ જાપાને ચીનને હરાવી કોરીઆ લીધું; આર્મીનીઆમાં

૧૮૯૬ ઝાલાવારના રાણાને પદભ્રષ્ટ

સમાપ્ત